॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ

[ શ્રી૦ જૈન શ્વે૦ કૉન્ફરન્સનું માસિક-પત્ર ]

પુસ્તક ૨ | જેઠ
અંક ૧૦ | ૧૯૮૩

માનદ તંત્રી

મોહનલાલ દલીચંદ દેશાઈ

બી. એ. એલએલ. બી.

વકીલ હાઇકોર્ટ, મુંબઇ

# વિષયાનુક્રમ.


| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| ૧ વિવિધ નોંધ | ૪૬૧ |
| ૧ શ્રીયુત મોતીચંદ ગિ. કાપડીઆનો શ્રી કેશરીઆનાથના કહેતા ઝઘડા સંબંધે રીપોર્ટ. | |
| ૨ દિગમ્બર ભાઇઓ સાથેનો પત્રવ્યવહાર. | |
| ૩ શ્રી શત્રુંજય પ્રચાર સમિતિની બેઠક. | |
| ૪ જૈન લીટરેચર સોસાઇટી (લંડન). | |
| ૫ એક વિજ્ઞપ્તિ. | |
| ૬ માતરમાં કન્યાવિક્રય. | |
| ૭ સુકૃતભંડાર ફંડ. | |
| ૮ શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ. | |
| ૨ અધ્યાત્મ રસિક પંડિત દેવચંદ્રજી. | ૪૭૩ |
| ૩ તેજવિજયજી વિરચિત કેશરીયાજીનો રાસ. | ૪૮૧ |
| ૪ મોહપરાજય રૂપક નાટકનો સંક્ષિપ્ત સાર. | ૪૮૬ |
| ૫ અંગ્રેજ રાજ્યની સ્થાપનામાં જૈનોનો હિસ્સો. | ૪૮૯ |
| ૬ તંત્રીની નોંધ. | ૪૯૫ |
| ૧ મી. મુનશી કમિટી અને રા. મોતીચંદભાઇ | |
| ૨ 'જૈનધર્મ પ્રકાશ'ના અભિપ્રાયો. | |
| ૩ કેશરીઆજી પ્રકરણ, (૨) દિગંબરી ભાઇઓની મનોદશા. | |
| ૪ ન્યાયમૂર્તિ કૃષ્ણલાલભાઇ. | |


## જૈનયુગ


—જૈનધર્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, ઇતિહાસ, જીવનચરિત્ર ને સમાજપ્રગતિને લગતા વિષયો ચર્ચતું ઉત્તમ જૈન માસિક.

—વિદ્વાન્ મુનિ મહારાજશ્રી તથા અન્ય લેખકોની કસાયેલી કલમથી લખાયેલા ગદ્યપદ્ય લેખો તેમાં આવશે.

—શ્રીમતી જૈન શ્વે. કૉન્ફરન્સ (પરિષદ્) સંબંધીના વર્ત્તમાન-કાર્યવાહીનો અહેવાલ સાથેસાથે અપાશે.

તો દરેક સુજ્ઞ આ પત્રના ગ્રાહક બની પોતાના મિત્રોને પણ ગ્રાહકો બનાવશે અને સંઘસેવાના પરિષદ્‌ના કાર્યમાં પુષ્ટિ આપશે.

ચાલુ વર્ષથી વાર્ષિક લવાજમ ટપાલખર્ચ સહિત માત્ર રૂ. ત્રણ

લખો—જૈન શ્વે૦ કૉન્ફરન્સ ઑફીસ
૨૦ પાયધુની મુંબઇ નં. ૩.

આ માસિક બહોળા પ્રમાણમાં ફેલાવો પામવાની ખાત્રી રાખે છે તો જાહેરખબર આપનારાઓને માટે તે ઉપયોગી પત્ર છે; તો તેઓને ઉપરને સરનામે લખવા કે મળવા ભલામણ છે.

# જૈન યુગ.

卐

‘ તુંજ સત્ય અને તુંજ છે નિયમ
તુંજ છે શરણુ અને તુંજ છે નેતા
તુંજ છે સખા અને પ્રિયજન પણ તુંજ છે
સંતોષ્યું છે મારૂં હૃદય તેં
અને જીત્યો છે તેં મારા આત્માને
તુંજ છે મારા સુખનું ધામ,
અને તારામાંજ છે મારા સત્યની પૂર્ણાહુતિ. ”

—વિશ્વપ્રકાશ.

પુસ્તક ૨ | વીરાત્ ૨૪૫૩ વિ. સં. ૧૯૮૩ જ્યેષ્ઠ | અંક ૧૦.

## વિવિધ નોંધ.

( કૉન્ફરન્સ ઑફીસ–પરિષદ્ કાર્યાલય તરફથી )

### ૧. શ્રીયુત મોતીચંદ ગિ. કાપડીઆનો શ્રી કેશરીઆનાથના કહેવાતા ઝઘડા સંબંધે રીપોર્ટ

**કેસરીયાજીમાં ધજાદંડનો મહોત્સવ**
**દીગંબર જૈનોએ મચાવેલો શોર**
**તોફાનમાં ચાર દીગંબરો માર્યા ગયા**
**તપાસ કરીને મેળવેલી હકીકત**
**શ્વેતાંબરોનો તકસીરમાં ભાગ નથી**

વૈશાક સુદી પંચમીને રોજ કેશરીયાજી મહારાજના મંદિરમાં શ્વેતાંબરો તરફથી ધજાદંડ ચઢાવવાનો હતો. આ સંબંધમાં પૂર્વની કેટલીક હકીકત જાણવા જેવી છે. સંવત ૧૮૮૯ માં બાફના કુટુંબીઓએ અત્યાર પહેલાંનો ધજાદંડ ચઢાવ્યો હતો. એની અ-ક્ષ પાટલી અને લેખ મોજુદ છે. એની ક્રિયા કરાનાર ખરતર ગચ્છના આચાર્યનું નામ પણ તે પાટલી ઉપર છે. પાંચ વર્ષપર એ ધજાદંડને જીરણ થઇ ગયેલો જાણી નવો ચઢાવવા માટે શ્વેતાંબરોએ ગોઠવણ કરી. દીગંબરોએ ઝઘડો કર્યો, અને ઉદેપુર નરેશે તપાસ શરૂ કરી હતી.

શ્રી કેસરીયાજી તીર્થ ઉપર દેખરેખ ઉદેપુરનો શ્વેતાંબર સંઘ રાખે છે. ત્યાંથી ચૌદેક જૈનો કેસરીયાજી આવ્યા અને બીજા યાત્રાળુઓ મળી, કુલ ૭૫ જૈનો શ્વેતાંબરો ત્યાં થયા.

વૈશાક સુદી ત્રીજને રોજ સવારે અભિષેક કરવાનો હતો. ચાર કલાક તે ક્રિયા ચાલી. દીગંબરોએ આમંત્રણ કરી આઠસો ઉપર જૈનોને એકઠા કર્યા હતા. તેઓ આ આખી ક્રિયા જોઈ રહ્યા હતા. લગભગ બપોરના બાર વાગે આ ક્રિયા પુરી થઇ અને શ્વેતાંબરો જમવા માટે ધર્મશાળામાં ગયા. તે વખતે માત્ર બેજ શ્વેતાંબરો મંદિરમાં હાજર હતા. અને સોની પ્રતિમાજીઓને મુગુટ કુંડળ ચઢાવતા હતા,

નાના મોટા હોય તો બરાબર બેસાડતા હતા. લગભગ તેર પ્રતિમાજીને મુગટ ચઢી ગયા ત્યાં એક દીગંબરે ધમાધમ કરી, બૂમ બરાડા કર્યા, અને બે મુગટ ભાંગી ફેંકી દીધા. બીજા દીગંબરો ચારસો જેટલા બુમો પાડવા માંડયા અને ધમાલ મચી. સ્ટેટના પોલીસે બધાને એકદમ બહાર જવા હુકમ કર્યો અને પકડો પકડોની બૂમ પડી. દીગંબરો બીકમાં પડી ગયા અને દોડયા. દસ પગથીયાં છે તે લપસણાં છે, તે પર દોડતાં કેટલાંક પડી ગયાં. દરમિયાન, સામે દરવાજે એક દિગંબર મુનિ, જે ઉદેપુર વિદ્યાલયમાં ગૃહપતિનું કામ કરે છે તે બહાર નિકળવાના દરવાજા આડો ઉભો રહી, બૂમ પાડવા લાગ્યો અને કોઈ બહાર ન નીકળે તેમ ઉંચેથી કહેવા લાગ્યો, અને આડા હાથ કરી બહાર આવનારને રોકવા લાગી ગયો. બહાર પણ બૂમ પડી, અને બહારના લોકો અંદર આવવા લાગ્યા. આ ધમાલમાં કેટલાક પડી ગયાં, અને તેના શરીર પર પછવાડેવાળા પગ મુકી દોડયા. આ ધમાધમમાં ચાર દીગંબરીઓનાં શરીર રૂંધાઈ ગયા અને બીજાના ભારથી દબાઇ મરણ પામ્યાં. આ ધમાલમાં શ્વેતાંબરોનો બીલકુલ હાથ નથી. તેઓ હાજર પણ ન હોતા. અને હતા તે એટલી નાની સંખ્યામાં હતા કે એ લડાઇ કરી શકે તેવી સ્થિતિમાંજ નહોતા. કોઈ ઘાયલ થયું નથી. લોહીનું એક ટીપું પડયું નથી, હથિયાર કે લાકડી વપરાયા નથી, અને જે બનાવ બન્યો છે, તે ઘણો દીલગીરી ભરેલો પણ એને માટે જવાબદાર મોટી સંખ્યામાં રોળો મચાવનાર દીગંબર ભાઇઓજ છે.

સ્ટેટની પોલીસે તુરતજ શાંતિ પાથરી દીધી. મરનારની લાસપર તપાસ કરી. કોઇ જાતનો ઘા મળી આવ્યો નથી. કચરથી દબાઇને શ્વાસ રૂંધાવાથી મરણ થયાનો અભિપ્રાય આપ્યો છે.

પાંચમને દિવસે નીમેલ વખતે શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાળાએ ધ્વજાદંડ ચઢાવ્યો છે. એ ક્રિયામાં કોઇ જાતની અગવડ થઇ નથી.

ઉદેપુર સ્ટેટ તરફથી તપાસ કરવા કમીશન નીમાયું છે. તેની તપાસમાં પણ કોઇ શ્વેતાંબરને જવાબદાર ગણવામાં આવ્યો નથી.

કેસરીયાજી તીર્થનો વહીવટ ઉદેપુર સ્ટેટના હાથમાં છે. ત્યાં કોઇ પણ કાર્ય સ્ટેટની પરવાનગી સિવાય થઇ શકતું નથી. એ તીર્થ શ્વેતાંબરોનું છે. તેમાં કોઇ જાતની શંકાને સ્થાન નથી, મુગટ કુંડળ પણ સ્ટેટની પરવાનગીથીજ ચઢતા હતા. અને હમણાં આંગી લગભગ અઢી લાખની તૈયાર થઇ છે તેનો ખરચ પણ નામદાર ઉદેપુર મહારાણાએ આપ્યો છે. સ્થાન પર જઇ તપાસ કરતાં માલુમ પડે છે કે ઘાયલ થએલાંની મોટી સંખ્યા જણાવવામાં આવે છે તે ખોટી છે અને કોઈ પણ જાતનો તકરાર કે ફીસાદ દીગંબર અને શ્વેતાંબર જૈનો વચ્ચે થયો નથી. આ સંબંધમાં કોમ કોમ વચ્ચે ઝેર વધે તેવી ખબર ફેલાવવા પહેલાં પ્રત્યેક આગેવાન જૈનની ફરજ છે કે જાતે તપાસ કરી હકીકત જાહેરમાં મૂકવી. પાંચમને દિવસે બધી પ્રતિમાજીને મુગટ કુંડળ ચઢી ગયાં છે.

(સહી) **મોતીચંદ ગીરધર કાપડીયા.**

## શ્રી કેશરીઆજી તીર્થ પ્રકરણ

### ૨. દિગંબર ભાઇઓ સાથેનો પત્ર વ્યવહાર—

5th May 1927.

To, The Resident General Secretary,
Swet. Jain Conference.

Dear Sir,

I regret to inform you that the news of a very sad incident that took place at Kesharianath Temple in Udaipur State. The telegram runs as follows :—

"Digambaris seriously beaten by Lathis by the Hakem with his Swetamber followers causing death of 5 persons, 15 about to die, 150 seriously injured at the Dhwajadand and Mukut Kundal ceremony. Very serious struggle."

This is the approximate contents of the telegram received by my Committee yesterday night. You can see from the telegram how horrible the news are. I *will*

like to know what steps you intend taking in the matter. Awaiting an immediate reply.

Yours faithfully,

**Chunilal Hemchand.**

Hon. Secretary, All India Digamber Jain Tirtha K. Committee.

દિગંબર તીર્થક્ષેત્ર કમિટીના ઑ. સેક્રેટરી તરફથી તા. ૫-૫-૨૭ મળેલા ઉપરના પત્રનો સાર.

શ્રી કેશરીઆ નાથજીના મંદિરમાં ઘણી દિલગીરી ભરેલા બનાવની ખબર આપતાં દિલગીરી થાય છે. મળેલો તાર-" દિગંબરીઓને હાકેમે અને તેના શ્વેતાંબર અનુયાયીઓએ લાઠીઓથી ગંભીર રીતે માર્યા છે પાંચ માણસ મરણ પામ્યા, પંદર મરવાની અણીપર, અને દોઢસોને ધ્વજદંડ અને મુકુટ કુંડલની ક્રિયા વખતે સખત ઘાયલ કર્યા છે. ઘણી ગંભીર ઝપાઝપી.

ગઈ રાતે મ્હારી કમિટીને જે તાર મળ્યો છે તેમાં લગભગ આ હકીકત છે આ સમાચાર કેવા ભયંકર છે તે તાર ઉપરથી તમે જોઈ શકશો. આ બાબતમાં તમે શું પગલાં લેવાના છો તે હું જાણવા ઇચ્છીશ. તાત્કાલીક જવાબની રાહ જોતો, તમારો વિશ્વાસુ વિગેરે.

નોટઃ—આ પત્રની પહોંચ તા. ૬ ઠીએ સ્વીકારવામાં આવી. તથા આ બાબતપર સંપૂર્ણ ધ્યાન આપવામાં અને તપાસ કરવામાં આવે છે એમ જણાવવામાં આવ્યું.

Bombay, 6th May 1927.

To, The Resident Secretaries, Jain Swetamber Conference.

Dear Sirs,

We regret to inform you that the following sad news occured at Shri Keshrianath Temple.

"All Digambaries are badly beaten by the Hakem and all his Swetambari followers on Dhwajadand and Mukut Kundal ceremony *Five men died, 15 about to die, and nearly 150 are severely wounded by lathis. Heavy struggle.*"

Above is the text of the 1st telegram, 2nd telegram also confirms the same and further intimates that Swetambaris still aggressive and want to do the ceremony on 6th Instt.

You will note from this the grave situation and inhumane action of Swetambers and Maharana's men. Hope you will exert your influence to stop this immediately, and let us know what you intend doing in the matter and oblige.

Yours faithfully,

Sd/- **Chunilal Hemchand.**

દિગંબર તીર્થક્ષેત્ર કમિટી તરફથી મળેલા તા. ૬ ઠી મેના પત્રનો સારઃ—

શ્રી કેશરીઆ નાથજીના મંદિરમાં નીચે જણાવેલી દિલગીરી ભરેલી બીના છે. "બધા દિગંબરીઓને ધ્વજાદંડ અને કુંડલની ક્રીયા વખતે હાકેમે અને તેના બધા શ્વેતાંબરી અનુયાયીઓ ખરાબ રીતે માર્યા છે, પાંચ માણસ મરી ગયા, પંદર મરવાની તૈયારીમાં અને આશરે દોઢસોને લાઠીઓથી સખ્ત ઈજા થએલી છે. ભારે ઝપાઝપી."

પહેલો તાર ઉપર મુજબ છે, બીજો તાર તેને ટેકો આપે છે અને વધારામાં જણાવે છે કે શ્વેતાંબરીઓ હજુ કજીઓ ઉત્પાદન કરવાની વૃત્તિવાળા છે. અને ૬ ઠી એ ક્રીયા કરવા માંગે છે. શ્વેતાંબરીઓ અને મહારાણાના માણસના અમાનુષી કાર્ય અને ગંભીર પરિસ્થિતિની નોંધ લેશો. આ તુર્તજ બંધ કરવાને તમારી લાગવગ વાપરશો એવી આશા રાખું છું અને આ બાબતમાં શું કરવા માંગો છો તે અમને જણાવશો. તમારો વિશ્વાસુ ચુનીલાલ હેમચંદ.

7th May 1927.

To, Seth Chunilal Hemchand Esqr,
Honorary Secretary, All India DigamberTirtha Khestra Committee. Bombay

Dear Sir,

We beg to acknowledge receipt of your letter dated 6th instt. and to inform you

that we are trying our best to obtain information. In the meantime comments on one sided reports can only make the situation difficult. Yours faithfuly,.

Sd/- **Mohanlal B. Jhavery,**
Resident General Secretary.

દિગંબર તીર્થક્ષેત્ર કમિટીના સેક્રેટરી જોગ લખાએલા ઉપરના તા. ૭-૫-૨૭ ના પત્રની મતલબ:—

તા. ૬ ઠીનો પત્ર પહોંચ્યો. હકીકત મેળવવા અમારાથી બનતું કરીએ છીએ. દરમીઆન એક પક્ષી ખબરો પરની ટીકા પરિસ્થિતિને કેવલ મુશ્કેલ બનાવી શકે. તમારો વિશ્વાસુ રેસીડેન્ટ જનરલ સેક્રેટરી.

Seth Chunilal Hemchand , Esqr. Secretary Shree Digambar Tirth Kshetra Committee Bombay.

Dear Sir,

In continuation of our letter of yesterday's date we beg to inform you that we are just now in receipt of a telegram portion of which is given below for your information.

" Received Several Telegrams made inquiries Digambars assembled in very large number at Keshariaji for opposing Dhajadand, ceremony. Digambars created row with state police and in rushing back themselves crushed four no scuffle between Digambars and Swetambars. Swetambars present at Keshariaji not exceeding fifty enquiries going on published information deviously misleading."

You will see from the above the absolute necessiry of obtaining authoritative and correct report before making unwarranted comments.

શ્રી દિગંબર તીર્થક્ષેત્ર કમિટીના સેક્રેટરી જોગ તા. ૮-૫-૨૭ નો લખાએલ પત્ર.

ગઇ કાલની તારીખના અમારા પત્રના અનુસંધાનમાં તમને જણાવવા રજા લઇએ છીએ કે અમને હમણાંજ એક તાર મલ્યો છે જેનો (લગતો) ભાગ તમારી જાણ માટે નીચે આપવામાં આવ્યો છે.

"કેટલાક તાર મલ્યા. તપાસ કરી. ધ્વજદંડની ક્રીયા સામે થવા માટે કેશરીઆજીમાં મ્હોટી સંખ્યામાં દિગંબરીઓ એકઠા થયા હતા. રાજ્યની પોલીસ સાથે દિગંબરીઓએ ધાંધલ મચાવી. અને પાછા હઠતાં પોતેજ ચારને કચરી નાંખ્યા. દિગંબરો અને શ્વેતાંબરો વચ્ચે ઝઘડો થયો નથી. કેશરીઆજીમાં હાજર રહેલા શ્વેતાંબરો પચાસ કરતાં વધારે નહોતા. તપાસ ચાલુ છે. જાહેર થએલી હકીકત તદ્દન ખોટે રસ્તે દોરનારી છે."

અયોગ્ય ટીકા કરવા પહેલાં સત્તાવાર અને ખરો પોર્ટરી મેળવવાની સંપૂર્ણ આવશ્યકતા તમે આ ઉપરથી જોઈ શકશો.

Telegrams from Udaipur,

1

To, Kota Walla, Bombay.

Dhawajadand peacefully raised by my hands with great pleasure all well no quarrel etc. Punamchand.

2

Secretaries Jain Conference Bombay.

Received Dhwajadand ceremony duly performed by Swetambaris yesterday at Keshriaji letter follows Jain Association.

3

Jain Conference Pydhonie Bombay. Reached Udaipur to-day received several telegrams made inquiries digambers assembled in very big number at Keshariaji for opposing hwajadand ceremony. igambers created row with state police and in rushing back themselves crushed four; no scuffle between igambers and Swetambers. swetambers present at Keshariaji not exceeding fifty inquiries going on published information deviously (Sic-obviously) misleading etc. Motichand.

ઉદેપુરથી મળેલા તારના સંદેશાઃ—

૧

કોટાવાલા મુંબઇ—"ઘણીજ ખુશી સાથે મ્હારા હાથે શાંતિપૂર્વક ધ્વજાદંડ ચડાવવામાં આવ્યો છે. બધું સારૂં છે. ઝઘડો થયો નથી. પુનમચંદ.

૨

સેક્રેટરીઓ જૈન કૉન્ફરન્સ મુંબઈ (તાર) મળ્યો. શ્વેતાંબરીઓએ ધ્વજાદંડની ક્રીયા કેશરીઆજીમાં ગઇ કાલે બરાબર કરી છે. પત્ર પાછળ આવે છે. જૈન એસોસીએશન (ઑફ મેવાડ).

૩

જૈન કૉન્ફરન્સ, પાયધુની, મુંબઇ. આજે ઉદેપુર પહોંચ્યો. કેટલાક તારો મળ્યા. તપાસ કરી. ધ્વજાદંડની ક્રીયા સામે થવા માટે કેશરીઆજીમાં ઘણી મોટી સંખ્યામાં દિગંબરો એકઠા થયા હતા. રાજ્યની પોલીસ સાથે દિગંબરીઓએ ધાંધલ મચાવી. અને પાછા વેગે હઠવામાં ચારને પોતે કચરી નાંખ્યા. દિગંબરો અને શ્વેતાંબરો વચ્ચે ઝઘડો નથી. કેશરીઆજીમાં હાજર રહેલા શ્વેતાંબરો પચાશ કરતાં વધારે નહોતા. તપાસ ચાલે છે. પ્રકટ થએલી હકીકત ઘણી ખોટે રસ્તે દોરનારી છે. મોતીચંદ.

નોટઃ—રા. શેઠ પૂનમચંદ કોટાવાલા તરફથી મળેલી વિગતવાળો તાર દિગંબર તીર્થક્ષેત્ર કમિટીના સેક્રેટરીને તેમની જાણ માટે તા. ૮-૫-૨૭ ના રોજ પત્ર સાથે મોકલી આપવામાં આવ્યો હતો.

The Resident General Secretaries,
Jain Swetamber Conference.

Dear Sirs,

I am in receipt of both of your letters of 8th instt. We are not surprised to read the contents of the telegram received by you. It is absurd to say that Digambers crushed four while rushing back themselves No scuffle between Digambers and Swetambers. You might not be knowing that the officers viz: Magra Hakem and Devas Sthan Hakem both of them are Swetambers who gave the orders and took part in beating Digambers with Lathis cruelly. As if this was not sufficient to Swetambers your people on the 6th instt. went there with more troops, prevented Digambers from even entering the temple and perform the Dhwaja Ceremony. Even for humanity's sake the idea might have been dropped for some time looking to the accident the tension and feelings of their brothren. I wonder with what audacity you thought of forwarding the telegram mentioning your "peaceful raising the Dhwajadand with great pleasure" As if that apostles of 'Ahimsa' take pleasure in killing men and treading over the bloodfilled caracases. Is it not shameful to enjoy over one's grief and pains? Is it not adding insult to injury? It seems from the telegram that all your movements were prearranged and regularly organised. In spite of all this we regret very much your pretention of ignorance. All this can be easily proved from the records which are open for you even to see. We are soon going in a deputation to the scene: If your Community desire to ascertain truth you are welcome to accmpany us. I do not wish to write more on this gruesome subject but will say is this the reward that is given by our Swetamber brothren for the co-operation of Digambers in the Palitana movement and else where.

As a protest I am told by my Digamber Co m mbers, Mr. Tarachand Navalchand and others to resign from your Committee formed to protest against Mr. K. M. Munshi. Please accept the same.

We wonder to receive above letters without even a glimpse of sorrow or repentence and full of unfounded allegations. Hope better sense prevails to understand

LordMahavir's greatest principle of 'Ahimsa.'

Yours faithfully,

Sd/- **Chunilal Hemchand,**

Hon. Con. Secretary, All India

T. K. Committee.

દિગંબર તીર્થક્ષેત્ર કમિટી તરફથી તા. ૯-૫-૨૭ નો લખેલ પત્ર.

તા. ૮ મીના તમારા બન્ને પત્રો મલ્યા. તમને મળેલા તારમાં જણાવેલી વિગત વાંચતા અમને **આશ્ચર્ય થતો નથી.** વેગે પાછા હઠતાં દિગંબરોએ **પોતેજ** ચારને કચરી નાંખ્યા એમ કહેવું બેહુદું છે. દિગંબર અને શ્વેતાંબરો વચ્ચે ઝઘડો થયો નથી. તમે જાણતા નહિં હો કે મઘરા હાકેમ **અને** દેવસ્થાનનો હાકેમ બન્ને અમલદારો શ્વેતાંબરી છે કે જેણે હુકમો આપ્યા અને ઘાતકી રીતે દિગંબરોને મારવામાં ભાગ લીધો. જાણે કે શ્વેતાંબરીઓ માટે **આટલું પૂરતું ન હોય તેમ** તમારા લોકો તા. ૬ ઠીએ વધારે લશ્કર સાથે ત્યાં ગયા. દિગંબરોને દેહરાંમાં જતાં પણ અટકાવ્યા અને ધ્વજાની ક્રીયા કરી. પોતાના ભાઇઓની લાગણી, ખેંચતાણ, અને અકસ્માત તરફ જોતાં મનુષ્યત્વની ખાતર પણ વિચાર પડતો મૂકવો જોઇતો હતો. જાણેકે 'અહિંસા' ના સંદેશવાહકો માણસોને મારી નાંખવામાં **અને** લોહીથી ભરેલાં મુડદાંઓ કચરી નાંખવામાં મજા લેતા હોય **તેમ** 'ઘણી ખુશી સાથે ધ્વજાદંડ શાંતિપૂર્વક ચડાવ્યો' એમ જણાવતો તાર મ્હને આશ્ચર્ય થાય છે કે તમે અમને મોકલી આપવાનો વિચાર કઇ ધૃષ્ટતાથી કર્યો. કોઇના શોક અને દુઃખ ઉપર મોજ માણવી એ શું શરમ ભરેલું નથી ? પડતા ઉપર પાટુ મારવા જેવું શું તે નથી ? તારપરથી જણાય છે કે તમારી બધી હિલચાલ પ્રથમથીજ ગોઠવાયેલી અને નીયમીતરીતે વ્યવસ્થીત હતી. આ સઘળું છતાં અજ્ઞાનતાનો ડોળ ઘાલો **છો** તેથી અમને ઘણી દિલગીરી થાય છે. તમને પણ જોવા માટે ખુલ્લાં દફતર ઉપરથી આ બધું સહેલાઇથી પુરવાર થઈ શકે તેવું છે. બનાવની જગા ઉપર અમે તુર્તજ ડેપ્યુટેશનમાં જવાના છીએ; જો તમારી કોમ સત્યનો નિર્ણય કરવા ચાહતી હોય તો અમારી સાથે આવવા તમને આવકાર આપીએ છીએ. આ ઘૃણા ઉપજાવનાર વિષય ઉપર વિશેષ લખવા હું ચાહતો નથી પણ કહીશ કે પાલિતાણાની હિલચાલ અને અન્યત્ર દિગંબરોએ કરેલા સહકારનો શું આ બદલો શ્વેતાંબર ભાઇઓ આપે છે.

મ્હારા દિગંબર સહસભ્યો મી. તારાચંદ નવલચંદ અને બીજાઓ તરફથી મ્હને કહેવામાં આવ્યું છે કે વાંધા તરીકે મી. કે. એમ. મુન્શી સામે વિરોધ ઉઠાવવાને નીમવામાં આવેલી કમિટીમાંથી રાજીનામું આપવું. મહેરબાનીથી તે કબૂલ રાખશો.

જરા પણ દિલગીરી અગર પશ્ચાતાપ નહિ દર્શાવનારા અને પાયા વગરના આક્ષેપો વાળા ઉપરના કાગળો મળતાં અમને આશ્ચર્ય થાય છે. ભગવાન્ મહાવીરનું 'અહિંસા'નું ઉત્કૃષ્ટ તત્વ સમજવા સદ્બુદ્ધિ પ્રાપ્ત થાઓ એમ આશા રાખુ છું. તમારો વિશ્વાસુ, ચુનીલાલ હેમચંદ ઑનરરી સેક્રેટરી.

No 1886. *14th May 1227.*

To Seth Chunilal Hemchand Esq.

Hon. Secretary All India Digamber Tirtha-Kshetra Committee, Bombay.

Dear Sir,

By our letter of the 7th Inst. we informed you that we were trying our best to obtain information as regards what happened at Shri Keshariyanathji and requested you not to publish one-sided reports. By our two letters of the 8th Inst. we communicated to you the information which we had received. Your reply dated 9th Inst. received by us on 10th idem contains serious and scandalous allegations imputing that all our movements were prearranged and that we pretend ignorance. You further allege that all this can be easily proved from the records which are open for us to see. We do not understand what you mean by records. If you mean reports received by you we may at once point out that in view of the letter

dated 8-5-27 from Mr. Motichand. G. Kapadia, Solicitor, published in various papers, we cannot attach much weight to the report received by you. If by records, you mean other documents please send us copies of the same, or at least send us a list of such documents. We would take this opportunity of impressing upon you the necessity of carrying on correspondence in a dignified manner and to avoid insinuating language and personal remarks.

Without waiting for the information which we were collecting you were the first to resort to public press and you got published reports which are now found to be one-sided and inaccurate, with a view to prejudice the public against our Swetamber brothers and to avoid the real issue. Not being satisfied with the agitation carried on in press, you held public meeting on 8th May at Hira Bag and among other resolutions passed a resolution to the effect that the temple of Shri Keshariyanathji belonged to the Digambars and that Swetambers were encroaching upon the said temple. You give a go-bye to prior history. We also object to some of the other resolutions but we refrain from commenting on the same while deeply regretting at the incident which resulted in the sad deaths of our Digambar brothers. As the matter is likely to go to court we refrain from expressing any opinion as regards the said incident which we deplore. We fully join with you in sympathasing with the families of those who lost their lives.

If you had not carried on a propaganda in papers and had not made this occurence as the occasion for asserting certain claims which are disputed, we would have considered the question of joining the proposed deputation. We have always co-operated with the other sects of our Jain Community in all matters of common interest. We co-opted your representative on the committee appointed re Mr. Munshi's books, in the hope that the three sects of the Jains may always co-operate in all matters of common interest. We are surprised to note that Mr. Tarachand Navalchand has told you that he and other members who have joined the committee are going to resign. We may inform you that Digambar representatives were co-opted in the said committee at the request of Seth Tarachand Navalchand.

As regards palitana movement, we fully appreciate your co-operation and we trust the same will continue.

Yours faithfully,

Sd. **M. J. Mehta.**

Sd/- **Mohanlal B. Jhavery.**

Resident General Secretaries.

તા. ૧૪-૫-૨૭ ના રોજ ને ૧૮૮૬ નો દિગંબર તીર્થક્ષેત્ર કમિટીના સેક્રેટરી જોગ લખેલ પત્ર.

શ્રી કેશરીઆનાથજીમાં શું બન્યું તે સબંધે માહિતી મેળવવા માટે અમારાથી બનતો બધો પ્રયાસ કરીએ છીએ એવી ખબર તમને અમારા તા. ૭મી ના પત્રથી આપી અને એક પક્ષી હકીકત પ્રકટ ન કરવા વિનંતિ કરી હતી. અમારા તા. ૮ મીના બે પત્રોથી, જે હકીકત અમને મલી હતી તે તમને જણાવી હતી. તા. ૯ મીનો તમારો જવાબ કે જે અમને તા. ૧૦ મીએ મલ્યો તેમાં અમારી હિલચાલ પ્રથમથીજ ગોઠવેલી અને અમે અજ્ઞાનનો ડોળ ઘાલતા હોવાના ગંભીર અને નિંદ્ય આક્ષેપોનું આરોપણ કરવામાં આવ્યું છે. તમે વિશેષ એમ કહો છો કે જે દફતર અમને જોવા માટે ખુલ્લું છે તેમાંથી આ બધું સહેલાઇથી પુરવાર કરી શકાય તેમ છે. અમે નથી સમજતા કે દફતર (Records) નો તમે શો અર્થ કરો છો. તમને મળેલી ખબરો (Reports) એવો અર્થ કરતા હો તો તમારૂં ધ્યાન અમારે તુર્તજ ખેંચવું જોઇએ કે મી. મોતીચંદ ગિ. કાપડીઆનો તા. ૮-૫-૨૭ નો પત્ર કે જે જૂદા જૂદા પત્રોમાં

પ્રકટ થયો છે તે જોતાં તમને મળેલી હકીકતો (Report) પર અમે વધારે વજન આપી શકતા નથી. જો 'રેકોર્ડ' નો અર્થ તમે અન્ય દસ્તાવેજો એમ કરતા હો તો મેહરબાની કરી તેની નકલો અમને મોકલી આપો અથવા છેવટ તેની યાદી મોકલી આપશો. વ્યક્તિગત ટીકાઓ અને આક્ષેપાત્મક ભાષાથી દૂર રહેવા અને પ્રૌઢ શૈલીએ પત્રવ્યવહાર કરવાની આવશ્યક્તા આપનાપર ઠસાવવા અમે આ તક લઇએ છીએ.

જે હકીકતો અમે મેળવતા હતા તેની રાહ જોયા વિના જાહેર પત્રોનો આશ્રય લેવામાં તમે પહેલા હતા અને ખરા મુદ્દાને અલગ કરવા અને અમારા શ્વેતાંબર ભાઇઓની વિરૂદ્ધ જાહેર પ્રજામાં ખોટી અસર ઉત્પન્ન કરવાની દૃષ્ટિએ હકીકતો (reports) પ્રકટ કરાવી કે જે હવે એકપક્ષી અને ભૂલભરેલી નીવડી છે. જાહેરપત્રોમાં કરવામાં આવેલી ઉશ્કેરણીથી સંતોષ ન પામતાં, હીરાબાગમાં ૮ મી મેના રોજ તમે જાહેર સભા ભરી અને બીજા ઠરાવોમાં એવો ઠરાવ પસાર કર્યો કે શ્રી કેશરીઆનાથજીનું મંદિર દિગંબરીઓની માલેકીનું છે. અને શ્વેતાંબરો ઉક્ત મંદિરમાં પગપેસારો કરે છે. પૂર્વ ઇતિહાસને તમે પડતો મૂકો છો. અમે બીજા પણ કેટલાક ઠરાવો સામે વાંધો લઇએ છીએ પણ તે પર ટીકા કરવાથી અમે દૂર રહીએ છીએ. અને આપણા દિગંબર ભાઇઓનાં શોકજનક મૃત્યુ નિપજાવનાર બનાવ માટે અંતઃકરણપૂર્વક દિલગીર છીએ. આ કીસ્સો કોર્ટે ચડવાની વકી હોવાથી ઉક્ત બનાવ કે જે માટે અમે દિલગીર છીએ તેના ઉપર કોઇપણ જાતનો અભિપ્રાય દર્શાવવાથી અમે દૂર રહીએ છીએ. જેઓએ જીંદગી ગુમાવી છે તેઓના કુટુંબો પ્રત્યે દિલસોજી ધરાવવામાં અમે તમારી સાથે જોડાઇએ છીએ.

જાહેર પત્રોમાં જો તમોએ પ્રચારકાર્ય શરૂ કર્યું ન હોત અને જે દાવાઓ હજુ ઝઘડામાં છે તે તમારાજ છે એમ કહેવાની તક આ બનાવથી સાધી ન હોત તો દરખાસ્ત થએલાં ડેપ્યુટેશન સાથે જોડાવાના પ્રશ્નનો વિચાર કરત. સામાન્ય હિતની બધી બાબતોમાં જૈન કોમના બીજા ફીરકાઓ સાથે અમે હમેશાં સહકાર કર્યો છે. સામાન્ય હિતની બધી બાબતોમાં જૈનોના ત્રણે ફીરકાઓ સર્વદા સહકારથી કામ કરે એ આશાએ મી. મુન્શીનાં પુસ્તકો સંબંધેની કમિટીમાં તમારા પ્રતિનિધિઓને ઉમેરવામાં આવ્યા હતા. મી. તારાચંદ નવલચંદ અને અન્ય સભ્યો કે જેઓ કમિટીમાં જોડાયા છે તેઓ રાજીનામું આપનાર છે એમ તેમણે તમને કહેલું છે તેની નોંધ લેતાં અમને આશ્ચર્ય થાય છે.

અમે તમને જણાવીએ કે શેઠ તારાચંદ નવલચંદની માગણીથી ઉક્ત કમિટીમાં દિગંબર પ્રતિનિધિઓઓને ચુંટી કાઢવામાં આવ્યા હતા.

પાલિતાણાની હિલચાલ સંબંધે તમારા સહકારની અમે સંપૂર્ણ કદર બુજીએ છીએ અને અમને ભરોસો છે કે તેજ ચાલુ રહેશે. તમારા વિશ્વાસુ, રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

## ૩ શ્રી શત્રુંજય પ્રચાર સમિતિની બેઠક.

ગત ખાસ અધિવેશન વખતે નિમાએલ શ્રી શત્રુંજય પ્રચાર કાર્ય સમિતિની એક બેઠક મારવાડમાં **બગરી**–સજનપુર મુકામે–પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે સંવત ૧૯૮૩ ના વૈશાક શુદિ ૪ ગુરૂવાર તા. ૫–૫–૨૭ ના રોજ મળી હતી તે વખતે નીચેના સભાસદોએ હાજરી આપી હતી (૧) બાબુ કીર્તિપ્રસાદજી (સેક્રેટરી) (૨) રા. હિરાલાલ સુરાણા વકીલ (૩) રા. પારી મણીલાલ ખુશાલચંદ.

નીચે મુજબ કામકાજ કરવામાં આવ્યું.

સોજતમાં મળેલી બેઠકનું કામકાજ વાંચવામાં આવ્યું તેમાં નીચેની બાબતો ભુલથી લખવી રહી ગયેલ તે દાખલ કરવામાં આવી.

(૧) સમિતિનું નામ સુધારી "**શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ શ્રી શત્રુંજય પ્રચાર કાર્ય સમિતિ**" રાખવામાં આવ્યું.

(૨) શ્રી શત્રુંજય પ્રચાર કાર્યને અંગે જે ખર્ચ થાય તેજ દરેક સભ્યે સમિતિના ફંડમાંથી લેવું.

(૩) શ્રી શત્રુંજય પ્રચાર કાર્ય કરવાના વખતમાં કોઇ પણ સભ્યે કોઈ પણ જાતનું ફંડ કરવું નહિં.

(૪) કોઇ પણ સભ્યે કાયમને માટે ખાસ કલાર્ક અથવા નોકર રાખવો નહિ.

૧. જ્યાં સુધી શત્રુંજય યાત્રા ત્યાગ કાયમ રહે ત્યાં સૂધી તે તીર્થે જવાના દરેક રસ્તા ઉપર એક સ્વયંસેવક મંડળ બરોબર રહેવાની જરૂર છે ( જેવી રીતે હાલ છે ) કે જે દરેક જૈનને સમજાવે કે શ્રી સંઘની આજ્ઞાનુસાર કોઈ જૈને શ્રી શત્રુંજયની યાત્રાએ જવું નહિં, અને તે માટે તેની પૂરી દેખરેખ રાખવા તથા બંદોબસ્ત કરવા ભાઈ મણીલાલ ખુશાલચંદ ને નીમવામાં આવે છે. તેઓએ ત્યાંના બધા કામ-કાજનો વિગતવાર અહેવાલ સમિતિના મંત્રીને દર મહિને મોકલી આપવો.

૨. શ્રી શત્રુંજય તીર્થ સંબંધી કેટલીક બાબતો શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી સાથે નિર્ણય કરવાની છે તે માટે ભાઈ શ્રી મકનજી જુઠાભાઇ મહેતા તથા મણીલાલ કોઠારી અને સમિતિના બીજા બે સભ્યોએ મલીને પેઢીના પ્રમુખને મળી નિર્ણય કરવો એમ ઠરાવવામાં આવ્યું.

૩. શ્રી. શત્રુંજયની વિગતવાર ઇતિહાસીક હકીકતનું એક પુસ્તક તૈયાર કરી પ્રગટ કરવું.

૪. શ્રી શત્રુંજયની યાત્રા ત્યાગની જાણ ઘણે ભાગે હિંદુસ્તાનના બધા જૈનીઓને થઈ ગઈ છે અને તેનો અમલ પણ પૂરો થઈ રહ્યો છે એટલે સમિતિના સભ્યોને દરેક ગામે ગામ જવાની વિશેષ જરૂરત નથી પણ પોત પોતાના પ્રાંતોમાં કોઈ જલસા મેલાવડા અથવા ખાસ જરૂરી પ્રસંગે જઇને પ્રચાર કરવો અને કાગળ પત્ર પુસ્તકો વિગેરેથી દરેક ઠેકાણેના જૈનોને શ્રી શત્રુંજયના દરેક કામકાજની માહિતી આપવી અને જગ્યાએ જગ્યાએ સ્વયંસેવક મંડળો સ્થપાવવાં કે જે શ્રી શત્રુંજય તીર્થના કામ અંગે પણ જરૂર પડે સેવા કરે.

૫. ભાઈ કપૂરચંદ સૌભાગચંદ પાલણપૂર વાળા બીના પગારે સ્વયંસેવક તરીકે પારી મણીલાલ ખુશાલચંદના પેટામાં પ્રચાર કાર્ય કરવા ઇચ્છે છે તે મંજૂર કરવામાં આવે છે.

૬. શ્રી શત્રુંજય અંગે પ્રચાર કાર્ય કરવા માટે સમિતિના સભ્યોના પ્રાંતો નીચે મુજબ નક્કી કરવામાં આવ્યા.

(૧) પંજાબ, યુ. પી, બેંગાલ, બીહાર, ઓરીસા, સી. પી. બ્રહ્મદેશ અને દીલ્હીઃ–બાબુ કીર્તિપ્રસાદજી, બાબુ દયાલચંદજી, લાલા બાબુરામજી–એમ. એ. એલ. એલ. બી.

(૨) રાજપુતાના (મારવાડ–મેવાડ–માળવા વગેરે) સિંધ અને કરાંચીઃ–રા. વકીલ હીરાલાલજી સુરાણા.

(૩) દક્ષિણ, (ખાનદેશ, વરાડ, કર્ણાટક, આંધ્રદેશ અને મહારાષ્ટ્ર વગેરે):–રા. પોપટલાલ રામચંદ શાહ.

(૪) ગુજરાત, કચ્છ અને કાઠીયાવાડઃ–રા. મણીલાલ ખુશાલચંદ પારી.

(૫) જ્યાં જરૂર પડે અથવા કોઇ સભ્ય બોલાવે ત્યાંઃ–રા. શ્રીયુત મણીલાલજી કોઠારી.

## ૪ જૈન લીટરેચર સોસાઇટી (લંડન)

આ મંડળ તરફથી તેની કાર્યવાહીનો સને ૧૯૨૬ નો રિપોર્ટ સંસ્થાને મળતાં તેની સાભાર નોંધ લેવામાં આવે છે. ઉક્ત રિપોર્ટમાં છેવટે જણાવવામાં આવ્યું છે કે બેંકમાં રહેલી પુરાંતમાં **પ્રવચન સાર, સ્યાદ્વાદ મંજરી** અને **ષડ્દર્શન** પ્રકટ કરવા માટે અનુક્રમે પાંઉંડ, ૪૫, ૭૦, ૩૫ નો સમાવેશ થાય છે. આ ઉપરથી ઉક્ત મંડળના સેક્રેટરી મી. એચ. વૉરનને આ ઑફીસ તરફથી એક પત્ર તા. ૧૨–૪–૨૭ ના રોજ લખી પૂછવામાં આવ્યું હતું કે ઉક્ત પુસ્તકો ક્યારે તૈયાર થઇ પ્રસિદ્ધ કરવામાં આવશે. શ્રી શત્રુંજય સબંધી સાહિત્ય પણ મોકલવામાં આવ્યું હતું. આ પત્રના જવાબમાં તા. ૩–૫–૨૭ નો લખેલ પત્ર અમને મલ્યો છે. જેનો અનુવાદ નીચે પ્રમાણે.

વ્હાલા મી. મ્હેતા,

મ્હને લાગે છે કે આ ઓરડામાં તમને મળવાનો આનંદ મેળવે આશરે ચૌદ વર્ષ થયાં છે; સમય ઘણીજ ત્વરાએ ચાલ્યો જાય છે. તમારો તા. ૧૨ મી એપ્રીલનો પત્ર કે જે ગઇ કાલે આવ્યો તે તથા પવિત્ર ટેકરીઓ માટેની તકરારો સબંધી ચોપાનીઆં હવે મ્હને મળ્યાં છે. ઘણી દયાની વાત છે કે આ ઝઘડાઓ ઉભા થાય છે અને કાયદાની કો-

ટોંવાળા લોકો કે જેને હું બહારના ગણું છું તેનો આશ્રય મેલવ્યા સિવાય લાગતાવળગતાઓ તરફથી પતાવટ થતી નથી.

જૈન લીટરેચર સોસાઇટી સંબંધે લખવાનું કે પ્રવચનસારનું ભાષાન્તર થઇ ગયું છે અને એક ભાગ છાપખાનામાં છે મુશ્કેલી એ છે. કે શીતલપ્રસાદ બ્રહ્મચારીએ સુધારા માટે જે સુચનાઓ કરી છે તે ભાષાન્તર કર્તાને મોકલવી પડે છે કે જે અમેરીકા છે. અને ડૉ. થૉમસ કે જે આ બાબત જુએ છે તે એટલા વ્યવસાયી છે કે પોતાનો ઘણો સમય આ બાબતમાં આપી શકે નહિ.

બીજા બે ગ્રન્થોપર હાલ ધ્યાન આપી શકાતું નથી. કમનસીબે મંડળ, જો કંઈ પણ કરી શકતું હોય તો, ઘણુંજ ધીમે ધીમે પ્રવૃત્તિ કરે છે.

હું આશા રાખું છું કે તમે સારા અને સારી સ્થીતિમાં હશો. મ્હારી સ્નેહાર્દ્ર માનપૂર્વક શુભેચ્છાઓ સાથે હું છું. વિગેરે. એચ. વૉરન.

## ૫ એક વિજ્ઞપ્તિ.

આ સંસ્થા તરફથી જૈન સંસ્થાઓ, ગ્રેજ્યુએટો, જૈન ધંધાદારીઓ, સરકારી નોકરીઆતો, ખેતાબ યા પદવી ધરાવનારાઓ, કર્તાઓ (authors) પુસ્તકો પ્રકટ કરનારાઓ તથા તેવાં ખાતાંઓ, વર્તમાનપત્રો. અને છાપાં ખાતાઓના માલેકો યા વ્યવસ્થાપકો વગેરે સર્વ દેશીય માહિતી પૂરી પાડનારી એક સંપૂર્ણ જૈન ડીરેક્ટરી તૈયાર કરવા ઇરાદો રાખવામાં આવે છે અને તેથી તેવાં ખાતાંઓ તથા વ્યક્તિઓને વિનંતિ કરવામાં આવે છે કે પોતાનાં નામ ઠામ ઠેકાણાં તથા ઉપર જણાવેલ વર્ગ પૈકી કોઇ યા અન્ય પ્રવૃત્તિ સંબંધી સર્વ હકીકતો આ સંસ્થાને મોકલી આપવા ઘટતું કરવું. આવી ડીરેક્ટરીની ઘણી જરૂરીઆત હોઇ જો સર્વે બંધુઓ આ કાર્યમાં સહાનુભૂતિ આપી પોતાનો ફાળો આપશે તથા અપાવશે તો માર્ગદર્શક હકીકતો જૈન સમાજને પૂરી પડશે. આશા છે કે સૌ ભાઇઓ આ યોજનાને ઉત્સાહપૂર્વક ટેકો આપી હકીકતો પૂરી પાડવા પ્રયાસ કરશે.

વિશેષમાં આ માસિકમાં પ્રતિમાસ 'બીઝનેસ ડીરેક્ટરી'ની માફક સગવડ પડતા ન્હાના ખાનાંઓ પણ તેવી ટુંકી નોંધ આપનારાઓને માત્ર વાર્ષિક રૂા. ૬) છે જેવી ન્હાની રકમ લઈ આપવાની યોજના હાથ ધરવામાં આવી છે. બદલામાં માસિક દરમાસે મળતું રહેશે અને તેવા ધંધાદારીનું નામ, ઠામ, ધંધો ટેલીફોન નંબર વગેરે બહુજ ટુંકી હકીકત દરમાસે છપાતી રહેશે. આવી ટુંકી જાહેરખબરો દરેક ભાઈઓ તરફથી મલે એવી વિજ્ઞપ્તિ છે. આખા પાનામાં દરેક કૉલમમાં આઠ ખાનાં પાડવામાં આવશે. એટલે બે કૉલમમાં તેવા સોળ ખાનાંઓ થશે. દરેક ભાઇઓએ જરૂર લાભ લેવો અને આ માસિકને ટેકો આપવો.

## ૬ માતરમાં કન્યાવિક્રય.

શ્રી માતર ગામના રહીશ શા. મણીલાલ દલસુખ તથા માણેકલાલ દલસુખના નામથી તેમની વતી પૂજ્યશ્રી દાનમુનિજી મહારાજ કે, જે તેમના સંસારીપણાના પિતા થાય, તેમની સહીવાળી તા. ૧૯-૩-૨૭ ની લખેલી એક અરજી આ સંસ્થાને મલી હતી. જેમાં અમને જણાવવામાં આવ્યું હતું કે ઉપરોક્ત બન્ને ભાઇઓના કાકા અને મુનિશ્રીના ગૃહસ્થ ધર્મમાં ભાઇ નામે, ફુલચંદ ભાઇચંદ, કે જેની પાસે આ બન્ને ભાઇઓની બ્હેન નામે સરસ્વતી (ઉર્ફે સકરી) ને સારી રકમ લઈ એક વૃદ્ધની સાથે લગ્ન કરી દેવાની તજવીજમાં છે. અને આ લગ્ન અટકાવી કન્યાને યોગ્ય સ્થળે વગર પૈસે પરણાવવા ગોઠવણ કરવા માટે અરજ કરવામાં આવી હતી. આ હકીકત અમારા પાસે આવતાં ખેડા શેઠ બાલાભાઈ ભાઇલાલ તથા શ્રી માતરના સંઘને જણાવવામાં આવ્યું હતું કે આ બાબત હાથમાં લઇ તાત્કાલિક ઉપાયો યોજવા કે જેથી જણાવવામાં આવેલી હકીકતો ખરી હોય તો તે અટકે. જેના જવાબમાં અમને ખેડાથી જણાવવામાં આવ્યું હતું કે "ફુલચંદ ભાઇચંદની ભત્રીજી સકરીના સંબંધમાં લખ્યું તેના જવાબમાં લખવાનું કે હાલ દાન મુનિજી માતરમાં છે અને છોડીનો વેવીશાળ પંચના માણસોની રૂબરૂ કરાવ-

ગ્નું નકી થયું છે એટલે હાલ તે સબંધમાં કંઈ કરવા જેવું નથી. અને તેવું કોઇ કારણ બનશે તો અમો અમારાથી બનતી તજવીજ કરીશું.” આવી જાતનો કંઈ બંદોબસ્ત થયાનું શ્રી માતરના સંઘવતી શેઠ ખેમચંદ બેહચરભાઈ તરફથી પણ જણાવવામાં આવ્યું હતું. ત્યાર પછી તા. ૨-૫-૨૭ ના રોજ બપોરના ૧-૩૦ વાગતે અમને માતરથી શા. કેશવલાલ અનોપચંદનું એક કાર્ડ મળ્યું જેમાં જણાવવામાં આવ્યું હતું કે. આ છોકરીનાં લગ્ન સારી રકમ લઈ ૬૦ વર્ષની ઉમ્મરનાં એક વૃદ્ધ સાથે કરવા નક્કી થયું છે. આ ખબર મળતાં એક ખાસ કેસ તરીકે એ બાબત સંસ્થાએ હાથમાં લેવા ઉચિત ધાર્યું અને તે સંબંધે પ્રબંધ કરવા સંસ્થા તરફથી મી. અમૃતલાલ વાડીલાલ શાહને મોકલવા ગોઠવણ કરવામાં આવી હતી. આ લગ્ન સોજીત્રા પાસે કાહોર મુકામે થનાર હતું, ખબર અમને વૈશાક વદ, ૧ ના રોજ આપવામાં આવી લગ્ન વદિ ૩ના રોજ થનાર હોઇ. કન્યાના ભાઇઓ જે સુરત બોર્ડીંગ હાઉસમાં ભણવા રહેતા હતા તેમને તથા સોજીત્રે તાર કરવામાં આવ્યા હતા. અમારા ઉક્ત પ્રતિનિધિએ ત્યાં જઇ પ્રયત્ન કરી હકીકતો મેળવી હતી અને પરિણામે શ્રી દાન મુનિજીએ પોતા તથા કન્યાના ભાઇઓ વતી એક કાગળ લખી આપ્યો છે જેમાં જણાવવામાં આવે છે કે “આપની તરફનો કરેલો તાર મળ્યો છે. તથા ભાઇ શ્રી અમૃતલાલ વાડીલાલ અત્રે આવેલા છે. અમારી બેન સરસ્વતી (ઉર્ફે સકરી) નું વેવીશાળ અમારી તથા દાન મુનિ મહારાજની કે જે અમારા સંસારીપણાના પિતા થાય છે તેમની સંમતીથી તથા રાજીખુશીથી કર્યું છે. અમોએ પૈસો કંઈ લીધો નથી અમારા કાકાની પૈસો લેવાની મરજી હોવાને લીધેજ અમોએ તમોને અરજી કરેલી પણ હવે અમોએ અમારી રાજીખુશીથી આ વેવીશાળ કર્યું છે. માટે અમોને કંઈ વાંધો નથી. અમારી બેનની પણ સંમતી છે. હાલ એજ. લી. મણીલાલ દલસુખભાઇના ધટિત પ્રણાંમ વાંચશોજી.

સહી. દ. દાન મુનિજી તા. ૪-૫-૨૭.

નોટઃ—આવા કરૂણાજનક પ્રસંગો અટકે તેટલા માટેજ સંસ્થા તરફથી ઉપદેશકો ચારે તરફ ફરે છે અને ઉપદેશ આપી લોકમત કેળવે છે. આવું અમલી કાર્ય સંસ્થા કરી શકતી નથી. પરંતુ આ ખાસ કિસ્સા અંગેજ કાર્ય હાથમાં લેવા જરૂર પડી હતી. સંસ્થાના ઉપદેશક વાડીલાલ સાંકળચંદ કે જેઓ પ્રથમ આવેલી અરજી લખાયાના સમયે ઉક્ત સ્થળે હાજર હતા તેમણે પણ આ લગ્ન ન થવા માટે કાળજી પૂર્વક પ્રયાસ કર્યો હતો.

## ૭ સુકૃત ભંડાર ફંડ

ઉપદેશક પુંજાલાલ પ્રેમચંદ મારફત તા. ૨૮-૩-૨૭ થી ૨૬-૬-૨૭ સુધી.

પીલવાઇ ૧૫, વેડા ૪ા, સરદારપુર ૫૨ા. લાડોલ ૩૫ાાા. આગલોડ ૬૮), ખરોડ ૮), જંત્રાલ ૧૦, બામણવા ૨૫ાા, ગવાડા ૩૪), ઉબખલ ૬), સોખડા ૨ા દેવડા ૧), વડાસણ ૯), દગાવાડીયા, ૦ા, કામલપુર ૫ા. પામોલ ૨૧ા, ગેરીતા ૨૦ાા, કોળવડા ૧૪ા, કુકરવાડા ૧૭ાા, વીહાર ૬ા, પડુશમા ૧ાા, ચરાડા ૩), બીલોદરા ૮ા, ટીંગદેણ ૯ા, બોરૂ ૪૧ાા, ખરણા ૪), સમૌ ૪૪), ડાભલા ૨૭ાા, વસઇ ૦ા, પઢારીયા ૧૨ા, મેઉ ૩૭ા, ધામણવા ૫ાા, ઉદલપુર ૯), સાંગલપુર ૫), આબજ ૭ા, ધોળાસણ ૧૩), જગુદણ ૩ા, જુલાસણ ૧) કુલ રૂ. ૫૯૨ા

ઉપદેશક વાડીલાલ સાંકળચંદ મારફત તા. ૨૬-૩-૨૭ સુધી ગોધરા ૧૯૭ા, વેજલપુર ૬૫), લુણાવાડા ૬૯), વીરપુર ૧૬), ખેડા ૫૧, અંગાડી ૧૪ા, મોરૈયા ૩), ગીરમથા ૯ા, બાયડ ૭ા, વાડાસીનોર ૪૫), ચલાલી ૧૨), કડાછલ ૧૪ા, કંબોયા ૨), સાઠંબા, ૧૫ા ઝુકાલા, ૩) અડાલજ ૯ાા જમીયતપુર ૪), કુલ રૂા. ૫૩૮)

ઉપદેશક કરશનદાસ વનમાળીદાસ મારફત તા. ૨૭-૪-૨૭ થી ૨૬-૬-૨૭ સુધી.

એના ૭), પુણી ૨૩), અંજેરી ૭), વડોલ, ૫), સરભણ ૧૩), મહુવા ૯), કરસલીય, ૩૮ાા સાતમ ૨૨ા, સરપર ૯), ગણદેવા ૬), ટાંકેલ ૨૨), નોગામ ૧૬) ખરોલી, ૫) અનાવલ ૮) વાંસદા, ૩૩) વાજણા, ૫), દેગામ ૬), પીપલવેરા ૫), ઉનાઇ ૪), ઈચ્છા-

૫૨ ૧૬), કોલવાના ૧૬). મુનસાર ૧૦), જલાલ-મોર ૨૪), કરાડી ૮), આટ ૨૦), સીસોદરા ૩૨), ખડ (સુપા) ૧૧), કછોલી ૧૧), ધમડાશા ૧૦), મોતા ૧૫), મઢી ૧૧, માંડવી ૩૧), કડોદ ૪૮), કુલ રૂા. ૫૦૭૧

## ૮ શ્રી જૈન શ્વેતાંબર એજયુકેશન બોર્ડ. ૧૯ મી ધાર્મીક હરીફાઈની ઇનામી પરીક્ષા.

( વીરચંદ પાનાચંદ શાહ. )

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ધાર્મીક હરીફાઇની ઇનામી પરીક્ષા આ વરસે માગશર વદી ૭ તા. ૨૭ મી ડીસેમ્બર ૧૯૨૬ ના રોજે સંસ્થાએ રજીસ્ટર કરેલા ૩૩ સેન્ટરોમાં લેવામાં આવી હતી.

### સેન્ટરોના નામ.

મુંબઈ, અમદાવાદ, ભાવનગર, સુરત, પાલણપુર, જુનાગઢ, રતલામ, બીકાનેર, પાદરા, વાંડલ, સમૌ, મેસાણા, ખંભાત, કરાંચી, પાલીતાણા, બોટાદ, બોરસદ, મહુવાબંદર, મહુધા, શીહોર, ગોધરા, ધીણોજ, સમી મણુંદ ઝીંઝુવાડા, વઢવાણ કેમ્પ, નરોડા પાટણ, લીંચ, વડાવલી, લણુવા, માણુસા, ભરૂચ.

### પુરૂષ વિભાગ.

| પરીક્ષાનું પરિણામ. | બેઠા. | પાસ. | ઈનામ. રૂ. |
|---|---|---|---|
| બાલ ધોરણ ૧ લું | ૨૩૩ | ૨૧૬ | ૧૭૯ |
| બાલ ધોરણ ૨ જું | ૧૧૪ | ૧૦૫ | ૬૧ |
| પુરૂષ ધોરણ ૧ લું | ૧૭ | ૯ | ૨૫ |
| પુરૂષ ધોરણ ૨ જું અ | ૧૭ | ૧૫ | ૫૩ |
| પુરૂષ ધોરણ ૨ જું બ | ૩ | ૩ | ૪૫ |
| પુરૂષ ધોરણ ૩ જું | ૩ | ૧ | ૦ |
| પુરૂષ ધોરણ ૪ થું | ૪ | ૪ | ૬૧ |
| પુરૂષ ધોરણ ૫ મું | ૨ | ૨ | ૨૦ |
| ,, ,, વિ. ૧ લો | ૦ | ૦ | ૦ |
| ,, ,, વિ. ૪ થો | ૧ | ૧ | ૨૦ |
| ,, ,, વિ. ૭ મો | ૧ | ૧ | ૨૦ |
| ,, ,, વિ. ૫ મો | ૧ | ૦ | ૦ |

પુરૂષ વિભાગમાં કુલ્લે ૩૯૬ વિદ્યાર્થી બેઠા ૩૫૭ પાસ થયા અને ઇનામના રૂપીયા ૪૮૪ અંકે ચારસો ચોરાશી.

### સ્ત્રી વિભાગ.

| | બેઠા. | પાસ. | ઇનામ. રૂા. |
|---|---|---|---|
| કન્યા ધોરણ ૧ લું | ૧૬૧ | ૧૪૨ | ૮૮ |
| કન્યા ધોરણ ૨ જું | ૧૯ | ૧૮ | ૩૬ |
| સ્ત્રી ધોરણ ૧ લું | ૫૮ | ૫૦ | ૯૮ |
| સ્ત્રી ધોરણ ૨ જું | ૫ | ૫ | ૪૫ |
| સ્ત્રી ધોરણ ૩ જું | ૭ | ૭ | ૫૩ |
| સ્ત્રી ધોરણ ૪ થું | ૧ | ૧ | ૨૫ |
| સ્ત્રી ધોરણ ૫ મું વિ. અ | ૨ | ૩ | ૨૧ |
| સ્ત્રી ધોરણ ૫ મું ઙ | ૧ | ૧ | ૦ |

સ્ત્રી વિભાગમાં ૨૮૫ બેઠી ૨૨૭ પાસ થઈ અને ઇનામ રૂપીયા ૩૬૬ અંકે ત્રણસો છાસઠ કુલ વિદ્યાર્થી ૬૮૧ બેઠા ૫૮૪ પાસ અને ઇનામ રૂપીયા ૮૫૦ અંકે આઠશો પચ્ચાશ.

નોંધ—દર વરસ કરતાં આ વરસે પરીક્ષાના સેન્ટરોમાં તેમજ વિદ્યાર્થીઓમાં સારો વધારો થયો છે. છતાં તે જોઇએ તેવો કહી શકાય નહીં, આપણી ચાલતી દરેક પાઠશાળાઓમાં બોર્ડનો “ અભ્યાસ ક્રમ ” દાખલ થવાની જરૂર છે અને જ્યાં જ્યાં પાઠશાળાઓ ચાલતી હોય ત્યાં ત્યાં પરીક્ષાના સેન્ટરો ખુલવા જોઇએ. દરેક ગામ અને શહેરોના આગેવાનો તથા પાઠશાળાઓ બોર્ડીંગો અને વિદ્યાલયોના કાર્યકર્તાઓ આને માટે યોગ્ય કરશે તેવી વિનંતિ છે.

**અભ્યાસક્રમ—**

પરીક્ષાના ચાલૂ અભ્યાસક્રમમાં યોગ્ય ફેરફાર તથા વધારો ઘટાડો કરવા બોર્ડની મેનેજીંગ કમીટીની તા. ૨૫-૪-૨૭ ની મીટીંગે એક કમીટી નીમી હતી. આ કમીટીએ આવેલ અભિપ્રાયો તથા જૂદી જૂદી સીરીઝો વિગેરે તપાસી એક “રીપોર્ટ” તૈયાર કર્યો છે જે થોડા વખતમાં બહાર મુકવામાં આવશે. આથી હાલમાં જે મુશ્કેલીઓ વિદ્યાર્થીઓને પુસ્તકો ઇત્યાદિમાં પડે છે તે દૂર થશે.

સ્કોલરશીપ—

બોર્ડ તરફથી દર વરસે વિદ્યાર્થીઓને તેમજ પાઠશાળાઓને માસિક મદદ આપવામાં આવે છે. આને માટે જૈનયુગ જૈન અને વીરશાસન વિગેરે પત્રોમાં જાહેર ખબર આપવામાં આવી હતી. આ અરજીઓ લેવાની છેલ્લી તારીખ ૩૦ મી જુનની રાખવામાં આવી છે એટલે તે તારીખ સુધીમાં અરજી કરવી. અરજીનું ફોર્મ સંસ્થા ઉપર લખવાથી મોકલવામાં આવે છે. આ સ્કોલરશીપને પહોચી વળવા માટે બોર્ડ પાસે જોઇએ તેવું "ભંડોળ" નથી એટલે કેટલીક વખત લાચારીથી હમારે ના પાડવી પડે છે. અથવા ઘણી જુજ રકમ પાસ કરવી પડે છે. જો સખી ગૃહસ્થો આ બાબત ધ્યાનમાં લઇ બોર્ડને મદદ આપે તો આપણી પાઠશાળાઓને તથા વિદ્યાર્થીઓને સારી મદદ કરી શકાય. બોર્ડના ખર્ચનો આધાર તેના સભાસદોના લવાજમ ઉપર તથા શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના સુકૃત ભંડાર ફંડ ઉપર છે કે જે ફંડમાંથી અડધી રકમ બોર્ડને મલે છે. દરેક બંધુઓને આ સંસ્થાના સભાસદ થવા વિનંતિ છે.

---

# અધ્યાત્મરસિક પંડિત દેવચંદ્રજી.

ગતાંક પૃ. ૪૩૭ થી ચાલુ.

**આગમ-જિનધર્મ-ક્રિયા-રૂચિઃ—**

૩૮. પોતાને વર્ત્તમાન આગમ, અને જિનધર્મ પર અનન્ય પ્રતીતિ હતીઃ—અને સામાચારી ખરતરગચ્છની રાખતા હતાઃ—

વર્ત્તમાનકાલ સ્થિત આગમ સકલ વિત્ત,
જગમેં પ્રધાન જ્ઞાનવાન સબ કહે હૈ,
જિનવર ધર્મપરિ જાકી પરતીતિ સ્થિર,
ઔર મત વાત ચિત્તમાંહિ નાહિ ગહે હૈ,
જિનદત્ત સૂરિવર કહી જો ક્રિયા પ્રવર,
ખરતર ખરતર શુદ્ધ રીતિ વહે હૈ,
પુણ્યકે પ્રધાન ધ્યાન સાગર સુમતિહી કે,
સાધુરંગ સાધુરંગ રાજસાર વહે હૈ

**તેઓ સમ્યગ્દષ્ટિ શ્રુતધર્મપ્રેમી હતા.**

૩૯. 'મન મહિલાનું વ્હાલા ઉપરે બીજાં કામ કરંતરે,
તેમ શ્રુતધર્મેં મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત રે,
—યશોવિજયજી આઠ દૃષ્ટિ સઝાય.

—'ઘર સંબંધી બીજાં સમસ્ત કાર્ય કરતાં છતાં પણ જેમ પતિવ્રતા (મહીલા શબ્દનો અર્થ) સ્ત્રીનું મન પોતાના પ્રિય એવા ભર્ત્તારને વિષે લીન છે, તેમ સમ્યગ્દષ્ટિ એવા જીવનું ચિત્ત સંસારમાં રહી સમસ્ત કાર્ય પ્રસંગે વર્ત્તવું પડતાં છતાં જ્ઞાની સંબંધી શ્રવણ કર્યો છે એવો જે ઉપદેશધર્મ તેને વિષે લીનપણે વર્ત્તે છે.

—'વિક્ષેપ રહિત એવું જેનું વિચારજ્ઞાન થયું છે, એવો આત્મકલ્યાણની ઇચ્છાવાળો પુરૂષ (જ્ઞાનાક્ષેપકવંત) હોય તે, જ્ઞાની મુખેથી શ્રવણ થયો છે એવો જે આત્મકલ્યારૂપ ધર્મ તેને વિષે નિશ્ચળ પરિણામે મનને ધારણ કરે.

'અથવા—તે પુરૂષથી પ્રાપ્ત થયેલી એવી આત્મપદ્ધતિસૂચક ભાષા તેમાં આક્ષેપક થયું છે વિચારજ્ઞાન જેનું એવો પુરૂષ (જ્ઞાનાક્ષેપકવંત), તે આત્મકલ્યાણનો અર્થ તે પુરૂષ જાણી, તે શ્રુત (શ્રવણ) ધર્મમાં મન (આત્મા) ધારણ—તે રૂપે પરિણામ—કરે છે. તે પરિણામ કેવું કરવા યોગ્ય છે? તે દૃષ્ટાંત—મન મહિલાનું વહાલા ઉપરે, બીજાં કામ કરંતરે—આપી સમર્થન કર્યું છે. ઘટે છે તો એમ કે પુરૂષપ્રત્યે સ્ત્રીનો જે કામ્ય પ્રેમ તે સંસારના બીજા ભાવોની અપેક્ષાએ શિરોમણિ છે, તથાપિ તે પ્રેમથી અનંતગુણવિશિષ્ટ એવો પ્રેમ સત્પુરૂષ પ્રત્યેથી પ્રાપ્ત થયો જે આત્મારૂપ શ્રુતધર્મ તેને વિષે યોગ્ય છે." આનું નામ સમ્યગ્દષ્ટિ.

૪૦. સમ્યકત્વપર એક સુંદર સ્વાધ્યાય પોતે રચી છે તેમાં દેવચંદ્રજીએ સ્પષ્ટ જણાવ્યું છે કે સમ્યગ્દર્શન વગરની સર્વ ક્રિયાઓ ભવભ્રમણરૂપ છે.

સમકિત નવિ લહ્યું રે, એતો રૂલ્યો ચતુર્ગતિ માંહિ.
ત્રસ થાવરકી કરૂણા કીની, જીવ ન એક વિરાધ્યો
તીન કાળ સામાયિક કરતાં, શુદ્ધ ઉપયોગ ન સાધ્યો-સમકિત૦
જૂઠ બોલવાકો વ્રત લીનો, ચોરીકો પણ ત્યાગી,
વ્યવહારાદિક મહાનિપુણ ભયો, પણ અંતરદૃષ્ટિ ન જાગી-સમતિક૦
ઊર્ધ્વ બાહુ કરી ઉંધો લટકે, ભસ્મ લગા ધુમ ઘટકે,
જટા જૂઠ શિર મુંડે જૂઠો, વિણુ શ્રદ્ધા ભવ ભટકે-સમકિત૦
નિજ પરનારી ત્યાગજ કરકે, બ્રહ્મચારી વ્રત લીનો,
સ્વર્ગાદિક યાકો ફળ પામી, નિજ કારજ નવિ સીધ્યો-સમકિત.
બાહ્ય ક્રિયા સબ ત્યાગ પરિગ્રહ, દ્રવ્યલિંગ ધર લીનો,
દેવચંદ્ર કહે યાવિધ તો હમ, બહુતવાર કર લીનો-સમકિત૦
૨-૧૦૩૧

## તત્કાલીન સ્થિતિ

૪૧. આ છતાં ગચ્છનું મમત્વ પોતાને હતું નહિ. પોતાના કાળમાં ગચ્છ ઘણા વધી પડયા હતા એથી આનંદઘનજીને જેમ કહેવું પડયું હતું કે:—

(૧) "ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં
તત્ત્વની વાત કરતાં ન લાજે,
ઉદરભરણાદિ નિજ કાર્ય કરતા થકા,
મોહ નડીયા કલિકાલ રાજે
ધાર૦—અનંતનાથ સ્ત૦

(૨) "ધરમ ધરમ કરતો જગ સહુ ફરે,
ધર્મનો જાણે ન મર્મ
જિનેશ્વર૦-ધર્મજિન સ્ત૦

(૩) "શ્રુત અનુસાર વિચારી બોલું,
સુગુરૂ તથાવિધિ ન મિલે રે,
કિરિયા કરી નવિ સાધી શકીયે,
એ વિષવાદ ચિત્ત સઘળે રે
ષડ્-નમિનાથ સ્ત૦

૪૨. તેમજ દેવચંદ્રજીને ઉચ્ચારવું પડયું હતું કે:-

(૧) 'દ્રવ્યક્રિયારૂચિ જીવડા રે, ભાવધર્મરૂચિ હીન,
ઉપદેશક પણ તેહવારે, શું કરે જીવ નવીન-ચંદ્રાનન જિન.
તત્ત્વાગમ જાણુંગ તજી રે, બહુજનસંમત જેહ,
મૂઢ હઠી જન આદર્યા રે, સુગુરૂ કહાવે તેહ રે-ચં૦
આણા સાધ્યવિના ક્રિયા રે, લોકે માન્યોરે ધર્મ,
દંસણ નાણ ચરિત્તનો રે, મૂલ ન જાણ્યો મર્મરે—ચં૦
ગચ્છ કદાગ્રહ સાચવે રે, માને ધર્મ પ્રસિદ્ધ,
આતમગુણ અકષાયતા રે, ધર્મ ન જાણે શુદ્ધ રે—ચં૦
તત્ત્વરસિક જન થોડલા રે, બહુલો જન સંવાદ,
જાણો છો જિનરાજજી રે, સઘલો એહ વિવાદરે—ચં૦
ચંદ્રાનનજિન સ્ત૦ ભા. ૨. પૃ. ૭૯૮

(૨) નામ-જૈન જન બહુત છે, તિણુથી સિદ્ધ ન કાંય,
સમ્યગ્યજ્ઞાની શુદ્ધ મતિ, ભવજૈન શિવરાય.
ભા ૧ લો પૃ. ૫૭૭

(૩) 'આજ કેટલાક' જ્ઞાનહીન ક્રિયાનો આડંબર દેખાડે છે તે ઠગ છે, તેહના સંગ કરવા નહી. એ બાહ્ય કરણી અભવ્ય જીવને પણ આવે માટે એ બાહ્ય કરણી ઉપર રાચવું નહી અને આત્માનું સ્વરૂપ ઓળખ્યા વિના સામાયક પ્રડિકમણાં પચ્ચખાણ કરવાં તે દ્રવ્ય નિક્ષેપામાં પુણ્યાસ્રવ છે પણ સંવર નથી.'

'જે ક્રિયાલોપી આચારહીન અને જ્ઞાનહીન છે, માત્ર ગચ્છની લાજે સિદ્ધાન્ત ભણે વાંચે છે, વ્રત પચ્ચખાણ કરે છે તે પણ દ્રવ્ય નિક્ષેપો જાણવો.

'જેને છકાયની દયા નથી, ઘોડાની પેરે ઉન્મત્ત છે, હાથીને પેડે નિરંકુશ છે, **પોતાના શરીરને ધોવતાં મસલતા ઉજલે કપડે શિણગાર કરી ગચ્છના મમત્વભાવે** માચતા સ્વેચ્છાચારી વીતરાગની આજ્ઞા ભાંજતા જે તપ ક્રિયા કરે છે તે પણ દ્રવ્યનિક્ષેપમાં છે.

'અથવા જ્યોતિષ વૈદ્યક કરે છે અને પોતાને આચાર્ય ઉપાધ્યાય કહેવરાવીને લોક પાસે મહિમા કરે છે (કરાવે છે) તે પત્રીબંધ ખોટા રૂપૈયા જેવા છે. ઘણા ભવ ભમશે માટે અવંદનીક છે.

'કેટલાક એમ કહે છે જે અમે સૂત્ર ઉપર અર્થ કરિયે છૈયે તો નિર્યુક્તિ તથા ટીકા પ્રમુખનું શું કામ છે તે પણ મૃષાવાદ છે.

—૩૦ વર્ષનીવયે લખેલ આગમસારમાંથી (૧-પૃ. ૨૩ થી ૨૫)

૪૩ શ્રીમદ્ યશોવિજયજીએ પોતાના સમયની સ્થિતિ પોતાના સીમંધર સ્વામીપરના ૩૫૦ ગાથાના સ્તવનમાં આબેહુબ આલેખી છે, તેમજ અન્ય કૃતિઓમાં પણ તેનું પ્રતિબિંબ પાડયું છે તે વિચારી ઘણું ઘણું સમજવાનું રહે છે, પણ તે અહીં વિસ્તારભયથી સમજાવવાનું કાર્ય હું વ્હોરી લઇ શકતો નથી.

૪૪. જિનરાજસૂરિ કે જે સં. ૧૬૯૯ માં સ્વર્ગસ્થ થયા તેમણે પણ ચંદ્રાનન જિનસ્તવનમાં નીચે પ્રમાણે જણાવ્યું છે:—

'સામાચારી જૂજુઇરે, આવે મન સંદેહ
શી શી ચાકરી સાધુરે, સબળ વિમાસણ એહરે
ચંદ્રાનન જિન ! કીજે કવણ પ્રકારરે
ઈણ દુઃષમ આરે, મેં લાધ્યો અવતારરે—
આગમ બળ તેહવો નહીરે, સંશય પડે સદીવ,
સૂધી સમજ ન કો પડેરે, ભારીકરમી જીવરે—
દૃષ્ટિરાગ-રાતા અછેરે, કેહને પૂછુંરે જાઇ,
આપણપો થાપે સહુરે; તિણ મોં મન ડોલાયરે—

૪૫. વિજયદેવસૂરિના શિષ્ય સંતોષવિજય સીમંધર સ્વામીના સ્તવનમાં જણાવે છે કેઃ—

ગાડરીઓ પરિવાર મિલ્યો રે, ઘણા કરે તે ખાસ,
પરીક્ષાવંત થોડા હુઆરે, શ્રદ્ધાનો વિસવાસ રે-સ્વામી૦
ધરમીની હાંસી કરે રે, પક્ષ વિહૂણો સિદાય,
લોભ ઘણો જગે વ્યાપીયોરે, તેણે સાચો નવિ થાયરે-સ્વામી
સામાચારી જુજુઈ રે, સહૂ કહે માહરો ધર્મ,
ખોટો ખરો કેમ જાણીયે રે, તે કુણ ભાંજે ભરમરે-સ્વામી.

-શ્રી ચૈત્યવંદન સ્તુતિ સ્તવનાદિસંગ્રહ. ૩—૪૨૮.

૪૬. આથી પોતાના હૃદયના ઉદ્‌ગાર દેવચંદ્રજી કાઢે છે કેઃ—

ભાવ ચરણ સ્થાનક ફરસ્યા વિના ન હુવે સંયમધર્મ,
તે સ્થાને જૂઠ તે ઉચ્ચરે, જે જાણે પ્રવચનમર્મ-સુગુણનર.
યશ લાભે નિજ સમ્મત થાપતા, ૧૭**પરજનરંજન** કાજ,
જ્ઞાનક્રિયા દ્રવ્યત વિધિ સાચવે, તેહ નહિ મુનિરાજ-સગુણ૦
બાહ્યદયા એકાંતે ઉપદિશે, શ્રુત આમ્નાય વિહીણ,
બગ પેરે ઠગતા મૂરખ લોકને, બહુ ભમસે તેહ દીન-સગુણ૦

૧૭–સરખાવો યશોવિજયજી

લોકપંતિ કિરિયાં કરેરે, મન મેલે અન્નાણ રે
ભવઇચ્છનારા જોરથી રે, વિણ શિવ સુખ વિન્નાણ
રે-પ્રભુ તુજ વાણી મીઠડી
કામ કુંભ સમ ધર્મનું રે, મૂલ કરી એમ તુચ્છ રે,
**જનરંજન** કેવલ લહે રે, ન લહે શિવતરૂ ગુચ્છ
રે-પ્રભુ૦

× × × —૩૫૦ ગાથાનું સીમંધર સ્ત૦ ઢાલ ૧૦

કામકુંભાદિક અધિકનું, ધર્મનું કો નવિ મૂલ રે,
દોકડે કુગુરૂ તે દાખવે, શું થયું એહ જગશૂલ રે-૫
વિષયરસમાં ગૃહી માચિયા નાચિયા કુગુરૂ મદપૂર રે,
ધૂમધામે ધમાધમ ચલી જ્ઞાનમારગ રહ્યો દૂર રે-૭

(૧૨૫ ગાથાનું સીમંધર સ્ત૦)

અધ્યાતમપરિણુતિ સાધન ગ્રહી, ઉચિત વહે આચાર,
જિન આણા અવિરાધક પુરૂષ જે, ધન્ય તેહનો અવતાર-સગુણ

પછી ક્રિયા સંબંધી સાથેને સાથે કહે છે કેઃ—

દ્રવ્યક્રિયા નૈમિત્તિક હેતુ છે, ભાવધર્મ લયલીન,
૧૮નિરૂપાધિકતા જે નિજ અંશની, માને લાભ નવીન-સુ. ન૨૦
પરિણુતિ દોષ ભણી જે નિંદતા, કહેતા પરિણુતિ ધર્મ,
યોગ ગ્રંથના ભાવ પ્રકાશતા, તેહ વિદારે હો કર્મ—
અલ્પક્રિયા પણ ઉપકારીપણે, જ્ઞાનિ સાધે હો સિદ્ધ,
દેવચંદ્ર સુવિહિત મુનિવૃંદને, પ્રણમ્યાં સયલ સમૃદ્ધિ—

—અષ્ટપ્રવચન માતા સ્વાધ્યાય ૨-૧૦૧૮.

## ગચ્છગુફાના ત્યાગ-વનવાસ પ્રત્યે ભાવ.

૪૭. પોતે ગચ્છમાં રહેવા છતાં પોતાનું હૃદય, જે ધન્ય મુનિવરો ગૃહનો ત્યાગ કરી સ્નેહને છેદી નિઃસંગ વનવાસ સેવે, તપશ્ચર્યા આદરે અને તેમાં અભિગ્રહો લીધાંજ કરે, જે ધન્ય મુનીંદ્રો ગચ્છ-ગુફા આદિ આશ્રય તજી જિનકલ્પ આદરી અફંદી થઇ પરિહારવિશુદ્ધિ તપ તપે તેઓશ્રીને અભિનંદતું—વંદતું;

ધન્ય ! તેહ જે ધન ગૃહ તજી, તનસ્નેહનો કરી છેહ,
નિઃસંગ વનવાસે વસે, તપધારી હો તે અભિગ્રહ ગેહ-ભવિયણ
ધન્ય તેહ ગચ્છ-ગુફા તજી, જિનકલ્પ ભાવ અફંદ,
પરિહારવિશુદ્ધિ તપ તપે, તે વંદે હો દેવચંદ્ર મુનીંદ-ભવિ૦

અને તે તરફ આકર્ષાતુંઃ—

સાધુ ભણી ગૃહવાસનીરે, છુટી મમતા તેહ,
તોપણ ગચ્છવાસીપણેરે, ગણ ગુરૂપર છે નેહ રે—
વનમૃગની પરે તેહથી રે, છાંડી સકલ પ્રતિબંધ
તું એકાકિ અનાદિનો રે, કિણથી તુજ પ્રતિબંધ રે.

૪૮ પણ આ પંચમકાલમાં શ્રુતબલ ઘટયું છે, ત્યાં શ્રુતજ આધાર છે.

'પંચમકાલે શ્રુતબલ પણ ઘટયો રે, તો પણ એ આધાર,
દેવચંદ્ર જિન મતનો તત્ત્વ એ રે, શ્રુતસ્યું ધરજ્યો પ્યાર-શ્રુત.

૧૮—"સરખાવો યશોવિજયજીનું નીચેનું કથન કે જે દેવચંદ્રજીએ સુમતિજિન સ્ત૦ ના બાલાવબોધમાં અવતાર્યું છેઃ—

જે જે અંશે નિરૂપાધિકપણું, તે તે કહીયે રે ધર્મ,
સમ્યગ્દષ્ટિ રે ગુણ ઠાણા થકી, જાવ લહે શિવ શર્મ."

૪૯ એ સ્વીકારી, આ પંચમકાલે [૧૯]એકાકી-પણું-જિનકલ્પ-વ્યવહાર,-વનવાસ દુર્ઘટ અને ખાંડાની ધારરૂપ અશક્ય છે ત્યાં ગચ્છમાં રહી એ શ્રુતભાવના સાથે અન્ય ચાર નામે તપભાવના, સત્ત્વભાવના, એકતાભાવના અને સુતત્ત્વભાવના ભાવવી એ હિતકર છે:—

શ્રુતભાવના મન થિર કરે, ટાલે ભવનો ખેદ,
તપભાવના કાયા દમે, વામે વેદ ઉમેદ.
સત્ત્વભાવ નિર્ભય દશા, નિજ લઘુતા ઇક ભાવ,
તત્ત્વભાવના આત્મગુણ, સિદ્ધ સાધના દાવ.

ટૂંકામાં કહેવાનું કે:—

પરસંજોગથી બંધ છે રે, પરવિયોગથી મોક્ષ,
તેણે તજી પર-મેલાવડો રે, એકપણો નિજ પોષ રે.

**અન્ય ગચ્છના પ્રત્યે સમભાવ. (૧) યશોવિજયજી.**

૫૦ શ્રીમદ્ યશોવિજયજી તપગચ્છના હતા—તેઓ સં. ૧૭૪૩ માં સ્વર્ગસ્થ થયા[૨૦] તે પછી દેવચંદ્રજી બે વર્ષમાં જન્મ્યા; તેમણે યશોવિજયજીના ગ્રંથોનો બહુ પ્રેમથી અભ્યાસ કર્યો હતો, અને તેમનાપર અતિશય પૂજ્યભાવ રાખતા હતા. એક સ્થળે પોતાના માટેજ જાણે પોતે કહેતાજ હોય નહિ તેમ 'મોહવિલાસ કથન' ટાંકતાં તેમાં યશોવિજયજીકૃત 'અધ્યાત્મસાર' ગ્રંથને સાંભળી તેનો રસ લઇ પોતે પોતાનું શુદ્ધ તત્ત્વ ગ્રહણ કર્યું છે એ પ્રમાણે વ્રજભાષામાં જણાવે છે:—

લહ્યો તે આરિજકુલ ગુરૂકો સંજોગ વલિ,
પૂરવકે પુણ્યબલ એસો જોગ લહ્યો હે
અધ્યાતમ ગ્રંથ સાર સુણો કાન ધરી પ્યાર,
પીયો તાકો રસ નિજ તત્ત્વ શુદ્ધ ગ્રહ્યો હે,
તૌંભિ યહ તેરો જીવ ચાહત વિશેષ દીવ,
ભોગકી મમત્વતાસોં માચિરાચિ રહ્યો હે,
જગકો જીવનહાર એતો સબ મોહભાર,
મોહકી મરોરમેં જગત લહલહ્યો હે.
—દ્રવ્યપ્રકાશ. ૨-૪૮૨.

[આ અધ્યાત્મસારને ઉલ્લેખી વિચારરત્નસારમાં ૨૦૦ મા પ્રશ્નોત્તર રૂપે પોતે કહે છે કે 'અધ્યાત્મસાર ગ્રન્થમાં ત્રણ પ્રકારના જીવ કહ્યા છે તે કયા?—ભવાભિનંદી તે મિથ્યાદષ્ટિ ૧, બીજો પુદ્ગલાનંદી તે ચોથા પાંચમા ગુણ ઠાણાવાળા સમ્યગ્ દૃષ્ટિ ૨, આત્માનંદી તે મુનિ. ૩. જુઓ ૧-૮૬૧.]

૫૧ યશોવિજયજીકૃત જ્ઞાનસાર—અષ્ટકજી પર પોતે સંસ્કૃત ટીકા નામે જ્ઞાનમંજરી (તત્વબોધિની) સં. ૧૭૯૬ ના કાર્તિક સુદ ૫ ને દિને નવાનગરમાં (સૌરાષ્ટ્રના) કરી છે તે વાત યશોવિજય પર પોતે આફરીન હતા એમ સૂચવે છે. તેમાં યશોવિજયજી માટે તેમણે જે વિશેષણો આપ્યાં છે તે ખાસ નોંધવા લાયક છે:—તથા શ્રીમદર્હતા સિદ્ધપરમાત્મના ક્ષાયિકોપયોગવતા ન્યાયસરસ્વતીબિરૂદધરેણ શ્રીમદ્યશોવિજયોપાધ્યાયેન ' (પ્રથમ શ્લોકની ટીકા. ૧-૧૯૦) —આમાં હું ભૂલતો ન હોઉં તો તેમને અર્હત્ અને સિદ્ધ પરમાત્મા પણ કહી નાંખ્યા છે અને ક્ષાયિકોપયોગવાળા જણાવ્યા છે એટલે કે આત્માની ઉંચામાં ઉંચી દશાવાળા જણાવ્યા છે. [પ્રથમનાં વિશેષણો પાસે ચ એટલે અને કે વા એટલે અથવા એવો શબ્દ કદાચ રહી ગયો હોય તો પ્રભુ જાણે; ને જો તેમ હોય તો અર્હત્ અને સિદ્ધ પરમાત્મા એ જુદા રહી એક બાજુ સ્વતંત્ર ગણાય; છતાં આટલું તો ચોક્કસ છે કે દેવચંદ્રજી યશોવિજયજીમાં ક્ષાયિક ઉપયોગ હોવાનું સ્વીકારતા હતા.] એ ઉપરાંત તેજ ગ્રંથના છેવટના શ્લોક ઉપર તેમને માટે પોતે જણાવે છે કે 'શ્રીમદ્ યશોવિજયોપાધ્યાયાઃ ન્યાયાચાર્યા વાગ્વાદિનો લબ્ધવરા દુર્વાદિમદાભ્રપટલખંડનપવનોપમાઃ'—તે ન્યાયાચાર્ય-ન્યાયસરસ્વતી બિરૂદ ધરાવનારા વાગ્વાદી, વર જેણે (સરસ્વતી પાસેથી) પ્રાપ્ત કર્યો છે એવા, અને દુર્વાદીના મદરૂપી આકાશનાં પડોને તોડી નાંખનારા પવનની ઉપમાવાળા-પવન સરખા

---

૧૯ યશોવિજયજી કહે છે કે:—
'કારણથી એકાકીપણું, પણ ભાખ્યું તાસ,
વિષમકાલમાં તો પણ, રૂડો ભેલો વાસ'
—૩૫૦ ગાથાનું સીમંધર સ્ત૦ ઢાલ ૭ કડી ૧૦.

૨૦. આ વાત યશોવિજયજી ભાસ એ નામની કૃતિ મળી આવી છે તે પરથી નિશ્ચિત થઇ છે. ડભોઇમાં તેમની પાદુકાની પ્રતિષ્ઠા થઇ છે તે પર લેખ 'સં. ૧૭૪૫ શકે ૧૬૧૦ માગશિર શુદ ૧૧ એકાદશીનો છે તે પ્રતિષ્ઠામિતિ અને સ્વર્ગતિથિ બંને ભિન્ન છે અને સ્વર્ગગમન સં. ૧૭૪૩ માં થયેલુ ને પછી પાદુકાપ્રતિષ્ઠા સં. ૧૭૪૫ માં થઈ એ વાત નિશ્ચિત ઠરે છે.

હતા-આ શબ્દો કહી યશોવિજયજી એક મહાન્ તાર્કિક હતા એ નિર્વિવાદ વાત પોતે સ્વીકારી છે. (૧-૪૨૦) વળી ૧-૪૦૪ પર 'તેમને પરમ રહસ્યજ્ઞાતા શ્રીમદ્ યશોવિજયોપાધ્યાય' એ તરીકે, ૧ ૪૧૨-પર 'શ્રીમત્પાઠકેંદ્રઃ' તરીકે સંબોધેલ છે. તેમના અધ્યાત્મસાર ઉપરાંત સંસ્કૃત ગ્રંથોનો ઉલ્લેખ કર્યો છે. (પ્રતિમાશતક ૧-૯૪૩, ઉપદેશ રહસ્ય ૨-૧૦૬૯ નયરહસ્ય ૨-૧૦૭૭.)

પર. વિશેષમાં યશોવિજયજીની ભાષા-કાવ્યકૃતિમાંનાં પણ ઉત્તમ કથનો પોતાના વિષયની પુષ્ટિમાં ટાંક્યાં છે. જુઓ:—(૧) વિચારરત્નસારનો ૭૯ મો પ્રશ્નોત્તર (૧-૭૮૯)

"પ્રશ્ન—સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ, તથા સર્વવિરતિ મહાત્માઓ સમ્યગ્દર્શન વડે આત્માનો અનુભવ કેવી રીતે કરે?

ઉત્તર—જેમ વસ્તુ વિચારતાં, ધ્યાન ધરતાં મન વિશ્રામ પામે છે, રસસ્વાદ સુખ ઉપજે છે, પરિણામ ઠરે છે, તે અનુભવ પ્રત્યક્ષ જાણવું, જેમ સાકરના એક ગાંગડાને ચાખી જોતાં હજાર મણ સાકરનો અનુભવ થાય છે, તેમ સમ્યગ્દૃષ્ટિ જીવ અંશે આત્માને વળી કેવળી સદૃશ પ્રત્યક્ષ અનુભવે. તેથીજ કહ્યું છે જે:—

અંશે હોય ઇહાં અવિનાશી, પુદ્ગલ (જાલ) તમાસીરે,
ચિદાનંદ ઘન **સુજસ** વિલાસી, કેમ હોય જગનો આસીરે.
એ ગુણ **વીર**તણો ન વિસારૂં, સંભારૂં દિનરાતરે,
પશુ ટાળી સુરરૂપ કરે જે, સમકિતને અવદાતરે.—૧
(આઠદૃષ્ટિ સ્વાધ્યાય-ઢાલ ૫ મી)

૮૧ મા પ્રનોત્તરમાંજ જણાવ્યું છે કે:— (૧-૭૯૦)

'આત્મદર્શન જેણે કર્યું 'તેણે મુંદ્યો ભવભયકૂપરે' એમ શ્રી યશોવિજયજીએ પણ કહ્યું છે.' આની સાથે ને સાથે જણાવ્યું છે કે 'તથા' પ્રવચન-અંજન જો સદ્ગુરૂ કરે, તો દેખે પરમ નિધાન જિનેશર 'એવું શ્રી લાભાનંદજીએ પણ કહ્યું છે.'—આ પરથી તે લાભાનંદજી તેજ આપણા **આનંદઘનજી** સિદ્ધ થાય છે.

(૨) ય૦ના દ્રવ્ય ગુણપર્યાયના રાસનો ઉલ્લેખ ૨-૬૦૮ અને ૨-૬૯૩ માં કર્યો છે.

"હવે ભેદ ગુણના ભાખીજે, તિહાં અસ્તિકતા લહિયેંજી'—એ પાઠમાં દ્રવ્ય ગુણપર્યાયના રાસમાં યશોવિજયજી ઉપાધ્યાયે પણ આસ્તિકના ધર્મને ગુણ કહી બોલાવ્યો છે." (સુપાર્શ્વજિન સ્ત૦ પર બાલા૦)

"(વસ્તુના) એ સ્વભાવ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી સ્વકૃત દ્રવ્યગુણપર્યાયના રાસ મધ્યે સમર્થ્યાં છે. તિહાંથી જોઇ લેવા. (ધર્મજિન સ્ત૦ પર બાલા૦)

(૩) આઠ દૃષ્ટિ સ્વાધ્યાય યશોવિજયજીની છે તેમાંથી નીચે પ્રમાણે ઉલ્લેખ કર્યો છેઃ—

"ત્યારે શુદ્ધાત્મોપયોગ અવસ્થાનરૂપ નિર્મળ જ્ઞાનદશાની પરમ શીતલ શાંત સુગંધિની અનુભવ લહેરીઓનું આત્મા આસ્વાદન કરે, તે સુખ આપણે પૌદ્ગલિક સુખના ભીખારીઓ શું જાણીએ. કહ્યું છે જે:—

'સઘળું પરવશ તે દુઃખ લક્ષણ, નિજવશ તે સુખ લહીએ;
એ દૃષ્ટે આતમગુણ પ્રગટે, કહો સુખ તે કોણ કહીએરે
—ભવિકા **વીર** વચન ચિત્ત ધરીએ.

નાગર સુખ પામર નવી જાણે. વલ્લભ સુખ ન કુમારી,
અનુભવ વિણ તેમ ધ્યાન તણું સુખ, કોણ જાણે નરનારીરે-ભ.
વિષયભોગક્ષય શાંતવાહિતા, શિવ મારગ ધ્રુવ નામ,
કહે અસંગ ક્રિયા ઈહાં યોગી, વિમલ **સુજસ** પરિણામરે-ભ.૩
(૧-૮૮૪)

(૪) પંચમ સુમતિ સ્ત૦ માં ટાંકે છે કે (૨-૫૯૪)

'બાકી સર્વ સંસારી જીવ, સત્તાયેં પરમગુણી છે, પણ જેના ગુણ પ્રગટ થયા તે પૂજ્ય જાણવા. માટે શ્રી યશોવિજયજી ઉપાધ્યાયે કહ્યું છે—ગાથા

'જે જે અંશેરે નિરૂપાધિકપણું, તે તે કહિયેંરે (જાણોરે) ધર્મ,
સમ્યગ્દૃષ્ટિરે ગુણઠાણા થકી, જાવ લહે શિવ શર્મ.
(જુઓ સીમંધર સ્ત. ૧૫૨ ગાથાનું ઢાલ ૨ કડી ૨૦)

૫૩. (૨) **આનંદઘનજી.** આનું મૂળ નામ લાભાનંદજી હતું એ ચોક્કસ દેવચંદ્રજીના ઉપર જણાવેલ અને ઉલ્લેખેલ કથનથી પ્રતીત થાય છે. તેમનો બીજો ઉલ્લેખ ૧-૮૧૧ માં વિચારરત્નસારના ૧૧૪ મા પ્રશ્નોતરમાં આ પ્રમાણે કર્યો છેઃ—

"પ્રશ્ન-સાપેક્ષ અને નિરપેક્ષ તે કેવી રીતે?

ઉત્તર—સાપેક્ષ એટલે અપેક્ષા સહિત એટલે કાર્ય પડે ત્યારે કદાચ પ્રસંગને લઇને તાડના તર્જનાદિ કરવું પડે તો પણ તે અંતરથી કે બહારથી નિર્દયપણે, અવિચારી રીતિ ન કરે, જીવને કોઇ વ્યથા ન ઉપજે તેની સંભાળ રાખીને કામ જેટલો આક્રોશાદિ હોય તે કરે, અને તેથી વિપરીતપણે નિર્દય રીતે નિષ્કારણ ગમે તેમ માઠું બોલે તથા કરે તે નિરપેક્ષ વ્યવહાર જાણવો; વળી ધર્મને વિષે સાપેક્ષ એટલે વસ્તુસ્વરૂપની અપેક્ષા રાખીને ઉત્સર્ગને તથા નિશ્ચયને પામવા માટે જે અપવાદ કે વ્યવહારનું

સેવન કરવું તે, અને તે થકી રહિત એકાંત વ્યવહાર પ્રવૃત્તિ અવિવેકે આચરે તે નિરપેક્ષ જૂઠો વ્યવહાર જાણવો, અને જ્યાં વ્યવહાર જૂઠો છે, ત્યાં ધર્મ તો હોયજ કયાંથી. કહ્યું છે જે:—

વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસારફલ,
સાંભળી આદરી કાંઈ રાચો.'

(આનંદઘનનું અનંતનાથ સ્ત૦)

૫૪. આમ આનંદઘનજી અને યશોવિજયજી પૂજ્ય મહાપુરૂષ ગણી તેમનાં અવતરણો લીધાં છે. વળી તપગચ્છના જયસોમ (છએ કર્મ ગ્રંથના સં. ૧૭૧૬ માં બાલાવબોધ કર્તા) નો ઉલ્લેખ પણ કર્યો છે (૧-૯૫૬); સ્વગચ્છ ખરતરના શ્રીસાર મુનિની આણંદ શ્રાવક સંધિમાંથી અવતરણ લીધું છે. (૧-૮૭૦, વિચારરત્નસાર પ્રશ્નોત્તર નં. ૨૨૪) અને સમયસુંદરની કલ્પટીકામાંથી અવતરણ લીધું છે (૧-૯૬૧). પુણ્યરૂચિ શિષ્ય આણંદરૂચિની એક ટૂંકી કૃતિ પણ ઉતારી છે (૧-૮૦૩) અને પૌર્ણમિક ગચ્છના ભાવપ્રભસૂરિનો પોતાના સહસ્રકૂટ સ્તવનમાં ઉલ્લેખ કર્યો છે (૨-૫૨૪). કટુકમતિ કે જેઓ ખરા સાધુની આ કાલમાં વિદ્યમાનતા માનતા નથી તેઓના મંતવ્યોનો ઉત્તર મંડનશૈલીમાં પ્રમાણપૂર્વક આપેલ છે (૧-૯૩૭). અને અમૂર્તિપૂજક એવા ઢૂંઢીઆ-સ્થાનકવાસીઓના મંતવ્યના ઉત્તરરૂપ પ્રતિમાપુષ્પપૂજાસિદ્ધિ નામનો ગદ્યલેખ તેજ પ્રમાણે લખેલ છે. કટુકમતિના પ્રશ્નનો ઉત્તર પણ આપેલ છે (૧-૯૬૧) અંચળગચ્છનાયકના કથનનો ઉલ્લેખ પણ કરેલ છે (૧-૮૦૧).

## દિગંબરગ્રંથોઃ—

૫૫. દિગંબર ગ્રંથોમાં મુખ્યત્વે નિશ્ચય ઉપર ભાર મૂકવામાં આવ્યો છે, અને તેમનામાં થયેલા સમર્થ પુરૂષોના ગ્રંથોનાં પ્રમાણ પણ કેટલેક સ્થળે જોવામાં આવે છે તે પરથી તે તે ગ્રંથોનો અભ્યાસ પણ તેમણે કર્યો હોવો જોઇએ એ નક્કી થાય છે. દાખલા તરીકે જુઓ સમંતભદ્ર, દેવનંદી અને જિનસેનનો ધ્યાનદિપીકામાં ઉલ્લેખઃ—

'સમંતભદ્રાદિક કવિની વાણિ, દીપંતી પ્રભવે સુપ્રમાણિ,
તિહાં જ્ઞાનલવધર જન કહે, ખજુઆ પરિ હાસો તે લહે. ૧૧
ત્રિવિધ કલંક જિનવાણી તણો, નાસક દેવનંદીશે થુણ્યો,
જયવંતો જિનસેન વચન, જાણે જોગી જિણ નિજ ધન. ૧૨
શ્રી જિનવાણી પવિત્રિત મતી, અનેકાંત નભ સસિ દીધિતિ,
ભવિ કલેસપીડિત આતમા, જોગી પથ ધરૂ ચિત્તમાં. ૧૩

૫૬. આ ૨૦ વર્ષની વયે રચેલ ધ્યાનદીપિકા ચતુષ્પદીમાં આદિભાગમાં આપેલ છે (૧-૪૫૪) અને તે ચતુષ્પદી પણ દિગંબરાચાર્ય શુભચંદ્રના સંસ્કૃત ગ્રંથ જ્ઞાનાર્ણવ[૨૧] માંથી ભાષામાં કરેલો ભાવાનુવાદ છે.

'પ્રસન્ન હૃદય જોગી તણો એ, ભાવના કરૈ ઉદાર,
શુભચંદ્રાચારિજિ કહ્યો એ, ભાવનાનો અધિકાર. (૧-૪૫૯)

× × × ×

પંડિતજનમનસાગર ઠાણી, પૂરણચંદ્ર સમાન જી,
શુભચંદ્રાચારિજીની વાણી, જ્ઞાની જન મન ભાણી જી.
ભવિક જીવ હિતકરણી ધરણી, પૂર્વાચારિજ વરણિ જી,
ગ્રંથ જ્ઞાનાર્ણવ મોહક તરણી, ભવસમુદ્ર જલ તરણી જી.
સંસ્કૃત વાણી પંડિત જાણે, સરવ જીવ સુખદાણી જી,
જ્ઞાતાજનને હિતકર જાણી, ભાષારૂપ વખાણી જી.

(૧—૫૭૭ અને ૫૭૮)

૫૭. બીજા ગ્રંથોના ઉલ્લેખ માટે જુઓ [૨૨]પ્રવચનસાર (૧-૩૯૨ જ્ઞાનમંજરી ટીકામાં; તથા ૧-૮૮૪ વિચારરત્નસાર પ્રશ્નોત્તર નં. ૨૪૩), ગોમટ્ટસાર (૧-૯૬૧), આપ્તમીમાંસા (૨-૬૬૮ વાસુપૂજ્ય સ્ત. પર બાલા૦), પંચાસ્તિકાય (૨-૭૬૧ નેમિનાથ સ્ત. પર બાલા.)

## જૈનેતર ગ્રંથોઃ—

૫૮. દાર્શનિક અને યોગપરના ગ્રંથો દેવચંદ્રજીએ જરૂર વિલોકયા છે. યોગસૂત્રકાર પતંજલિને 'મહાત્મા' કહી બોલાવ્યા છે, જુઓ જ્ઞાનમંજરીટીકા (૫-૨૨૬).

## વિશાલ વાચન અને મનનઃ—

૫૯. દેવચંદ્રજીની સર્વ કૃતિઓ તપાસતાં તે

---

૨૧—આ ગ્રંથ શ્રી રાયચંદ્ર જૈન શાસ્ત્રમાલામાં પરમશ્રુતપ્રભાવક મંડળ, ઝવેરીબજાર મુંબાઇ તરફથી પ્રકટ થયો છે.

૨૨ પ્રવચનસાર, ગોમટ્ટસાર, આપ્તમીમાંસા, પંચાસ્તિકાય-એ સર્વ ગ્રંથો મુદ્રીત થઇ ગયા છે. પૂછો-જૈન ગ્રંથરત્ન કાર્યાલય, કાંદાવાડી મુંબઇ.

સર્વમાં પોતાના કથનની પુષ્ટિમાં ટાંકેલાં ગ્રંથોનાં પ્રમાણો એટલાં બધાં મળી આવે છે કે તેમના આવા વિપુલ વાંચન માટે સાનંદાશ્ચર્ય ઉત્પન્ન થાય છે; વળી મોટે ભાગે જે અવતરણો ટાંકે છે તે યતઃ, કહ્યું છે કે, ઇતિ ઉક્તં-એમ કહીને પણ ટાંકે છે પણ બનતાં સુધી તે તે ગ્રંથો યા કર્તાનાં નામ પણ સાથે આપી ટાંકે છે. આની ટીપ કરીશું તો મોટી થાય તેમ છે. તેનાં નામ ગણાવીશું. અંગ ઉપાંગો આદિ ૪૫ સૂત્ર, તે પરના નિર્યુક્તિ ભાષ્ય ટીકા ચૂર્ણિ આદિ, સમ્મતિ સૂત્ર, સ્યાદ્વાદ-રત્નાવતારિકા, જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ, તત્ત્વાર્થ સૂત્ર, તત્ત્વાર્થ ટીકા, તત્ત્વાર્થ ભાષ્ય-ગંધ હસ્તિભાષ્ય, અનેકાંતજયપતાકા, હરિભદ્રસૂરિકૃત ભાવુક નામે પ્રકરણ, દ્વાદશારનયચક્ર, ભદ્રબાહુ, વાદિવેતાલ શાંતિસૂરિ; અધ્યાત્મબિંદુ (હર્ષવર્દ્ધન કૃત), સંવેગરંગશાલા, યશોધનપટ્ટ હરિભદ્રસૂરિકૃત યોગદષ્ટિસમુચ્ચય, કર્મપ્રકૃતિ, ધ્યાનપ્રકાશ, હરિભદ્રપૂજ્યકૃત વિંશતિકા-દશ વૈતાલિકવૃત્તિ-ષોડશક, પંચવસ્તુ સટીક, ધર્મસંગ્રહિણી, યોગબિંદુ, પંચાશક વૃત્તિ; સિદ્ધસેન દિવાકર, હેમચંદ્રસૂરિ, ક્ષેમેંદ્ર મુનિ, સમય પ્રાભૃત, પ્રાભૃતો, ભવભાવના, યોગશાસ્ત્ર સવૃત્તિ, વીતરાગ સ્તોત્ર, વિધિપ્રપા, પ્રશમરતિ, રત્નાકરપચીશી, ઉપમિતિભવપ્રપંચા, ઉપદેશમાલા, પ્રવચનસારોદ્ધાર, કાલિકાચાર્યકૃત કાલસિત્તરી, તપ૦ ભાવવિજયકૃત ઉત્તરાધ્યયનટીકા, શાંતિનાથચરિત્ર, શ્રાદ્ધદિનકૃતિ, શ્રાદ્ધવિધિ, કર્મગ્રંથો, ભુવનભાનુ કેવલી ચરિત્ર, ૩૨ યોગસંગ્રહ, હીરપ્રશ્ન, કલ્પકિરણાવલિ (ધર્મસાગર ઉ. કૃત), ગુણસ્થાનક્રમારોહ ટીકા, અભયદેવસૂરિકૃત ટીકાઓ, તંદુલવેયાલી આદિ પ્રકરણ, ગણધર શાર્ધશતક સવૃત્તિ, નવપદપ્રકરણ, શ્રીપાલચરિત્ર, શત્રુંજયમાહાત્મ્ય જ્ઞાનપંચમી કથા, બૃહત્કર્મસ્તવ ભાષ્ય, સંઘદાસ ગણિકૃત વસુદેવ હીંડી, દ્રવ્યાર્ણવ સંગ્રહિણી.

### લઘુતા

૬૦. આમ છતાં પણ પોતાનામાં અતિ લઘુભાવ-નમ્રતા હતી. પોતે કહે છે કેઃ—

'કવિતા તણો અભિમાન નહિ, કીરતિ ઈચ્છા કોઇ નહિં,
ગ્રંથઉક્ત જે માહરી, કેવલ બોધન ચાહિ.
(૧-૪૫૪. ધ્યાનદીપિકા ચતુષ્પદી)

કોઉ બાલ મંદમતિ ચિત્તસોં કરે ઉકિત,
નભકે પ્રદેશ સબ ગનિ દેવો કરસે,
કોઉ જન છીન તન પુરાતન વયાતીત,
વચનસો કહે એસો જુદ્ધ કરો હરિસે,
ભૂચર વામન સો સકતિ વિનુ કહે એસો,
લંબી કરિ ભૂજ મેતો મેરૂચૂલા પરસૌ
તૈસે મેં અલપબુદ્ધિ મહા વૃદ્ધ ગ્રંથ મંડયો
પંડિત હસેંગે નિજ જ્ઞાનકે ગહરસૌ.
(૨-૪૮૨-દ્રવ્યપ્રકાશ)

'મેં જિન આગતેં જો ઉલંઘિકે,
જો કછુ વાત વિરૂદ્ધ વખાની,
સો તુમ સોધિકે ભાખહુ પંડિત,
ખંડિત જાહીકી મોહ નિસાંની,
ગડો ગુનભિ સુનકે તુમ સજ્જન,
શાસ્ત્રકો અર્થસુતત્ત્વ પિછાની,
બોધિસુબોધક ગ્રંથ ગહો બુધ
ડારિકે સંપતિ એહ વિરાની.
(૨-૫૪૨ દ્રવ્યપ્રકાશ.)

### ભક્તિ

૬૧. ભકિતતત્ત્વને જૈનમાં અચૂક સ્થાન છે. એવો કોઇ પણ મનુષ્ય સંસારમાં રહી શકતો નથી કે જે મૂર્તિનો ઉપાસક ન હોય અથવા પરમાત્માની મૂર્તિમાં અવલંબન લેતો ન હોય. મૂર્તિદ્વારા પરમાત્માની ઉપાસના કરવાંમાં આવે છે. મૂર્તિ પરમાત્માનું પ્રતિરૂપ છે, પ્રતિબિમ્બ છે અને તેથી તેને પ્રતિમા પણ કહેવામાં આવે છે. બુદ્ધિમાન લોક તેમાં પરમાત્માનું દર્શન અથવા તેની મદદથી પોતાના આત્માનો અનુભવ કર્યાં કરે છે. પરમાત્માની સ્તુતિ આદિ દ્વારા શુભ ભાવોને ઉત્પન્ન કરીને આપણે જે રીતે આપણાં થોડાં ઘણાં હિતસાધન કરીએ છીએ તે રીતે આ મૂર્તિઓની સહાયતાથી આપણું કામ થાય છે. મૂર્તિઓનાં દર્શનથી આપણને પરમાત્માનું સ્મરણ થાય છે અને તેથી વળી આત્મસુધારણા તરફ આપણી પ્રવૃત્તિ થતી જાય છે. જૈનોની મૂર્તિઓ ધ્યાનમુદ્રામાં પરમ વીતરાગ અને શાંતસ્વરૂપ હોવાથી તેનાં દર્શનથી ઘણી શાંતિ મળે છે અને આત્મસ્વરૂપની સ્મૃતિ થાય છે.—એવો ભાવ ઉત્પન્ન થાય છે કે તું આને ભૂલીને સંસારની માયાજાળમાં અને કષાયોના ફન્દામાં શાને ફસાયેલો રહ્યો છે-આનું

પરિણામ એ આવે છે ( જો વચમાં કંઇ અડચણ ન આવે તો ) વ્યક્તિ યમનિયમાદિદ્વારા-વ્રતદ્વારા પોતાની આત્મસુધારણાના માર્ગમાં લીન રહે છે. બાકી કોઇ મનુષ્ય નેત્રહીન ( વિવેક રહિત ) હોય અને મૂર્ત્તિરૂપી દર્પણમાં પરમાત્માનું પ્રતિબિમ્બ પડેલું છે તે જો તેને ન દેખાય તો, યા તેનું હૃદય દર્પણસમાન સ્વચ્છતા વગરનું માટીના પિંડ જેવું હોય ને તે પ્રતિબિમ્બ ન ઝીલી શકે તો તે જૂદી વાત છે; પરંતુ તેમાં મૂર્ત્તિનો કંઇ દોષ નથી તેમજ આવી બાબતથી મૂર્ત્તિની ઉપયોગિતા મટી જતી નથી; તેમજ તેની હિતોપદેશકતામાં કોઇ અડચણ આવતી નથી. આવી પરમહિતોપદેશક મૂર્ત્તિઓ નિઃસંદેહ અભિવંદનીનયજ છે. આથી એક આચાર્યે જણાવ્યું છે કે

कथन्ति कपायमुक्ति लक्ष्मीं
यस्या शांततया भवान्तकानां ।
प्रणमामि विशुद्धये जिनानां
प्रतिरूपाण्यभिरूपमूर्तिमंति ॥

—સંસારથી મુક્ત શ્રી જિનેન્દ્રદેવની તેમના તદાકારરૂપ સુંદર મૂર્તિઓ કે જે પોતાની પરમ શાન્તતા દ્વારા સંસારી જીવોના કષાયોની મુક્તિનો ઉપદેશ આપે છે તેને હું પોતાની આત્મશુદ્ધિ માટે પ્રણામ કરૂં છું.

૬૨. દેવચંદ્ર કહે છે કેઃ—

પ્રભુમુદ્રાનો યોગ, પ્રભુ પ્રભુતા લખે હો લાલ,
દ્રવ્યતણે સાધર્મ્ય સ્વસંપત્તિ ઓળખે હો લાલ,
ઓળખતાં બહુમાન, સહિત રૂચિ પણ વધે હો લાલ,
રૂચિ અનુયાયી વીર્ય ચરણધારા સધે હો લાલ.
સુવિધિનાથ સ્ત૦ ૨-૬૪૨.

—(અનંતજ્ઞાની પરમ અમોહી) પ્રભુની મુદ્રાનો યોગ મળે ત્યારે (અનંતગુણ રૂપ સકલ જ્ઞાયક શુદ્ધાત્મરૂપ એવી) શ્રી પ્રભુની પ્રભુતા ( આપણો આત્મા ) લખે-જાણે. ( તે ઓળખ્યા પછી ) તેમના અને આપણા જીવ વચ્ચેનું દ્રવ્ય થકી સાધર્મ્ય-સરખાપણું (તે સિદ્ધ તે પણ જીવ અને હું છદ્મસ્થ તે પણ જીવ સત્તાએ સરખા છીએ એવું) તેમજ બંનેની સંપદા સત્તાએ સરખી છે (આ જીવ પણ પ્રભુની સંપદા જેટલી સંપદાનો ધણી છે એમ) ઓળખે અને તે ઓળખ્યા પછી (તે સંપદા પર) બહુમાન આવે તેથી (તે સંપદા પર) રૂચિ પ્રકટે-વધે ( કે મારે ક્યારે તેવી સંપદા નિપજશે ? ) અને તેવી રૂચિ અનુસાર ( તે દિશા પ્રત્યે ) વીર્ય ગુણનું સ્ફુરણ થાય-તેનુંજ નીપજવાનું આચરણ થાય ( એટલે પ્રભુ દીઠે પ્રભુની પ્રભુતા ભાસે, તે પ્રભુતા પોતામાં જાણે પછી તે પ્રકટ કરવાની રૂચિ ઉપજે, તેથી રૂચિનું વીર્ય તથા ચારિત્ર રૂપ રમણ તે પણ તે દિશાએ સધાય-સિદ્ધતા પ્રગટેઃ આથી જિનમુદ્રાનો યોગ તે બધું સાધન છે-એ માર્ગ કહ્યો.

## દાસભાવ—સેવા

૬૩. દેવચંદ્રજી જણાવે છે કેઃ—

પ્રભુ છો ત્રિભુવનનાથ, દાસ હું તાહરો હો લાલ,
કરૂણાનિધિ ! અભિલાષ, અછે મુઝ એ ખરો હો લાલ,
આતમવસ્તુ સ્વભાવ, સદા મુઝ સાંભરો હો લાલ,
ભાસન વાસન એહ, ચરણ ધ્યાને ધરો હો લાલ,
સુવિધિ સ્ત૦ ૨-૬૪૦

૬૪. આ દાસભાવ એવો કે જે સેવાનું ફલ ન યાચે તેમ ન ઇચ્છે. એવી યાચના તો ' ભાડૂતી ભક્તિ ' ગણાય. સેવા કરવી તે પણ વિધિપૂર્વક કરવી.

' સેવા સારજો જિનજી મન સાચે, પણ મત માગો ભાઇ,
મહેનતનું ફલ માગી લેતાં, દાસભાવ સવિ જાઇ—સેવા૦
ભક્તિ નહિ તે તો ભાડાયત, જે સેવા ફલ જાચે,
દાસ તિકે જે ધન ભરિ નિરખી, કેકીની પરે માચે-સેવા૦
સારી વિધિ સેવા સારંતાં, આણ ન કાંઈ ભાંજે,
હુકમ હાજર ખીજમતે રહેતાં, સહેજે નાથ નિવાજે-સેવા૦

* * * *

તુજ સેવા ફલ માગ્યો દેતાં, દેવપણો થાયે કાચો,
વિણ માગ્યાં વંછિત ફલ આપે, તિણેં દેવચંદ્રપદ સાચો-સે૦
—૨૧ મા અતીત જિન કૃતાર્થ સ્ત૦ ૨-૮૪૪

' તુજ સરીખો સાહિબ મિલ્યો, ભાંજે ભવભ્રમ ટેવ લાલરે,
પુષ્ટાલંબન પ્રભુ લહી, કોણ કરે પરસેવ લાલરે-દેવજસા.
દીનદયાલ કૃપાલુ ઓ, નાથ ભવિક આધાર લાલરે,
દેવચંદ્ર જિનસેવના, પરમામૃત સુખકાર લાલરે-દેવજસા.
(૧૯ મા વિહરમાન સ્ત૦ ૨-૮૦૪)

[ અપૂર્ણ ]

# તેજવિજયજી વિરચિત કેશરીયાજીનો રાસ.

॥ દુહા ॥

સરસ વચન રસ વરસતિ હંસવાહની હંસગત
પ્રથમજ પ્રણમું સરસતિ માગું અવરલ મત્ત ૧
બ્રહ્મસુતા વરદાયની દેજ્યો બહૂલી બુદ્ધિ
જીમ ગુરૂ પદ પંકજ ભણી આશ હું મંન શુદ્ધિ ૨
ગુરૂ ગ્યાંનિ ધ્યાંનિ નમું ગ્નાંનદાયક ગુરૂરાય
કીડીથી કુંજર હોવેં તે સહગુરૂ પસાય ૩
પડિમા પ્રથમ જિણંદરી રીષ્ટ રયણ સમરંગ
પરતિષ પરતો સાંભલી મુજ મન હુઓ ઉમંગ ૪
તે જીન ગુણ થુણસ્યું ઇહાં કેસરીયારી વિષ્યાત
અસુર નમાયો પલકમેં તેહ કહું અવદાત ૫

ઢાલ ૧

(આજ સેહેરમેં જાડો સીપડે મારૂજી
જાડારે જાડા દોઇ નારરા કોઇ
જાણેં સેહેરમેં જાડો સીપડે મારૂજી એ દેશી)
જંબૂદ્રીપરા દક્ષિણ ભરતમે તારૂજી
ખગ દેશ દેશ નગર ધુલેવ જગરા તારૂ
કેસરીયા જીન અવધારીઇ તારૂજી એ આંકણી
તે માંહેં આપ મુરત અવનીતિલો તા.
પ્રબલ પ્રતાપી પ્રગટયો દેવ જ. કે. ૧
ભાવ થકી રે આજ ભેટીયા તા.
આદિજિણંદ અરિહંત જ. કે.
નાભીનંદનકુલ દિનમણી તા.
સુનંદા સુમંગલારો કંત જ. કે. ૨
ભોમિ ઇષ્યા અરિહા અવતર્યો તા.
કલ્પતરૂ અજોધ્યા વાસ જ. કે.
વૃષભ શુપનેંરી સહનાંમનાં તારૂજી
માતા મરૂદેવી મન ઉલ્લાસ જ. કે. ૩
વૃષભ લંછન પદ રાજનો તા.
પંચ સયાં ધનું તનું માંન જ. કે.
આયૂ ચોરાસી પૂરવ લાષરો તા.
વંસ ઇષ્યાગેં કંચન વાંન જ. કે. ૪
વીસ લાષ કુંવર પદે તા.
લક્ષ ત્રેસઠિ પૂરવરાજ જ. કે.
માસ બારે સંવછરીદાંનમેં તા.
ધણ કણ કંચણ કામણિ તાજ જ. કે. ૫
સંજમ લેઇ કેવલ દેસના તા.
પડીબોહ્યા નરનારીના વૃંદ જ. કે.
પુરબ નવાંણું વાર સમોસર્યા તા.
સિદ્ધિગીરીઈ રૂષભ જિણંદ જ. કે. ૬
અષ્ટ ધનઘાતી કર્મ ક્ષય કરી તા.
અષ્ટાપદે વરીયા સીવનાર જ. કે.
જયોતિમેં જયોતિ અવીનાસી થયા તા.
રત્ન ત્રયમેં અનંત અપાર જ. કે. ૭
યક્ષ ગૌમુષ ચક્રકેસરી દેવી તા.
જીનસાસનને સુષદાતાર જ. કે.
હેમવિજય કવિ રાયનો તા.
કહે તેજવિજય જયકાર જ. કે. ૮

દૂહા

પણયાલિસ લષ જોયણાં પોહલપણે સીવ ધાંમ
જાડયપણેં મધ્ય ભાગમાં અષ્ટ જોયણાં અક્ષય ઠાંમ ૧
સીદ્ધસલા મધ્ય ભાગથી ઉતરતિ જિહાં છેંદ
મક્ષિકા પાંષ સમાંન છેં ફટીક રયણ મય તેહ ૨
એક જોયણરે ત્રેવીસમેં ભાગે સીદ્ધજીવ વસંત
આયો અલોક તેહ ઉપરેં એક જોયણ ઉચંત ૩
જયોતિ સરૂપ સીદ્ધ જીવએ અજર અમર નીરાકાર
નીરાગી અકલંક એ પરમાતમ પદ ધાર ૪
ગ્નાંન દર્શન અનંતમેં ચારીત્ર વિર્ય અનંત
ચઊદ રાજ તિન લોકના મનોગત ભાવ લહંત ૫

ઢાલ ૨

(વાગો બન્યો બુધસંધ કેહરો રાજ
પંચમહોરારી પાઘ હાડારારી જાયાજી
ચાંનેં ઝીલીજી વચ્ચે છેં
નરવર મત ચાલો રાજ એ દેશી)
સીદ્ધ સ્વરૂપી સહજાનંદમેં રાજ
મગ્ન રહો છો મહારાજ ધુલેવરા જાયાજી
મારી અરજ સુણીજેં કેસરીયાજીનંરાજ એ આંકણી
પિણ નિજ સેવક વિનવેં રાજ
મનવંછિતરે નિવાજ ધુ. મા. ૧

દુર થકીરે અરજી કરૂં રાજ
પિણ તુમ ધ્યાંનરે હજૂર ધુ. મા.
કૃપારે સુદ્દગ શુભ લેહરથી રાજ
હોઈ કિંકર સનૂર ધુ. મા. ૨
અશુરનેં અતી હેં સજ્યા દેઇ રાજ
રાષી જુગોજુગ વાત ધુ. મા.
ઝુઝપણારી કીરત સુણી રાજ
તેહ કહું અવદાત ધુ. મા. ૩
એક દીન સદાસીવરાંમ(વ)જી રાજ
જસવંત ભાઉ તાતો જેમ ધુ. મા.
લસકર લેઈ આયા દરીસણેં રાજ
કુડ કપટ ધરી તેંમ ધુ. મા. ૪
છલ કરવાનેં કારણેં રાજ
જંપે સદારીવ વાત ધુ. મા.
પથર મુરત મેરેં કાઇ હોસિ રાજ
સ્યો દેવતસી કરામાત ધુ. મા. ૫
કોટરી ઉટકરી ધાંમમિં રાજ
બેસાર્યો રે કરી દેવ ધુ. મા.
ભૂતષાંના હિંદૂ પાષડમિ રાજ
માલ ઠગીલેં નીત મેવ ધુ. મા. ૬
જસવંત વદેં શુણી રાઉજી રાજ
રીદ્ધિ પ્રબલ છેં અપાર ધુ. મા.
કરીઇ લોચન ઇહાં દાવ છેં રાજ
કુંણ કરસેં છત્તકાર ધુ. મા. ૭
નમાંષીઉં મધલેયણ ભણી રાજ
અશુર થયોરે ઉજમાલ ધુ. મા.
પિણ સુઢ મનમેં જાંણેં નહી રાજ
જે કિંપાક સમતાલ ધુ. મા. ૮
કરીનેં ઉપદ્રવ ઇમ ચિહું જણેં રાજ
આયા દેવલ મઝાર ધુ. મા.
દરીસણ કરીનેં પાછા વલ્યા રાજ
પકડયો ભંડારી તિણીવાર ધુ. મા. ૯
ચિંતેરેં ભંડારી નીજ મન થકી રાજ
દાંન તો ભંડારે રહ્યો દૂર ધુ. મા.
પિણ લેહણાથી દેહણો થયો રાજ
કાંઇ કરસેરે અશુર ધુ. મા. ૧૦
મનરે ભીંતર ધ્યાયો સીરધણી રાજ
ભંડારીઇ જિનરાજ ધુ. મા.
હેમવિજય શુપસાયથી રાજ
તેજ કહેરે સારો કાજ ધુ. મા. ૧૧

### દૂહા

ભંડારી સમરણ કરે સુણો રૂષભ રાજિંદ
કારલીઓ અશુરેમીલી કરો અસુર નીકંદ ૧
મેં જાંણ્યું દાંમ દેયસ્યૈ તે કાંઇ ન કરી વાત
ઉલટી બાજી માંડીનેં પેલણ લાગા ઘાત ૨
તે માટેં કહું સાહિબા રાષો થારી થેં લાજ
પૌષ વારજ્યું કિંમ કીજીઇ લાજેં વિણસ્યે કાજ ૩
ત્રાસ પમાડણ કારણે ધાયા અસુર ચોક ફેર
અસી નીકાસીને લવેં લીઉ ભંડારી ઘેર ૪
બે વાટીકીઓ સાંકડે બોલાવી અશુરાંણ
અણગમતા નિજ વદનથી વિરૂઇ જંપે વાંણ ૫

### ઢાલ ૩

( ઉઠરેં રાણી દિવડીઓ અજુઆલ
પરદેશી કાગલ આવીયાજી મારા રાજ
બાલ્યો ૨ સવામણ તેલ
પરદેશી કાગલ ન ઉકલ્યો મારા રાજ એ દેશી )
બોલ્યો ૨ સીવરાંમ તાંમ
ભંડારી શુણો વાતડીજી મારા રાજ
મેલ્યો ૨ માલ અનંત
ધૂતીનેં દિન રાતડીજી મારા રાજ ૧
આલરે અમનેં એ ધન આજ
છોડીસ નહી તુમ ભણીજી મા.
સાંમ સેવકને વિઘન અપાર
હોસ્યેરે કહી મન તણીજી મા. ૨
પાંહણે દેવન પાસેરે કોઇ
નિકે માંગો ન એક નિકેજી મા.
તે માટે તુ મત કરજે ગુજ
ઘણું સું કહીઇ તુનેજી મા. ૩
કહે ભંડારી સુણ સીવરાંમ
કુમતી કિંમ દાષવેજી મા.
કુમતિ મારગનારે ભજનાર
થાસ્યેરે ઈમ ભાષવેજી મા. ૪

જો માનો તો ભાખું એક વાત
વિખ્યાતરી નહી મણાંજી મા.
રીષભ જીનરા એક સત પુત્ર
તે માંહે વૃદ્ધ બે જણાંજી મા. ૫
વડો ભરત લઘુ બાહુબલ ભ્રાત
વડાઉઆ તુમ અમતણાજી મા.
આદિમ આદેસર જીનરાજ
કારિજ સારે ઘણાંજી મા. ૬
દીઇ અપૂત્રીયાને પૂત્ર
આપદ સરવેને હરેજી મા.
રોગ જલણને જલરે કંતાર
સંગ્રામે અરિ ઘણાજી મા. ૭
ચોર ગયંદ ને વિસ હરનાર
અષ્ટ ભય અલગા કરેજી મા.
અલખ નીરંજન ત્રીભુવન માંહે
ઠકુરાઇપણો ધરેજી મા. ૮
કંઇ ભાષો છો મુજને યાંહિ
ધણીરે પાસે લીઓજી મા.
શુરપતી નરપતી સેવે ઇણરા પાય
વિદ્યાધર પદ ઇણે દીઓજી મા. ૯
સેહસ અડતાલીસ વિદ્યા કેરા પાઠ
ઇંદ્રે પ્રભુ મુખે કહ્યાજી મા.
નમી વિનમી પાલક પુત
વૈતાઢયે ગીરીઇ રહ્યાજી મા. ૧૦
એહવા ગુણ ધારક જીન રાજ
કેસરીઓ કારે વડોજી મા.
આદજી કેરા લોપે કાર
તે જગ માંહે જડોજી મા. ૧૧
હિંદુ મુસલમાંન બંધવ હોય
એહમાં નહી જૂદાગરીજી મા.
મુલ થકી મેં ભાખી સાચી વાત
જો માનો તો એ છે પરીજી મા. ૧૨
હુંતો એહનો હૂકમી છું દાસ
એ નાથજી છે માહરોજી મા.
જો કરસ્યો થે કાલાજી નરીઆલ
તો કાલ સમાઇ તાહરોજી મા. ૧૩
વયણ શ્રુંણીને ભૃગુટી ચઢાય
અશુર આંણાં લોપતોજી મા.
ભંડારીરા મુખ ઉપરે દઇ થાપ
ક્રોધાતુર કહે કોપતોજી મા. ૧૪
ભંડારીઇ દીઓ ઉપદેસ
જ્યું સુગ્રી કપીને કહેજી મા.
વીનાસ કાલે વિપરીત બુદ્ધ
સાંન ચિહું જણરી ગઇજી , મા. ૧૫
કર વાહર કેસરીયા કૃપાલ
અશુર આવીને અડયોજી મા.
હેમવિજય કવિ રાયનો સીસ
સુતેજ પ્રભુ ધ્યાને મલ્યોજી મા. ૧૬

**દૂહા**

કેસરીયા વાહર કરો ભક્તી કારકની ભીર
આવો મંત્રી અનુંભવે અશુર તણી જે પીર ૧
આવેલા દુખની અછે વરતે છે મહારાય
કબજ કીયો દુષ્ટે મલી એ સવી થહારે પસાય ૨
ભંડારીપણો આદરી આફલ પાંમ્યા આજ
સંગત થાહરી મે કરી ત્યારે રહી આ લાજ ૩
મોહટા લોકરી ને રહ્યા જઈ પાહાડાં વીચ
ઇણી મતિ બહૂ થાયસ્યે કેસરરા ઇહાં કીચ ૪
રાવ સુંણી ધરજો મયા કરજો રહી નિસંક
અસુરપતી ભંડારીને જંપે વયણ અવંક ૫

**ઢાલ ૪**

( કરહા ચાલ ઉતાવલો પગડે આઇ ગણ ગોરજી
બુધસંગ હાડાજીરો કરહલો એ દેશી )
પભણે કુમેદ સદાસીવરાંમની જસવંત ભાઉ તાતો તેમજી
જોઉં રે હું નાથજી તાહરો હમને મારસે કેમજી ૧
કેસરીઓ થારો માંને કાંઇ કરે એ આંકણી
સીર છેદીલે સ્યાંજી તાહરો નાથજી કયુંહી ઉવારે
ધણીઆપું જોવા તાહરૂં આવીને કેંમ ઉગારેજી કે. ૨
મુઢા લોક સયલ મલી કરે પાહાણરા વખાંણજી
લલી ૨ વૃંદ પાએ નમે મતહીણા તે અજાણજી કે. ૩
અરૂણ નયણ કરીને કહે લોચન કરસ્યાં ભંડારજી
તાહરી હે માત દેખાવજે ભુલિસ માંહિ લિગારજી કે. ૪
ઇમ કહી યોધા નરવર લેઇ મુગલ્લ હબસી ને પઠાંણજી
ધુસ પડીજી નગારા તણી ધૌમ મચી ધમસાંણજી કે. ૫

નીલી ટોપીના ધારક ઘણા ઉભલા તાહિ ફરંગજી
આરબરી આર્ભટ હુઇ નવલ નેજા પંચરંગીજી કે. ૬
વસુધા ઉપરે ફર હરે ધુરે નીસાંણ અપારજી
સૈન્ય ઘટા થાટ બહુ મલી સરણાઇરારે ટહકારજી કે. ૭
ઉત્તર ઘન જીમ ઊનહયો તિમ હલ્લકારી તિહાં ફોજજી
સુજસ દેયણ ચિહૂં જણ કરે
મનશુઓ નિજ મોજજી કે. ૮
ગ્રામડીયા માંહે ભીલ થોડલા
સૈન્ય અગ્રાડી નવિ આવેજી
જોધા નર કો દીસે નહી જે આપણને હઠાવેજી કે. ૯
નિકેવલ બેઠો ભૂતડો તસ પાસે નહીં શસ્ત્રજી
નરવાંણી એ પાષાંણમે
નહી તસ અંગે સુવસ્ત્રજી કે. ૧૦
વાંનિ પણ નહીં ચેતના જે ઉઠીને સાંમો થાયજી
બલવંત નર કો દુસરો જે આપણને હઠાયજી કે. ૧૧
ઈંમ ધારી ચિહૂં જણે ધારણા જસવંત દીયોરે આદેશજી
કાઈજી સુભટથે સાહમું જૂઓ
આ દેઉલ આ ગ્રાંમેસજી કે. ૧૨
ફોજ ચઢીરે સનમુષ થઇ કિહાંહી દુરો જીનરાજજી
હેમવિજય સુપસાયથી તેજ કહેરે સારો કાજજી કે. ૧૩

### દૂહા

દલ વાદલ સમ ઉપડયો સ્યાંમ ઘટા ઘન ઘોર
અસુર અતીહે ઉછક થયા કે કઈ કરેજ્યું જંગોર ૧
સંગ્રાંમ વાજા સજ થયા રણસિણગા રણતુર
રણ ભંભા પૂર વાજતે સુભટ હુયા સસનૂર ૨
જોધા નર ચાલે મિલી ઢીલ નહી ઘડી એક
સૈન્ય સકલ મુરષપતિ વચન કહે અવિવેક ૩
ઘેરી લીઓ ગ્રાંમને જીનમંદિર સંજૂત
કુદે ચપલ કુરંગજયૂં દુષ્ટ જીસ્યા યમદુત ૪
દીગમુઢ સહુ નગરીજના આ સ્યો હુઓ ઉતપાત
આયો હુંતો દરીસણ ભણી વીણઠી દીસે વાત ૫

### ઢાલ ૫

(ફતમલ પાણીડા ગઇ તિરે તલાવ લસકર આયોરે
હાડા રાયરો એ દેશી)

જીનપતિ પૂરિજન હાલ કલ્લોલ ઘેરો હુઓરે પરચક્રનો
કેસરીયારે મહારાજ પાંણી રાષોરે નિજ નકરો જી. ૧
વરણ અઢારે જપંત રૂષભ જિણેસર તું ધણી જી.
સીઘ્ર વાહર કર ભીર મેદની વેદની સહે તુમ તણી જી.૨
તિણ વેલા સમુદ્ર મઝાર આપ પધાર્યારે પ્રેમે કરી જી.
શ્રીપતિ નાંમે સેઠ બેઠોરી સહ હૃદય ધરી જી. ૩
તિહાં હુઓ યાંન તોફાન ઉભડ પવન પ્રજોગથી જી.
ડોલણ લાગોરે જિહાજ નિધિ વિચેરે ભાવી
જોગથી જી. ૪
તિહાં નહી કોઇરો આધાર રીવ રીવા સહુ મુષથી
કરે જી.
નિજ ૨ દેવ ગુરૂ ધર્મ આપોપણારે દીલમાં ધરે જી. ૫
કોઇ ભજે હરિહર દેવ કોઇ અલ્લા પીર કોઈ બેચરીજી.
કેઇ વીર જાત સમીર જોગની સક્તિ સમાચરી જી. ૬
સેઠ જંપે નવકાર મંત્ર અમુલક મન ધરે જી.
પંચ પ્રમેષ્ટી શુભ ધ્યાંન વિકરણ શુદ્ધ સમરણ
કરે જી. ૭
રોક રૂકમ સેહ પાંચ સેર સવારે કેસર દીયા જી.
માને ધુલેવરાયને સેઠ સેઠ નિધીરે પારે થીયા જી. ૮
જસરા અભીલાષી જીનરાજ તુરત પોતા તિહાં કિણ
જઈ જી.
નાવ ઉઠાવણ કાજ કરે સુપ્રાક્રમ આતુર થઇજી. ૯
નાવ ઉંચકીરે સતોલ સમુદ્ર તટેરે જાઇ ઠવી જી.
આપ લીઇરે વીસરાંમ તવ તિહાં વાત આવી
નવી જી. ૧૦
દુષ્ટ કીકરે ઇહાં જોર અસુર અસુરાઈ બહુ લહી જી.
ઈહાં થકીરે સુર એક જઇ જીનવરને આગે કહી
જી. ૧૧
સુર રીદયેરે ન સમાય વાત કેડે થઈ તે ભણે જી.
હેમવિજય સુપસાય તેજ કહેરે હેજે ઘણે જી. ૧૨

### દૂહા

સુર કહેરે સ્વામી સુણો પરના સમારો કાજ
શુદ્ધ ન રાષો સપુર તણી તે નિજ વિણસે કાજ ૧
જલવર થલવટ મારગે વીસમી જીહાં કાંતાર
વેલાવા કરીને તુમો લછી વધારી અપાર ૨
તે લછી લેયણ ભણી લેઇ પ્રબલ દલ પુર
વયણ ઉધત મુષ ઉચરે આવ્યો એક અસુર ૩
લીધી હસે કે લેયસે હુંતો આવ્યો છું અત્ર
જરૂર પધારો નાથજી વાટ જોવે જન તત્ર ૪

ભંડારી તુમ ઉપરે કરી મેલ્યો કાર
બીજી વાર તુમચે પદે કોઇ ન ચઢે નિરધાર ૫

ઢાલ ૬

(ઇણ સરોવરીયાંરી પાલ
ઉભી દોય નાગરી લલનાં એ દેશી)

ઇમ સુણતાં જીનરાજને સુર સઘલા મલ્યા લલના
બાવન વીર જંપે એમ અસુર થયા ષલ્યા લલના
પિણ નીજ સ્વાંમીનો દાંમ લેવા કિંમ દીજીઇ લ.
કેસરીયાજીન રાજરો કારજ કીજીઇ લ. ૧
તિહાં આયો અંજની નંદનગિરી કરમા ગ્રહી લ.
દુષ્ટ કરૂં ચકચૂર જ્યૂં આદેશ દો વહી લ.
ચોસઠ જોગની ષપર લેઇ ઉભી રહી લ.
અસુરાંરો રૂદ્ર ભખે વા રૂદ્રાણી ગડગહી લ. ૨
પ્રથમ માંમો વાર આવ્યો વિણાયક મલપતો લ.
દુદાલો દુષભંજન વદનથી જલપતો લ.
કરોનિ શું કાંમ હું સાનિધકારી આગલે લ.
ઉભો છું કર જોડ રીષભજીરી ભાગલે લ. ૩
જટાધારી સીવરાજ સજોડે સક્તિ શું લ.
વૃષભ થઇ અસવાર રાગી જિન ભક્તિ શું લ.
આવી ભણે સુણો દેવ સર્વ શું જોઇ રહ્યા લ.
અજુક્ત વયણ અસુરે બહુ જિનની કહ્યા લ. ૪
દેવહુની ઉચરંત બ્રહ્માજી આવીયા લ.
ચતુર્મુષ ચિહું વેદના પુસ્તક લાવીયા લ.
વેદ ઉચારે કરી ભાષુ એ દુષ્ટ જાસે ગલી લ.
વીલંબતણો નહી કાંમ સુપલ જાએ વલી લ. ૫
બ્રહ્માણી જિન ભક્તિ ધારક શક્તિ મલી લ.
જીનશાસન ભણી સાનધકારી આગલી લ.
દેવ દેવી વીતરાગરા મુષ સામું જોવે લ.
જો નાથજી દીઇં આદેસનો સુર હરષિત હોવે લ. ૬
કરણા સાયર જિનરાજ ભાષે તે સર્વને લ.
આપેહી આપેણે પાપે તજે તે ગર્વને લ.
જીવ હત્યા તણો દોસ આપણ કિંમ લીજીઇ લ.
નિર્ગુણવંતનિ ગુણ દેઇને જસ કીજીઇ લ. ૭
ઇમ નિસુણી સુરવાંણી વદે જિનરાજને લ.
ઇણે આચરણે સમારસ્યો થે નિજ કાજને લ.
મોટા થઇને અજુક્ત વયણ કિંમ ભાસીઇ લ.
હેમવિજય કવિ તેજને ચરણે નિવાસીઇ લ. ૮

દુહા

સુર સઘલા જગનાથને ભાષે એમ વચન
એસી વાત કહી તુમે ન ગમી અમચે મન ૧
કાર લોપ્યો દુષ્ટેમલી ભંડારી મુષ થાપ
દેઇને દાંન લેયવા સજ્જ થયા છે આજ ૨
સિજ્યા વિણ હવે તેહને કિંમહી ન વલે લાજ
તે માટે કૃપા કરી તુમે દ્યો અનુમતિ મહારાજ ૩
તવ ત્રટકી કાલો તિહાં ભૈરવ જંપે એમ
સક્તિ જાત અમ બેહુને કાંમ સમર્પો જેમ ૪
ગૌમુષ યક્ષ બિહુને કારજ આજ્ઞા દેત
સમુદ્ર તટથી અનમેષમેં આવ્યા સુર સમેત ૫

(અપૂર્ણ.)

[આ રાસ હીરવિજયસૂરિ-વિવેકવિ૦ ને શુભવિજય-રૂપવિજય-કૃષ્ણવિજય-રંગવિજય-ભીમવિજય હેમવિજય શિષ્ય તેજ વિજયે સં. ૧૮૭૦ ના ફાગણ શુદ ૧૦ ને દિને મુખ્યતઃ મારવાડી ભાષા મિશ્રિત ગૂજરાતી ભાષામાં રચ્યો છે અને તેની સં. ૧૮૮૪ ની પ્રતમાંથી નકલ કરી કરાવી મુનિશ્રી સંપતવિજયજીએ અમને ઘણા વર્ષ પહેલાં મોકલી હતી. તેનો ઉપયોગ હમણાં કેશરીઆજી તીર્થનું પ્રકરણ ઉપસ્થિત થયું છે તેથી અત્ર પ્રકટ કરવામાં કર્યો છે. અધુરો ભાગ હવે પછીના અંકમાં આવશે. તંત્રી.]

# મોહપરાજય રૂપકનાટકનો સંક્ષિપ્ત સાર.

**અનુવાદક-પંડિત ફત્તેહચંદ કર્પૂરચંદ લાલન.**

[ મંત્રી યશઃપાલકૃત મોહપરાજય નાટક ગાયકવાડ ઓરિએન્ટલ સીરીઝમાં નં. ૯ માં પ્રકટ થઈ ગયું છે. તેનો અર્થ મોહનો પરાજય છે એટલેકે શ્રી હેમચંદ્રાચાર્યના ઉપદેશથી ચાલુક્ય રાજા કુમારપાલે જૈનધર્મ સ્વીકાર્યો, પોતાના અઢાર આજ્ઞાવર્ત્તી મંડલોમાં ૧૪ વર્ષ અમારિ પ્રવર્ત્તાવી, અને બીનવારસ મરનારની મિલ્કત રાજ જપ્ત થવાની જૂની પ્રથાને નાબુદ કરી એ વાતજ આ નાટકના પાંચ અંકમાં જણાવેલી છે. યશઃપાલે અજયપાળના રાજ્યમાં આ નાટક રચ્યું છે. અજયપાલે સં. ૧૨૨૯ થી ૧૨૩૨ સુધી રાજ્ય કર્યું તેથી તે બે વર્ષની વચમાં આ નાટક રચાયું. કર્ત્તા 'શ્રી મોઢવંશાવતંસ શ્રી અજયદેવ ચક્રવર્ત્તિ ચરણ રાજીવરાજહંસ એવા મંત્રી ધનદેવના પુત્ર અને રૂકિમણીકુક્ષિમાં થયેલ પરમાર્હત' પોતાને ઓળખાવેછે. મોઢજાતિમાં અનેક જૈનો પૂર્વે હતા; હેમચંદ્રાચાર્ય મૂળ મોઢ હતા. અને આ નાટક પહેલાં થારાપદ્રપુર (થરાદ)ના પાદરમાં આવેલા શ્રી કુમારવિહારોમાંના એકમાં શ્રીવીરજિનેશ્વરના યાત્રામહોત્સવ પ્રસંગે ભજવાયું હતું, એમ સૂત્રધારના મુખે જણાવ્યું છે. આ થરાદમાં કર્ત્તા સૂબો હોય યા ત્યાંનો રહેવાસી હોય. આ નાટક એક રૂપક તરીકે છે. આવાં રૂપકોમાં પહેલું સં. ૯૬૨ માં જૈનાચાર્ય સિદ્ધર્ષિનું ઉપમિતિભવપ્રપંચકથા નામનું સંસ્કૃતમાં પ્રસિદ્ધ મહારૂપક છે. ત્યાર પછી જૈનેતર સંસ્કૃત સાહિત્યમાં રૂપકો થયા છે નામે પ્રબોધચંદ્રોદય-કૃષ્ણમિશ્રે ચંદેલ રાજા કીર્ત્તિવર્મદેવના રાજ્યમાં સને ૧૦૬૫ આસપાસ રચ્યું તે, સંકલ્પ સૂર્યોદય, માયાવિજય, ચૈતન્યચંદ્રોદય છે. જૈનરચિત પ્રબોધ ચિંતામણિ, જ્ઞાનસૂર્યોદય, જ્ઞાનચંદ્રોદય, આ નાટક ઉપરાંત છે. એક શ્રાવકે રચેલા આ નાટકનો જિનમંડનગણિ નામના જૈનસાધુએ પોતાના કુમારપાલપ્રબંધમાં સંક્ષેપ 'મોહપરાજયરૂપક વસ્તુસંક્ષેપઃ' એ મથાળું કરી આપ્યો છે તે આખો ઉપરોક્ત ગાયકવાડ સીરીઝમાં છપાયેલ આ નાટકની પ્રસ્તાવનામાં આપેલ છે તેનું પંડિત લાલને કરેલું ગુજરાતી ભાષાંતર નીચે મૂકવામાં આવ્યું છે. આમાં પાત્રો કુમારપાલરાજા, તેનો વિદૂષક, અને શ્રી હેમચંદ્રાચાર્ય એ ત્રણ સિવાય બધાં ભાવનામય-(abstract) ગુણો છે. પંડિત લાલન મૂળ નાટકનું પણ ભાષાંતર કરવા માગે છે. **તંત્રી.** ]

**હવે એક વેળા** પ્રભાતનું કાર્ય કરી, પટગજપર **ચઢી શ્રી રાજર્ષિ શ્રી** ગુરૂના વંદન માટે આવ્યા **અને ઉપાશ્રયના દ્વારપાસે** દેવકન્યા જેવી કોઇ કન્યા **રમતી દેખી વિચાર** કરવા લાગ્યા.

**નિસ્સીમ** નવા નવા ઉલ્લાસ કરતી, લાવણ્યરૂપ **અમૃતની નદી** જેવી, **મારા આત્માને આવો આનંદ-આનંદ આપતી આ અદ્દ્ભૂત** કન્યા કોની છે?

**ત્યાર પછી શ્રી** ગુરૂને પદવંદન કર્યું જ્યાં સકલ **સભ્યજનો મળ્યાં છે**, તેની વચમાં સૂરીશ્રીને પૂછ્યું, **"હે!** ભગવન્ પૂર્વે દેખેલી મ્હારા મનને હરણ કરનારી **દ્વારપર** કોની કન્યા છે? તેનું નામ શું છે? ત્યારે **સૂરીશ્રી** પણ એ રાજકુંવરને રાગથી અતિશય **ઉલ્લાસમાં આવેલા** જાણી, તેનું મન તેનાપર લલ-**ચાવવા માટે** તેના કુલશીલાદિ કહે છે; " હે ચૌલુ**ક્યચંદ્ર!** ધ્યાન દઇને સાંભળ:"—

**વિમલચિત્ત** નામનું નગર છે; **વિનય** નામનો તેને કિલ્લો છે; અને તેની ચોમેર **મર્યાદા** નામે વિશાળ ખાઇ છે, ત્યાં **આર્હદ્ધર્મ** નામના નૃપ રાજ્ય કરે છે; જેનો મહિમા આવો છે:—

**એ ધર્મનરેશ્વરની** ઉપાસના કરવાથી શું શું થાય છે?—સુકુલમાં જન્મ, અનેક પ્રકારની વિભૂતિ, વહાલાંનાં સમાગમો કલ્યાણની પરમ્પરા, રાજાઓમાં શિરોમણિપણું, અને વિમલ યશ, એટલાં વાનાં તેના ઉપાસકને થાય છે.

તેઓ એમની સેવા કરનારને મિથ્યાત્વરૂપી પ્રતિબંધાથી છોડાવે છે; સત્ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરાવે છે; પોતાના આશ્રિત જનોને પોતાના આત્મસમાન ગણી તેઓનું પાલન કરાવે છે; એવા ગુણો જ્યારે તેમની પ્રજામાં આવે છે, ત્યારે તેઓ રાજાઓમાં સારામાં સારા રાજા તરીકે પ્રસિદ્ધ થાય છે.

\+ \+ \+

તેમને **વિરતિ**[૧] નામે પત્ની છે, દેવેંદ્રોને પણ તે જોવામાં આવેલી નથી, અને આ લોકના અને પરલોકના સમગ્ર સુખોની પ્રાપ્તિના કારણ રૂપ છે.

એ દંપતીને **શમ, દમ** વિગેરે પુત્રો છે. હવે એકદા તેમને ત્યાં પુત્રીનો જન્મ થયો; તેથી તેઓને ખિન્ન મનોવૃત્તિ વાળાં જોઇ એ દીકરાનાં દાદા-વિશ્વના જાણ, એવા શ્રી જિન કહે છે; પુત્રી જન્મી તેથી ખેદ કેમ પામો છો? આતો પુત્રોથી પણ અધિક તમોને થશે, અને પોતાના પતિને લોકોત્તર પ્રતિષ્ઠા અપાવશે. એથી સર્વે હર્ષ પામ્યા. જન્મોત્સવ કર્યો. **કૃપાસુંદરી**× એવું તેનું નામ પાડયું છે. હાલ તે યુવાવસ્થામાં આવેલી છે. પોતાના મનમાં આવે તેનેજ વરનારી હોવાથી લોકમાં વૃદ્ધકુમારી એવા ઉપનામથી પ્રસિદ્ધ થયેલી છે.

હવે રાજા કહે છે, "ભગવન્! અહીં તેમના આગમનનું કારણ નિવેદન કરો." સૂરીશ્રી બોલ્યા, 'સાવધાન થઈ સાંભળો, રાજન્! *બહિષ્કૃત થયેલ એવો **મોહ** નામે રાજા રાજસૂચિત્તપુરમાં રાજ્ય ભોગવે છે. તે બડો બદમાસ છે. પોતાની મોજમાં પણ રાજાને રંક કરી નાંખે છે. ઈંદ્રાદિ મહારાજાઓને પણ પોતાની આણમાં રાખે છે. મહાનને પણ દાસ બનાવે છે, અને મહા પાપની ક્રિયા તેની પાસે કરાવે છે. વિશેષ શું કહેવું?-ત્રણે પ્રકારના જગત્‌માં કોઈપણ દેવ, મનુષ્ય નથી કે જે તેની આણથી ક્ષણવાર પણ બહાર રહી શકે. વળી તેને **અવિરતિ*** નામે મહારાણી છે. જોવામાં ત્રણ જગતના જીવોને વ્હાલી લાગે છે, કારણ અત્રે તેનું સુખે સેવન થાય છે. તેમના કોપ વિગેરે છોકરા છે, અને પુત્રી **હિંસા** નામેછે. એમ **ધર્મ** અને **મોહ**નૃપને અનાદિસિદ્ધ વૈરભાવ છે, અને તેઓની કડક પ્રતિજ્ઞાઓ ચાલુ છે. બન્નેને રાત્રિદિવસ યુદ્ધનો ઉત્સવ રહે છે. પરંતુ કોઇ વેળા કોઇનો જય અને બીજાનો તો પરાજય થાય છે. ઘણો કાળ ગયો પણ હાર જીત નક્કી થઈ નથી.

એવામાં શ્રી **ચૌલુકય**, યુદ્ધવીર હોવાથી મનમાં ઉત્સાહ લાવી બોલે છે, 'ભગવન્! આ પ્રબંધ બહુ સારી રીતે સમજવા જેવો છે. મારા રાજસભ્ય જનોને તેમજ મારા આત્માને એ પ્રબંધ બહુ આનંદ આપે છે; પરંતુ એક વેળા ઉભય પક્ષના રાજાઓની સેનાઓનું સ્વરૂપ જાણવાની મનમાં ઉત્કંઠા રહે છે. તે કૃપા કરી પ્રભુ શ્રી જણાવો. એવું જ્યારે રાજા બોલ્યા ત્યારે સુરીશ્રીએ કહ્યું, હે! પરમાર્હત [૧]**વિચારચતુર્મુખ! શ્રીકુમારપાલ!** એનું નિરૂપણ જે કરવામાં આવે તે બહુ સૂક્ષ્મ પણ વિસ્તારવાળું છે તે બરોબર સમજી લો, અને તે આ પ્રકારેઃ-**ધર્મનરેંદ્રને સદાગમ** નામે મંત્રી છે, સદ્ અસદ્‌નો વિવેક કરવામાં ચતુર અને અન્ય નૃપોથી ગાંજયો ન જાય એવો એ મંત્રી છે. **વિવેકચંદ્ર** નામે **સેનાધ્યક્ષ** છે. જેણે વિપક્ષનો ક્ષય કરવાની તો દિક્ષા લીધેલી છે. **શુભઅધ્યવસાય** નામે પરિચારક[૧] છે. **સમ્યકત્વ, યમનિયમાદિ** સેનાનીઓ છે. વિશેષ શું કહેવું, રાજન્! **શ્રી ધર્મભૂમીન્દ્ર** ધીર છે તેમજ શાન્ત છે. એટલે કેઃ—

**શ્રીધર્મનરેન્દ્ર**—રાજા
**સદાગમ**—મંત્રી
**વિવેકચન્દ્ર**—સેનાધ્યક્ષ.
**શુભાધ્યવસાય**—અંગરક્ષક. Bopy-guard.
**સમ્યકત્વ**, **યમ-નિયમ** વિગેરે } સૈનિકો.

હવે **મોહનૃપતિનો કદાગમ** મન્ત્રી છે. જે સર્વ દુર્બુદ્ધિનું મૂલમંદિર છે. **અજ્ઞાનરાશિ** તેનો સેનાની છે. **મિથ્યાત્વ દુરઅધ્યવસાયો** તેના સુભટો છે. **મોહ** પોતે ધીર અને ઉદ્ધત છે. એટલે કેઃ-

**મોહનૃપતિ**—રાજા
**કદાગમ**—મંત્રી
અજ્ઞાનરાશિ—સેનાની
**મિથ્યાત્વ**, **દુરધ્યવસાયો** } સુભટો.

૧ વૈરાગ્ય.

+ દયા-અહિંસા-અનુકમ્પા-Compassion.

* સત્વચિત્તપુરથી બહિષ્કાર પામેલા; સત્વગુણીથી દૂર રહેનારો.

* અત્યાગ-અવૈરાગ્ય

૧ ચારે બાજુનો વિચાર કરનાર; વિચાર બહ્મ.

૧ હજુરીઓ.

એ પ્રમાણે સાંપ્રતકાલમાં ઉછળી રહેલા પ્રબલ અને દુષ્ટ તેમજ ઇષ્ટના વિઘાતક કલિકાલને સહાય કરનારા કરાલ વિલાસો સહિત મોહરાજ પોતાના જીવનને મ્હાલી રહ્યો છે. એમણે સર્વ સ્થળે પોતાની આજ્ઞાનું પ્રાબલ્ય ફેલાવેલું છે. અને શ્રી ધર્મનૃપતિને મંડલિક રાજાઓ સાથે પરાજય પમાડી હાંકી કાઢયો છે.

**રાજા**—પછી ?

**સૂરિ**—સર્વત્ર ભમી ભમીને થાકયા, કયાંપણ સ્થિતિ ન પામ્યા ત્યારે સાંપ્રતમાં શ્રી ગુર્જરનાથ ભૂમિના શિરોમણિ જયારે શ્રી **પાટણમાં** વિરાજે છે, ત્યારે અમારા આશ્રમનો (ઉપાશ્રયનો) આશ્રય લઇને કંઇક સ્વસ્થ થઇને **શ્રીધર્મભૂપ** કાળવિલંબન[1] કરે છે. **શ્રીચૌલુકય!** તારાં સુરાજયના અભ્યુદયથી તો તે ખુબ બલવાન થયેલ છે, અને તેથી પોતે ઘણુંજ સન્માન તેમાં પામશે એવું અમે માનીએ છીએ. અમે તમને શરણાંગતને વજ્રના પિંજરા જેવા રાજા માનીએ છીએ.

આવા સૂરિરૂપી ચન્દ્રનાં વચનામૃતોથી પૂર્ણ ઉત્સાહ પામી **કુમારપાળ કૃપાસુંદરીને** યુવાવસ્થામાં આરૂઢ થયેલ સાંભળી હજારોગણો દૃઢ અનુરાગ રાજાને થયો અને તેને હું કયારે પરણીશ એવી ચિંતવના કરતો રાજા ગુરૂને નમન કરી સ્વભુવનને શોભાવવા લાગ્યો.

'ત્યાર પછી,-વાણીમાં તે-હૃદયમાં તે-માર્ગમાં તે-ધામમાં તે-ગગનમાં તે-જલમાં તે-પૃથ્વીમાં તે-અને દિશાઓમાં તે એટલુંજ નહિ પણ તે શશિમુખી સ્વપ્નમાં પણ મારી આસપાસ ફરી રહી છે. બીજાથી શું ? મને તો વિશ્વ પણ તેમયજ લાગે છે.'

આવું બોલતો **કૃપાસુંદરીના** વિરહથી પરવશ થયેલો રાજા છે એવું શ્રી **ઉદયનાદિ** મંત્રીમંડળે જાણ્યું અને શ્રી ગુરૂને આ વૃત્તાંત જણાવ્યો. **ઉદયનાદિ** મંત્રી-મંડળે ભૂપાળ અને તેના પરિવારને ઉપાશ્રયમાં બોલાવ્યા- ગુરૂશ્રીએ રાજાને કહ્યું, હે ! રાજન્ ! કયા આપ્ત પ્રધાન પુરૂષને **શ્રી ધર્મનરેંદ્ર** પાસે મોકલીશું ? **ધર્મનન્દિની**નું માગું કરવાનું છે. સત્કાર કરી આદરપૂર્વક, કોઈ સારા સ્થાનમાં **શ્રી ધર્મનરેંદ્રને** મહોત્સવપૂર્વક આણીને નિવાસ કરાવવો એ યોગ્ય છે. સ્વપદથી ભ્રષ્ટ થયેલ મહાન્ પુરૂષો મહાલજ્જા-સમુદ્રમાં ડૂબી જાય છે. મોટા પુરૂષોની સાથે તે સંબંધાદિ, પણ બોધતા નથી એઓ કાંઇનું કાંઇ સમજી જશે એમ જાણી દુર્જનની ભળતી વાતોથી બ્હીતા રહે છે. માટે આવાં કારણથી **કૃપાસુંદરીને શ્રી ધર્મનૃપ** રાજી થઇ આપશે વિગેરે-વિગેરે બોલે છે. પછી સ્વપરિવાર સાથે વિચાર કરી **મતિપ્રકર્ષ** નામના પ્રધાન આપ્ત પુરૂષને પાઠવ્યો. **શ્રી હેમાચાર્યના** આશ્રમમાં-(ઉપાશ્રયમાં) નિવાસ કરી રહેલા શ્રી **ધર્મભૂપની** પાસે તે ગયો, અને જઇને **કૃપાસુંદરીના** દર્શનાદિનો વૃત્તાંત નિવેદન કર્યો. પછી **ધર્મસુતાનું** માગું કર્યું. શ્રી ચૌલુક્યના ગુણો આ પ્રકારે જણાવ્યા જેમકેઃ—

જે સમ્યકત્વને ધારનાર છે-બંધુજનોને કરૂણાનો એક સિંધુ છે. આર્હત ધર્મનો પરમભક્ત છે-ચાતુર્ય-ગાંભીર્ય વિગેરે ગુણોના સમૂહમાં સદા સ્નાન કરી રહ્યો છે અને ભુવનનો અધીશ્વર છે.

આ પ્રકારે જયારે **મતિપ્રકર્ષે** જણાવ્યું ત્યારે શ્રી **ધર્મનૃપ** કહે છેઃ-હે ! **મતિપ્રકર્ષ**! તું કહે છે તે સત્ય છે. **શ્રી ચૌલુકયચંદ્ર**ના લોકોત્તર ગુણોની સમ્પત્તિ રૂપી બાગની યોગ્યતા વિષે શું કહેવું હોય ?; પરંતુ એ (મારીપુત્રી) સ્વભાવથી પુરૂષદ્વેષિણી છે, અને તેને ન પાળી શકાય એવી પાણિગ્રહણ સંબંધી પ્રતિજ્ઞા છે; એથી કરીને જરા મન ડોલાં ખાય છે.

**મતિપ્રકર્ષ**-શી પ્રતિજ્ઞા છે ? હું સાંભળવાને ઇચ્છું છું.

(અપૂર્ણ.)

૧. યોગ્ય પ્રસંગની રાહ જોવી-અને લાગ આવે ત્યારે કૂદી પડવું.

# અંગ્રેજ રાજ્યની સ્થાપનામાં જૈનોનો હિસ્સો

[ગુજરાત સાહિત્યસભાના એક સભ્ય રા. ડાહ્યાભાઈ મનોરદાસ પટેલના હાથમાં એક જુનું ચોપાનીઉં આવ્યું, આ ચોપાનીઉં જૈન કોમે સરકારને દેરાસરોની પવિત્ર ટેકરીઓના સંબંધમાં અરજી કરેલી તેના ટેકામાં તે કોમના આગેવાનોને મળેલાં પ્રમાણપત્રો, સનદો તેમજ અંગ્રેજ અધિકારીઓના પત્રો રજુ કરેલા તેની છાપેલી નકલ હતી. આ ચોપાનીઉં આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી છપાવવા આવ્યું હોય એમ અનુમાન થાય છે. રા. ડાહ્યાભાઇએ આ ચોપાનીઉં સાહિત્યસભામાં વાંચી બતાવ્યું અને તે ઉપર પોતાના વિચાર રજુ કર્યા. સભાએ બે દિવસ આના જુદા જુદા ઐતિહાસિક મુદ્દાઓ ઉપર ચર્ચા કરી. છેવટે આ સંબંધની માહિતી પ્રસિદ્ધ કરવી કે નહિ અને પ્રસિદ્ધ કરવી તો કેવા સ્વરૂપમાં કરવી તેનો સર્વ અધિકાર કારોબારી મંડળને સોંપ્યો, અને કારોબારી મંડળે સમિતિને સોંપ્યું.

**ચોપાનીઉં કેટલે દરજ્જે માનવા લાયક છે.**

આ ચોપાનીઆમાં શરૂઆતમાં કચબાશા કુટુમ્બનું પેઢીનામું આવે છે. આ પેઢીનામામાં કચબાશા કુટુમ્બ ચંદ્રગુપ્તમાંથી ઉતરી આવેલું બતાવ્યું છે તેમજ આબુનાં દેરાસર બાંધનાર વિમલશાનું નામ એજ કુટુમ્બમાં જણાવવામાં આવ્યું છે. ત્યારબાદ અંગ્રેજ અમલદારો લોર્ડ ક્લાઈવ, લોર્ડ બ્લેઈક, પોપહામ મેનસન, સર ડેવિડ ઓકટરલોની, જેન્કીન્સ, અલેકઝાન્ડર બર્ન્સ, મેકનોટન, લોર્ડ એલનબરો, સર ચાર્લ્સ નેપીઅર, જનરલ આઉટરામ, સર જહોન લોરેન્સ વગેરેનાં પ્રમાણપત્રો અને સનદો આવે છે અને છેવટે શહેનશાહ અકબરની સનદ છે.

પેઢીનામાની કેટલીક વિગત શકભરેલી લાગે છે પણ તે સાથે આપણે સંબંધ નથી. આપણે તો સનદો અને દસ્તાવેજો જ અગત્યના છે. આ દસ્તાવેજો અંગ્રેજ અમલદારોના લખેલા છે એમ કહેવામાં આવ્યું છે. જો આ દસ્તાવેજો ખરા ન હોય તો અંગ્રેજ સરકારને કરવાની અરજીમાં તે દાખલ કરવાની હિમ્મત અરજદારો ન જ કરે.

આ દસ્તાવેજો એક જ મુદ્દાને લગતી બાબતો રજુ કરે છે તે ધ્યાનમાં રાખવું જોઇએ જૈનોએ અંગ્રેજોને રાજ્ય સ્થાપવામાં કેવી મદદ કરી અને તેના બદલામાં જુદા જુદા અંગ્રેજ અમલદારોએ તેમના ધર્મનું રક્ષણ કરવા કેવાં વચન આપ્યાં હતાં તેજ બતાવવાનો અરજદારોનો હેતુ છે. એટલે તેમાંથી બીજી વિગતો મળી ન શકે; તે છતાં તે જમાનાની કેટલીક બાબતપર તે પ્રકાશ પાડે છે. તે વખતની અઢળક ધનસંપત્તિ, વેપારની વિશાળતા, હિંદી વેપારીઓની યોજનાશક્તિ, સમયવર્તીપણું અને સાહસ વગેરેની કાંઈક ઝાંખી આ પત્રો ઉપરથી થાય છે.

જૈન શરાફોએ એકઠા થઈ, રૂપીઆ પચાસ લાખ એકઠા કરી, એશીઆનાં જુદાં જુદાં મથકોમાં પેઢીઓ સ્થાપી, તે પેઢીઓ મારફત કમ્પનીને બાતમી પૂરી પાડવા માથે રાખેલું તેનો સ્પષ્ટ ઉલ્લેખ લોર્ડ કલાઇવની સનદમાં આવે છે. (જુઓ નં. ૨)

કચબાશા કુટુમ્બની શરાફી પેઢી સાથે તે વખતની દુનિયાની મ્હોટામાં મ્હોટી થોડીજ બેન્કો બરાબરી કરી શકતી તેમ લોર્ડ એલનબરો જણાવે છે. (જુઓ નં. ૧૩)

આ દસ્તાવેજો ઉપરથી માલમ પડે છે કે અંગ્રેજ અમલદારો જણાવે છે તે પ્રમાણે તેવી મદદ સિવાય અંગ્રેજોને જીતવું અશકય થઇ પડત.

પ્રશ્ન ઉભો થાય છે કે વિચારશીલ અને શાંતિપ્રિય એવી જૈન કોમે પરદેશી અને પરધર્મી અંગ્રેજ પ્રજાને મદદ કરવા કેમ ઉત્સુકતા બતાવી? આ પ્રશ્નનો ઉત્તર કેટલેક અંશે દસ્તાવેજોમાંથી મળી આવે છે. તે વખતની હિંદુસ્તાનની સ્થિતિ અંધાધુંધીવાળી હતી. જૈન કોમ આખા હિંદુસ્થાનમાં તેમજ હિંદુસ્થાન બહાર વેપાર ખેડતી હતી અને "તેઓ એમ માનતા હતા કે અંગ્રેજોની મદદથીજ તેમનો વેપાર સહીસલામત ચાલી શકશે."

(એચ. આર. કુક. આસિ. સેક્રેટરી, હિંદી સરકાર, ૧૮૮૨.)

એમને વેપાર વધારવાની પણ તક સાધવી હતી અને તેમની પેઢીઓના રક્ષણ માટે અંગ્રેજોની મદદ જોઈતી હતી. તે તેમને લોર્ડ કલાઇવની સનદથી મળી. (નં. ૨)

જૈન ધર્મમંદિરો એ જમાનામાં ભયમાં આવી પડયાં હોય અગર તે જમાનામાંના જૈન આગેવાનો ભવિષ્યમાં ધર્મ ઉપર આફત આવશે એમ માનતા હોય અને તેથી કરીને ધર્મરક્ષણની ખાતર પણ તેમણે અંગ્રેજોને મદદ કરી હોય એમ દસ્તાવેજો જોતાં લાગે છે. ઘણા દસ્તાવેજોમાં ધર્મનું રક્ષણ કરવાનું વચન જુદા જુદા અંગ્રેજ અધિકારીઓએ આપ્યું છે.

અમે પ્રજાનું એટલું ધ્યાન દોરવાની રજા લઇએ છીએ કે તે જમાનાના જૈન સિવાય જુદી જુદી કોમની વ્યક્તિઓએ પણ અંગ્રેજ રાજ્યની સ્થાપનામાં મદદ કરી

હતી તેથી જૈન કોમ તરફ કોઈ પ્રકારના પક્ષપાત અગર આક્ષેપ કરવાના હેતુથી આ દસ્તાવેજો પ્રસિદ્ધ કરવામાં આવતા નથી. પણ હિંદુસ્થાનના ઇતિહાસના એક અગત્યના ભાગ ઉપર આ દસ્તાવેજો પ્રકાશ પાડે છે તેથી જ અગત્યના દસ્તાવેજોની પ્રસિદ્ધિ આવશ્યકધારી બાકીના બીન-અગત્યના છોડી દીધા છે.

મંત્રી, ગુજરાત સાહિત્ય સભા.]

## નં. ૧

## લોર્ડ કલાઈવની સનદ

મુગટબંદ શ્રી સંગજી ઇત્યાદિ જોગ

જ્યારે અમે ઘણી મુશ્કેલીમાં હતા તે સમયે બ્રિટિશ રાજ્યના હિંદુસ્થાનના પ્રતિનિધિ તરીકે મારી ઘણી વખાણવાલાયક સેવા કરવા માટે આ સનદ મુગટબંદ છત્રપતિ શ્રી સંગજી સુલતાન કચબાશાને આપવામાં આવે છે, જેમની સુંદર મદદ વગર અમારે ઘણા કીમતી જાન ગુમાવવા પડયા હોત અને અમારૂં રાજ્ય દક્ષિણ હિંદમાં વધી શકયું હોત નહિ. તેમણે જાતે અને તેમની સૂચના અને હુકમથી કેટલાંક માણસોએ એવી કીમતી સેવા બજાવી છે કે તેનું વર્ણન થઈ શકે તેમ નથી. માત્ર હું એટલું જ કહેવા ઇચ્છું છું કે અમે તેમના ખૂબ જ આભારી છીએ અને જ્યાંસુધી અંગ્રેજ પ્રજાની દક્ષિણ હિંદમાં સર્વોપરિ સત્તા રહે ત્યાં સુધી બધા અમલદારોએ એટલું ધ્યાનમાં રાખવું જોઇએ કે દક્ષિણ હિંદમાં અગ્રેજ રાજ્ય વધારવાની શ્રી સંગજીની તીવ્ર ઇચ્છા ન હોત તો તે મુરાદ પાર પાડવી આપણને ઘણી વસમી પડત.

તેથી હું આ સનદ એવી ઇચ્છાથી આપું છું કે આજથી હવે પછી અંગ્રેજ પ્રજાએ તેમનાં કુટુમ્બીઓ અને મિત્રો કે જેઓએ અંગ્રેજ રાજ્યના હિન્દુસ્થાનમાંના પ્રતિનિધિઓ તરફની સક્રિય સહાનુભૂતિને લીધે ઘણું ખમ્યું છે તેમને કોઇ વખત ભૂલી જવા જોઇએ નહિ. તેમણે, તેમના કુટુમ્બીઓએ અને મિત્રોએ જ્યારે જરૂર પડેલી ત્યારે ઘણે જોખમે ખબર પૂરી પાડેલી. તેમની ઇચ્છા છે કે અંગ્રેજ રાજ્યે તેમના ધર્મ અને તેમના પંથના લોકોનું સર્વદા રક્ષણ કરવું અને મેં અંગ્રેજ રાજ્યના પ્રતિનિધિ તરીકે જ્યાંસુધી તે રાજ્ય હિંદુસ્થાનમાં ટકે ત્યાંસુધી તેમ કરવાનું વચન આપ્યું છે. તે મુગટબંદ વિમળશા કે જેમના પીર (તીર્થ?) અને ધાર્મિક સંસ્થાઓ હિન્દુસ્થાનમાં કેટલીક જગ્યાએ હાલ પણ અસ્તિત્વમાં છે અને જેમના સૌંદર્યને માટે ઉંચો અભિપ્રાય રાખી શકાય તેવાં, અને યોગ્ય રીતે સાચવવા લાયક છે તે વિમળશાના આબરૂદાર કુટુંબના તેઓ ફરજંદ છે.

૨ જી જાન્યુઆરી, ૧૭૫૭.

(સહી) કલાઇવ.

કર્નલ

---

## નં. ૨

## લોર્ડ કલાઈવ

મુગટબંદ છત્રપતિ મહારાજાધિરાજ શ્રી સંગજી સુલતાન કચબાશા, ગોમત સાથે સિકંદર બહાદૂર રામકીસન પૃથ્વીરાજ શ્રીમત તત્રોજય જોગ

આ પ્રમાણપત્ર તમને નીચેનાં કારણોથી આપવામાં આવે છેઃ—

કાઉઆજી કરા કચબાશા અને દાઉરાજ તુશ કે જેઓ મારા સર્વોત્તમ મિત્રો અને સલાહકાર હતા તેમની ખોટથી મને થએલી દિલગીરી પ્રદર્શિત કરવાની હું ફરજ સમજું છું. તેમના કુટુમ્બીઓને મારા તરફથી કહેજો કે તેમની ખોટથી થએલી દિલગીરીમાં તેમના જેટલો જ હું ભાગીઓ છું. તેમના કુટુમ્બ અને છોકરાંની સંભાળ લેવાની તમે પ્રતિજ્ઞા લીધી છે તે બદલ હું તમારો આભાર માનું છું. અને હું વચન આપું છું કે જ્યારે જરૂર પડશે ત્યારે તેમની સંભાળ લેવાની મારી ફરજ રહેશે.

વળી તે જ વખતે બે માણસ એટલે જગતશેઠ મતબરાય અને તમારા ધંધા અને બીજાં કામોના ભાગીદાર સરૂપચંદની બંગાળામાં મુર્શિદાબાદના નવાબને લીધે પડેલી ખોટની દિલગીરી જાહેર કરવાની છે. તેમનાં કુટુમ્બો તરફ મ્હારી સહાનુભૂતિ પ્રદર્શિત કરવાનો મારો ઇરાદો છે.

તમે તમારામાંથી એટલે શરાફો, વેપારીઓ અને બીજાઓમાંથી સિક્કા રૂપીઆ પચાસ લાખ એકઠા કરી અને તે હિંદુસ્થાનમાંના જુદા જુદા

દેશોના જુદા જુદા ભાગમાં મકાનો ઇમારતો બાંધવામાં અને આ જગ્યાઓએથી પૂર્વમાંના અંગ્રેજ રાજ્યના તાબાના મુલકની ખબરો અને વિગતો પૂરી પાડવામાં ખર્ચશો, એવી દરખાસ્ત સાંભળીને અત્યંત ખુશી થયો છું. આવી ઉમદા દરખાસ્ત આવે તે માટે હું ઇંતેજારજ હતો. આ જગ્યાઓએથી બધી અગત્યની ખબરો લાવવા લઇ જવા માટે ખેપીઆ નીમવાનું તમે માથે રાખ્યું છે, એ પણ ખુશીની વાત છે.

બધા સરદાર રાહી અને ખેડૂતોને અમારા તાબામાં અને રાજ્યમાં લાવવાની તમારી દરખાસ્ત અને તે કામને માટે જોઇતા બધા પૈસા તમારે રોકવા એ પણ અમારી ઇચ્છા મુજબ છે.

તમારી કોઠીઓ અથવા શરાફનો કે વેપારનો ધંધો પૂર્વની બ્રિટિશ હકુમતમાં અને પરદેશી રાજાઓના રાજ્યમાં વધારશો અને ધંધાની જુદી જુદી શાખાઓ મારફત, વેપાર મારફત અને વેશ બદલીને તમે બધી હરેક જાતની ખબર અને પરદેશના હુમલા કે ટંટાફિસાદની છૂપી બાતમી આપશો, તે દરખાસ્તના સંબંધમાં અને જે વખતે અને જે સ્થળે અંગ્રેજ સરકાર તમારી, તમારા ભાગીદારો, જોડીઆઓ, મિત્રો, આડતીઆઓ, ગુમાસ્તા, ખિદમતગારો અને નોકરોની સેવા માગે તે વખતે અને તે સ્થળે તમે અને તેઓ સઘળા હાજર રહો અને અંગ્રેજ સરકાર ગમે તે વખતે હરેક કિસમતનાં જે કામ કરાવવા માગે તે માથે લો અને કરો, તેવું જ તમારા વારસો અને પ્રતિનિધિઓ કરે. તે દરખાસ્તના સંબંધમાં હું કહું છું કે તમે જુદી જુદી કરેલી દરેક દરખાસ્ત જોડે આદર અને પ્રેમથી હું સંમત થાઉં છું.

અને તમારી અરજ સંબંધમાં કે તમારા, ભાગીદારો, જોડીઆઓ, મિત્રો, આડતીઆઓ વગેરેના આ કામના બદલામાં તમારી જાતને તમારી મિલકત અને ઇસ્કયામતનું રક્ષણ કરવાનું મારે માથે રાખવું.—આ સનદથી તમારી એ અરજ બહાલ રાખું છું.

બ્રિટિશ હકુમતમાંના તમારા બધા વેપારધંધા અને રોજગારનું રક્ષણ કરવાની તમારી અરજ હું સ્વીકારૂં છું, અને આ સનદથી તે અરજ બહાલ રાખું છું અને જેવી જોઇશે તેવી બધી જાતની હું મદદ આપીશ.

જો તમારા ઉપર અગર તમારા ભાગીદારો ઉપર દુશ્મનનો હલ્લો થાય તો અંગ્રેજ સરકાર તેમના સિપાઇ અને સોલ્જરો તમારી તેમજ તમારામાંના દરેકની મિલકતના રક્ષણ માટે આપે. તે અરજ હું મંજૂર રાખું છું અને જેવો પ્રસંગ હશે તેવી બધી મદદ આપવાનું વચન આપું છું.

તમારા કોઇ નોકર, ભાગીદાર કે આડતીઆ કોઇ વખત તમારા સામે કપટ કરે તો અંગ્રેજ સરકાર તેમને પકડી સજા કરે અને તેમની પાસેના તમારા પૈસા વસુલ કરે એ અરજ પણ હું મંજૂર કરૂં છું.

અંગ્રેજ સરકારે તમારા ધર્મમાં હાથ ન ઘાલવો એ અરજના સંબંધમાં હું ખુલ્લું કહું છું કે મને આશા છે કે તેઓ કદિ તેમ કરશે નહિ.

છેવટે હું કહેવાની રજા લઉં છું કે તમે અને તમારા માણસોએ વખતો વખત અને ખાસ કરીને આર્કટમાં કરેલી સેવા હું કદિ ભૂલીશ નહિ.

૩ જી મે, ૧૭૬૫ (સહી) ક્લાઇવ.

---

## નં. ૩

## લોર્ડ લેઇકની સનદ

રાજગિરિ ટુંકના મુગટબંદ છત્રપતિ મહારાજાધિરાજ કેસરી કુંવરજી શોભાઇ શ્રીસંગજીએ આપણને પંજાબની, હોલ્કર સાથેની, ભરતપુરની અને વાયવ્યમાંની આપણી બધી અગત્યની લડાઇઓમાં ઘણી મદદ આપી છે. ઉત્તર હિંદના કેટલાક ભાગમાંની આપણી સર્વોપરિ સત્તા તેમને આપેલી શીઘ્ર મદદને આભારી છે. ઘણા કીમતી જાન નાશ પામતા બચાવવામાં તે કારણભૂત હતા. તેમની ડહાપણભરેલી મોદીખાનાની વ્યવસ્થા હમેશાં ઉપકાર અને આભારની લાગણીથી સાંભરશે. આપણા ઘણા કરોડીને

વખતે તેમણે આપણને મદદ આપી હતી અને બ્રિટિશ રાજ્યના ભલાની કે કાંઇ ઉપયોગી થાય તેવી ખબર ધીરજ અને શ્રમથી એકઠી કરી હતી. રાજ્યને જે અગત્યની અને ખુલ્લી મદદ આપવામાં તેઓ કદિ પાછા પડયા નથી તેનો પુરો બદલો વાળી શકાય એવું નથી. હિંદુસ્થાનમાંના અંગ્રેજોના કામમાં જે હિત તે બતાવતા તે હમેશાં આપણને યાદ રહેશે. અને તેમને અને તેમના કુટુંબીઓને સમાજમાં ઉંચા માન અને દરજ્જે ચઢાવવાની બધા ઉંચા બ્રિટિશ અમલદારોની ફરજ રહેશે.

૩ જી જાન્યુઆરી, ૧૮૦૫ (સહી) લેઈક

## નં. ૪

બધી બાજુએ ઉંચા જાડા કોટથી ઘેરાએલો અને ઘણે ભાગે ન ચઢી શકાય તેવા પર્વતની ટોંચ પર બાંધેલો હોવાથી ગ્વાલિયરનો કિલ્લો લગભગ અજીત હતો. જો મહારાજાધિરાજ સવાઇ સિકંદર સરૂપચંદ ગુપ્ત કે જેમણે આપણા સાહસમાં ખરા મનથી મદદ આપી તેમની મદદ ન હોત તો તેનો કબજો કોઈ રીતે લઇ શકાત નહિ. કિલ્લામાં ટેકરીની ટોંચે જતો એક છૂપો રસ્તો હતો. આની બાતમી તેમણે મેળવી અને આપણને ખબર આપી અને તેથી આપણી ઉમેદ સહેલાઇથી બર આવી.

આ વખતની તેમજ બીજા પ્રસંગની તેમની સેવા બ્રિટિશ તરફની તેમની વફાદારી અને ભક્તિને લીધે પ્રેરાઇ હતી. આપણે હમેશાં તેમના ધર્મની જાહોજલાલી, તેમના દેશની સ્થિતિ અને તેમના કુટુમ્બના હક્ક ધ્યાનમાં રાખવા જોઇએ.

૧૭૮૨ (સહી) પોપહામ
કેપ્ટન

## નં. ૫

હિંદી રાજ્યકર્તાઓની સાથેના વિગ્રહોમાં બ્રિટિશ પક્ષને વિજય અપાવવામાં મુગટબંદ છત્રપતિ મહારાજાધિરાજ દેવરાજ બહાદૂર રાજહમીર કુંવરજી ગુપ્ત તૈયાર હતા. મરાઠા જસવંતરાય સામેના આપણા વિગ્રહમાં તેમણે દેખીતો ભાગ ભજવ્યો હતો. તેમના પોતાના માણસોના જીવને જોખમે કોટાની વિરૂદ્ધ ચંબલ ઓળંગવામાં તેમણે મદદ કરી હતી. મુકન્દરાના પહાડી કિલ્લામાં અને ભેજવામાં અને સૂકાં જંગલોમાં બ્રિટિશ સોલ્જરોના જાન બચાવવાના પ્રયત્નમાં તેમની પ્રશંસનીય ફત્તેહ અવર્ણનીય છે.

બધા સદ્‌ગુણોનો શિરોમણિ અમારી આભારની લાગણી તેમના સ્વાર્થ, ધાર્મિક, રાજકીય અને સાંસારિક, ઘણી સંભાળ અને કાળજીથી સાચવવાની ફરજ પાડે છે.

૧૮૦૪ (સહી) મેન્સન

## નં. ૬

## સર ડેવિડ ઓકટરલોનીનો પત્ર

૧૪-૪-૧૮૧૫

મુગટબંદ છત્રપતિ મહારાજાધિરાજ મુંદેશા સરૂપચંદ અને કશન કોરવાશી બાલાસાહેબ સોબમલ.

મને તમને આ પ્રમાણપત્ર આપતાં ઘણો આનંદ થાય છે. તમને લખતાં મને માન મળ્યું એમ હું સમજું છું. તેનું પહેલું કારણ એ છે કે હિન્દુસ્થાનના ઘણા પ્રાચીન રાજાઓમાં તમારો બરોબરીઓ શોધ્યો જડતો નથી. તમારા બાપદાદા વખતોવખત હિંદુસ્થાનપર રાજ્ય કરી ગએલા કેટલાક મુસલમાન રાજાઓના સન્માનિત મિત્ર હતા, અને તમારા બાપદાદાઓની એક વખત હિન્દુસ્થાનના સૌથી બળવાન સરદારોમાં ગણના થતી. તેમની પાસે એટલું અઢળક ધન હતું કે તેની આંકડાંમાં ગણત્રી થઇ શકે નહિ. હિન્દુસ્થાનના જુદા જુદા ભાગમાંની તેમની ધાર્મિક સંસ્થાઓ અજાયબીઓ ગણાય છે. અંગ્રેજ સરકાર જોડેની તમારી મૈત્રીનું વર્ણન થઇ શકે તેમ નથી. વખતો વખત તમે તેમને આપેલી મદદ સરકારને હમેશાં યાદ રહેશે. નેપાલ વિગ્રહમાં તમે મારી કરેલી સેવા એટલી બધી છે કે તે ગણાવી શકાય નહિ. અને હું કહું છું કે જો અંગ્રેજોના હિન્દુસ્થાનમાં કોઇ મિત્રો હોય તો તેમાં કોઇ તમારી બરાબર નથી.

## નં. ૭
## જેન્કીન્સનું પ્રમાણપત્ર

૨૭-૯-૧૮૧૭

મુગટબંદ, છત્રપતિ ગુણરામ શ્રીસંગજી કચબાશા જોગ

જે ઉચ્ચ પ્રકારના માનથી હું તમને જોઉં છું તે આ થોડી લીટીમાં નોંધવાને શક્તિમાન થવાથી મને ઘણો આનંદ થાય છે. હિન્દુસ્થાનનાં પ્રાચીન રાજ્યકુટુંબમાં તમે જન્મ્યા હતા. તમારા બાપદાદા બ્રિટિશ રાજ્યના મહાન મિત્ર હતા અને તેમને પગલે ચાલીને પુનાના હમણાં થઈ ગએલા વિગ્રહમાં એવી મદદ અને એવી વેળાસરની કીમતી ખબર તમે આપી હતી કે તેના સિવાય અમારી જીત ઘણી મુશ્કેલીથી અને ઘણી મોડી થાત. અંગ્રેજ રાજ્યના એક ઉંચા અમલદાર તરીકે જ્યારે જરૂર પડશે ત્યારે એવીજ રીતે તમને મદદ આપવામાં હું આનંદ માનીશ.

## નં. ૮

મુગટબંદ મહારાજાધિરાજ સંક જોરાવર સુલતાન સુરધરશન ચોગુણ ગુપ્તે આપણા હિન્દુસ્થાનના વિગ્રહોમાં ઘણી મદદ આપી છે. તેમની મારફતજ મહિદપુરની લડાઇમાં મીરખાં અને કાફરખાંને બ્રિટિશ પક્ષમાં મેળવી લેવામાં આવ્યા હતા. ભવિષ્યમાં તેમના ધાર્મિક પંથની જાહોજલાલી અને તેમના સમાજની શાંતિની સંભાળ લેવાની આપણી ફરજ રહેશે. તેમને અને તેમના વંશજોને હંમેશાં માન-મરતબાથી રાખવામાં આવશે.

૧૮૧૮ (સહી) નામ વંચાતું નથી.

**મદ્રાસના કમાન્ડર-ઇન-ચીફ.**

## નં. ૯

આલી વરમાના કચબાશા મુગટબંધ છત્રપતિ મહારાજાધિરાજ મન્ડુશી સરૂપચંચદ ગુપ્ત; જુદા જુદા એશિયાના લોકો જેવા કે કાબુલ, કંદહાર, સમરકન્દ, હિરાત અને બીજી જગ્યાઓની હિલચાલ પર દેખરેખ રાખે છે અને તેમની તપાસનાં પરિણામના સંદેશા સંભાળપૂર્વક બ્રિટિશ અમલદારોને મોકલે છે, કે જેથી કરીને તેનો લાભ ઉઠાવી શકાય. આવી લાભદાયી સેવા માટે સરકાર તેમની આભારી છે, કારણ કે તે દેશમાંના બધા વિગ્રહ, સલાહો અને લશ્કરી બાબતોની વ્યવસ્થા માટે તેમના ઉપર આધાર રાખવો પડયો હતો. આ ઉપરથી તે બ્રિટિશ પક્ષને વફાદાર અને નિમકહલાલ છે. તેમના હેવાલ હંમેશાં ખરા હતા અને એવા પ્રકારના હતા કે તે હેવાલ ઉપર હમેશાં ભરોસો રાખી શકાતો. તેમની સેવાના યોગ્ય બદલા તરીકે તેમના ધર્મ અને તેમના કુટુમ્બના માનની સંભાળ રાખવાની સરકારની ફરજ રહેશે.

૧૮૩૭ (સહી) **અલેકઝાન્ડર બર્ન્સ**

## નં. ૧૦

હિન્દુસ્થાનમાંની બ્રિટિશ સરકાર કાબુલની ચઢાઇના સંબંધમાં મુગટબંદ છત્રપતિ મહારાજાધિરાજ મન્દશી સરૂપચંદ ગુપ્ત કચબાશાએ કરેલી અગત્યની અને અમૂલ્ય સેવાને લીધે ઘણી આભારી છે. જંગલ અને પહાડી કિલ્લાઓ આગળ આપણા કેટલાયે સોલ્જરોના જાનનો, તેમની બુદ્ધિશાળી રચના અને યુક્તિથી વિનાશ થતો બચ્યો છે, અને તેમના અનુયાયીઓથી આપણી સંખ્યામાં હમેશાં વધારો થયા કરતો. આપણને મોદીખાનાની કાંઇ મુશ્કેલી ન પડી તે પણ તેમનેજ લીધે. ભવિષ્યમાં તેમના વંશજોની મિલ્કત, માન અને ધર્મનો નાશ તથા બગાડ થતો અટકાવવાની કાળજી લેવાની આપણી ફરજ રહેશે.

૪ થી નવેંબર, ૧૮૪૦ (સહી) **ડ્રુમન્ડ**
**કેપ્ટન**

## નં. ૧૧

મુગટબંદ છત્રપતિ મહારાજાધિરાજ ગગુશા વમળશા સુલતાન કચબાશાએ કાબુલની ચઢાઇમાં આપણને ઘણી મદદ કરી છે અને કટોકટીને વખતે આપણા સિપાઇઓને ખોરાક પૂરો પાડવાને બની શકે તેટલી સગવડ ભરેલી વ્યવસ્થા કરવાને ઘણી સંભાળ લીધી છે. તે દેશમાંના તેમના આશ્રિતો અને અનુયાયીઓની ભરતીને લીધે આપણી સંખ્યામાં ઘણો વધારો થયો હતો. નદીઓ ઓળંગવામાં અને

જંગલો અને પહાડી કિલ્લાઓ વટાવવામાં પણ તેમની સેવા ઉપયોગી નીવડી હતી. આવા પૂર્વજનું અનુકરણ કરીને તેમના વંશજો હમેશાં સ્હેજ પણ ચળ્યા વગર બ્રિટિશ પક્ષને વફાદારીથી વળગી રહેશે એમ સાધારણ રીતે ધારી શકાય.

અને જો બીજી તરફથી હિન્દુસ્થાનમાંની અંગ્રેજ સરકાર તેમના ધાર્મિક પંથ અને સમાજ જે થોડા વખતથી જુદા જુદા પરદેશી દુશ્મનોથી ભ્રષ્ટ કરવામાં આવે છે તેની સંભાળ નહિ લે તો કૃતઘ્ની ગણાશે.

૧૮૪૧ (સહી) લોરેન્સ
કેપ્ટન

## નં. ૧૨

મુગટબંદ છત્રપતિ મહારાજ કુંવર જયસિંગ ગુપ્ત વિક્રમ આપણા કાબુલના વિગ્રહોમાં ઘણા ઉપયોગી થયા હતા. આપણે ચેતતા રહીએ તેટલા માટે જુદી જુદી દિશાએથી આપણે માટે તે ધીરજથી અને સંભાળપૂર્વક ખબરો એકઠી કરતા એટલું જ નહિ, પણ દુશ્મનથી અને બીજા ભયથી આપણું રક્ષણ કરવા આપણને લાભદાયી રસ્તા અને મથકો તેમના પ્રયત્નથી જડયાં હતાં. કાબુલ અને તેની આસપાસના મુલકના રહેવાસીઓ જે તેમના આશરે હતા તેમને આપણા સિપાઇઓની સંખ્યામાં વધારો કરવા માટે ફોડીને આપણા પક્ષમાં લેવામાં આવ્યા હતા. અફઘાનિસ્તાનમાં જે થોડું પણ આપણે વધી શકયા તે તેમની આ કીમતી મદદ વગર બનવું મુશ્કેલ હતું.

તેમના પંથના ધર્મ તથા તેમનો સમાજ ભ્રષ્ટ થતો બચાવવાની અને ભવિષ્યમાં તેમના કુટુમ્બનો માનમરતબો રાખવાની હિંદુસ્થાનમાંની બ્રિટિશ સરકારની ફરજ હોવી જોઇએ.

૧૮૪૩ (સહી) મેકનોટન

## નં. ૧૩

**લોર્ડ એલનબરોનું પ્રમાણ પત્ર** ૫-૧-૧૮૪૪

મુગટબંદ છત્રપતિ મહારાજાધિરાજ નથમલ શ્રી સીંગજી.

આ પ્રમાણપત્ર મારે તમને આપવું એમ નક્કી થયું છે.

આ પ્રમાણપત્ર આપતાં પહેલાં મારે જણાવવું જોઇએ કે તમારૂં કુટુંબ ખરી રીતે તવંગરોના રાજા જેવું હતું, તે સાબિત કરવાને સારી સેવાના બદલામાં મોગલ રાજાઓના સમયથી ઠેઠ હાલના સમય સુધી તમને તેમજ તમારા બાપદાદાઓને મળેલાં પ્રમાણપત્રો એકલાંજ પૂરતાં છે અને તેથી કરીને તેમને હમેશાં માન મળતું. મને માલમ પડયું છે કે તમારૂં શરાફીનું કામ આખા હિંદુસ્થાનમાં ચાલે છે અને તે એટલી હદ સુધી કે આખી દુનીઆમાં એવી થોડીજ બેન્કો છે જે તમારી એક પેઢીની પણ બરાબરી કરી શકે. તમારા પૂર્વજોએ હિંદુસ્થાનનાં જુદાં જુદાં ધાર્મિક મકાનો પાછળ એટલું અઢળક ધન ખર્ચ્યું છે કે તે મકાનો હાલ કારીગરીની અજાયબીઓ છે.

હું તમને ખરેખર મિત્ર ધારૂં છું, મારાજ નહિ, પણ જે સરકારનો હું પ્રતિનિધિ છું તે સરકારના પણ ઘણા કીમતી મિત્ર ધારૂં છું. તેમના ભલા માટે અને પૂર્વમાં તેમના રાજ્યના વધારા માટે ઘણી ઉપયોગી અને કીમતી સેવા જે તમે કરી છે તે અંગ્રેજ સરકાર કદિ ભૂલશે નહિ, મરાઠા, ભરતપુર અને મારા વખતમાં થએલા બીજા વિગ્રહોમાં અંગ્રેજ અમલદારો અને ટુકડીઓ માટે એટલા અઢળક પૈસા તમે રોકયા છે-અને તે વખતે તેજ મુખ્ય મદદ જોઇતી હતી-કે અંગ્રેજ સરકાર તમારા શરાફીના ધંધાના ભલાને માટે બંધાએલી છે. અને હું ધારૂં છું કે તમારા ભલા કરતાં તેમના પોતાના ભલાને માટે તેમણે તેમ કરવું જોઇએ. તમારી માલમિલ્કત તેમજ તમારા જુદા જુદા ભાગીદારો અને આડતીઆઓની માલમિલ્કત માટે જ્યારે મદદ જોઇશે ત્યારે આપવામાં આવશે.

લોર્ડ એલનબરોની સહી.

# તંત્રીની નોંધ.

## ૧. મી. મુનશી કમિટી અને શ. મોતીચંદભાઇ.

ઉક્ત કમિટી શા કારણે નીમવામાં આવી હતી અને તેણે શું કર્યું તે સંબંધી ટુંકમાં અમે ગત ફાગણ-ચૈત્રના અંકમાં જણાવ્યું છે. તેણે જે રીપોર્ટ કર્યો તે પણ તેજ અંકમાં પૃ. ૩૧૯-૩૨૦ મૂકવામાં આવ્યો છે. તે રીપોર્ટના ટુંક સારમાં તેના બે ભાગ છે.

૧લા ભાગમાં શ્રીયુત મુનશીની નવલકથાઓ તથા ચોપડીમાં જે જે વાંધા ભર્યાં લખાણો છે તેનું સૂચન છે.

૨જા ભાગમાં કાર્ય પદ્ધતિ એટલે ઉક્ત લખાણો સંબંધમાં શું કરવું તેની સૂચના છે કે (૧) તે લખાણો સંબંધે તે રીપોર્ટની નકલો જૈન તેમજ જૈનેતર વિદ્વાનો ઉપર અભિપ્રાય માટે મોકલવી. જૈન મુનિરાજોપર પણ અભિપ્રાય માટે મોકલવી (૨) તે સર્વના અભિપ્રાયો મળ્યા પછી પ્રકટ કરવા. (૩) શ્રીયુત મુનશી સંતોષકારક ખુલાસો કરે નહિ તો જાહેરપત્રોમાં તેમની નવલકથાની સમાલોચના કરવી, જે વધુ મહારાજોને આંદોલન કરવા વિનંતિ કરવી, સ્થલે સ્થલે વિરોધદર્શક સભાદ્વારા વિરોધ રજુ કરવો. (૪) મુંબઇ યુનિવર્સિટીમાં તે પાઠય પુસ્તક તરીકે મુકરર થાય તે સામે સખત ચળવળ કરવી ને તે માટે તે યુનિવર્સિટીના કાર્યકર્તા તથા મુંબઇ સરકારને કરેલા ઠરાવ મોકલવા.

આ રીતે થયેલા રીપોર્ટપર તે કમિટીના છ સભ્યો પૈકી પાંચ સભ્યોની સંપૂર્ણ સહમતિની સહી છે, જ્યારે એક સભ્ય શ્રીયુત મોતીચંદ ગિરધર કાપડીઆએ અંગ્રેજી ભાષામાં પોતાના વિરોધની મિનિટ કરી છે. તે જેમ છે તેમ લઇને તેના પણ બે ભાગ પાડી અત્ર મૂકીએ છીએ:

(૧) I am sorry I donot agree with the report એટલે હું દિલગીર છું કે ઉક્ત રીપોર્ટ સાથે હું સહમત થતો નથી,

(૨) My personal view is that in such literary matters we should proceed cautiously. No purpose will be served by setting a literateur on his back. It will widen the gulf and the object in view will be frustrated. Personal exchange of ideas and correspondence carried on within lines of decency can achieve the desired object.

આનો ગૂજરાતી અનુવાદ એ છે કે 'મારો અંગત અભિપ્રાય એ છે કે આવી સાહિત્ય વિષયક બાબતોમાં આપણે સાવચેતીથી કદમ ભરવાં જોઇએ. એક સાહિત્યકારને set on his back (કે જેનો અર્થ અમે સમજી શકતા નથી. એટલે અમે તેજ અંગ્રેજી પ્રયોગ આબાદ રાખીએ છીએ ) કરવાથી કોઇ ઉદ્દેશ સરશે નહિ. તે અંતર વધારશે અને ઉદ્દિષ્ટ હેતુ નિષ્ફલ જશે. સુરૂચિની મર્યાદામાં અરસપર વિચારોનો વિનિમય અને પત્ર વ્યવહાર ઇષ્ટ હેતુ પ્રાપ્ત કરી શકે.'

હવે અમે અમારા મુરબ્બી મિત્ર શ્રીયુત મોતીચંદભાઇએ જૈન ધર્મ પ્રકાશના ગત ચૈત્ર માસના અંકમાં પૃ. ૩૭ અને ૩૮ પર **'મી. મુનશીના સંબંધમાં ખુલાસો'** એ મથાળા નીચે જે વક્તવ્ય વિરોધ પ્રદર્શક સભા થઈ તે સંબંધી મુખ્યત્વે કર્યું છે તે નીચે આપીએ છીએઃ—

"ચાલુ માસમાં મી. મુનશી સંબંધી કેટલોક વિચાર મુંબઇમાં થયો છે તા. ૧૩ મી માર્ચે તેમને ખબર આપવામાં આવી કે તેમના પાટણની પ્રભુતા, રાજાધિરાજ આદિ પુસ્તકોના લખાણોના સંબંધમાં તેમણે વાતચીત કરવી અને લખાણો કાઢી નાખવા કબુલાત આપવી. **મી. મુનશીના લખાણો કોઇ રીતે જૈન અનુયાયીને પસંદ આવે તેવા નથી એ સંબંધી જરાપણ મતભેદ નથી,** પણ તેઓ યુનિવર્સિટિ તરફથી ધારાસભાની વરણીમાં જવા તૈયાર થયા તે પ્રસંગનો લાભ લઈ તેમને મત ન આપવાનો ઠરાવ કરવામાં જરા ઉતાવળ થઇ લાગે છે. સાહિત્યના પવિત્ર ક્ષેત્રમાં 'ઝનુન' તત્ત્વ દાખલ કરતાં વિરોધ વધવાનો સંભવ વધારે રહે છે અને આપણી મતાધિકારની સંખ્યાનો વિચાર કર્યાં વગર કે સામે કોઇ સમર્થ જૈન ઉમેદવારને મૂકયા વગર નવી

દુશ્મનાવટ ઉભી કરવામાં એકંદરે સમાજને લાભ થઈ શકવાનો સંભવ ઓછો ગણાય. **મી. મુનશીના પાત્રાલેખન સાથે કોઈ મળતા થઇ શકે તેવું નથી.** પણ તેર વર્ષ અને પાંચ વર્ષપર લખાયલા ગ્રંથનો વિચાર બે દિવસમાં કરી નાખવાની ઉતાવળ થવાથી ધુંચવણ થઇ છે એમ મારી માન્યતા થાય છે. **સાહિત્યના ક્ષેત્રમાં વાતચીત ખુલાસા અને ચર્ચાથી કામ લેવાય તેજ યોગ્ય ગણાય.** હમણાં અમારા હાથમાં જૈન જીવન પાક્ષિક પત્ર આવ્યું છે. તેના સુજ્ઞ લેખક લખે છે કે-" જ્યારે આપણો સમાજ વિચાર અને બુદ્ધિસ્વાતંત્ર્ય પ્રાપ્ત કરશે ત્યારેજ તેવા લેખકોની ઓફીસમાં જઈ તેનો કાન પકડી તેના ગાલ ઉપર બે ચોંટાડી દઇ શુદ્ધિમાં લાવશે, પછી ભલે તે બેરિસ્ટર હો યા એડવોકેટ ! " વિગેરે. આ જાતનું વિચાર વાતાવરણ ઉભું કરવું સહેલું છે, પણ એ રીતિ મુસલમાન જેવી કોમને યોગ્ય ગણાતી હોય તો ભલે, આપણે તો પૂર્વકાળથી આવી બાબતમાં સમજાવટ અથવા સામા લેખની પદ્ધતિનોજ સ્વીકાર કર્યો છે. જૈન જેવી નાની કોમ રાજદ્વારી બાબતમાં 'ઝનુન'નું તત્ત્વ દાખલ કરે એ કોઈ રીતે ઈષ્ટ નથી. આમાં મી. મુનશીનો સહજ પણ બચાવ કરવાનો ઈરાદો નથી. તે ખુલાસા આપે એવી પરિસ્થિતિ થઇ હતી; પરંતુ અત્યારે તો મામલો વાયરે ચઢયો છે. અમે અંતઃકરણથી ઇચ્છીએ છીએ કે આ બાબતમાં હજુ પણ સમજાવટ અથવા સવાલ-જવાબની પદ્ધતિ સ્વીકારવામાં આવે. ભવિષ્યમાં આવા પ્રસંગો વધે એ રીતે કામ લેવા કરતાં આવા પ્રસંગો ઉપસ્થિત જ ન થાય એ રીતિ સ્વીકાર્ય છે અને ખાસ કરીને મતાધિકારને અંગે તો 'લાયકાત'નો સવાલજ લક્ષ્યમાં લઇ શકાય. આ બાબતમાં દોડાદોડી કરવા પહેલાં મી. મુનશી સાથે વાત કરવાની વધારે જરૂર હતી અને તેમનું દૃષ્ટિબિન્દુ સમજ્યા પછી તેમના મત સાથે મળવાનું ન થાય તો પછી જાહેરમાં ચર્ચા કરવાની જરૂર હતી. વર્ષોના સવાલનો નીકાલ બે પાંચ દિવસમાં આવવાની આશા રાખવી વ્યર્થ છે અને 'અવસર' જોઇ દબાવવાની વાત કરવાથી નકામો કચવાટ વધે છે અને ધારેલ મુરાદ પાર પડતી નથી. સમાજને ઉશ્કેરવો બહુ સહેલો છે, પણ તિરસ્કારપૂર્વક વિરોધ બતાવ્યા પછી આગળ પગલાની ધમકી આપીને તેનો નિર્વાહ કરવો બહુ મુસ્કેલ છે. અત્યાર સુધીમાં આવા વિષયમાં લખાયલા ગ્રંથ સાહિત્યનો અભ્યાસ કરી શાંતિ અને સમજાવટથી કામ લેવાય એ ઇષ્ટ છે. ગણતરીબાજ ને ડાહી કોમને માટે અન્યત્ર ખરાબ બોલાય તે ઇચ્છવા જેવું નથી. આમાંથી કોઇ વધારે સારો માર્ગ નીકળે એ ઇચ્છવા યોગ્ય છે."

**મો. ગી. કા.**

આ પ્રકટ થયા પછી જૈનપત્રના તા. ૧૫-૫-૨૭ ના અંકમાં 'મુનશીજીના ગ્રંથોની ઐતિહાસિકતા' એ લેખમાં તંત્રીની નોંધ તરીકે શ્રીયુત મોતીચંદભાઇએ જે પત્ર તે પત્રના તંત્રી પર તા. ૨૨-૧-૨૭ નો મોકલ્યો ને તેમાંથી જે ભાગ તેમાં પ્રકટ થયો તે નીચે પ્રમાણે છેઃ—

'મી. મુનશી સંબંધમાં કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમીટીએ જે પેટા સમિતિ નીમી હતી તેનો હું એક સભ્ય હતો. × × × મારી ઇચ્છા એ **પદ્ધતિ સામે** હતી. મેં જે જૂદી નોટ લખી છે તેમાં મેં તે સ્પષ્ટ કર્યું છે. મી. મુનશીએ જે રીતે જૈન પાત્રોને ચીતર્યાં છે તે તરફ મારી કે કોઈની સહાનુભૂતિ હતી નહી, પણ રાજકારણમાં ઝનુનનું તત્ત્વ દાખલ થાય તે વર્તમાન હિંદના ઇતિહાસને ખરાબ કરી રહ્યું છે તેમાં આપણે વધારો કરવો ન જોઇએ એ નજરે અને સાહિત્યના ક્ષેત્રમાં અમુક મર્યાદા સ્વીકારાયેલી છે તેને ઓળંગી ન જવા માટે... ..મારો નમ્ર મત જૂદો હતો. હું આવા કાર્યમાં સમજાવટ, ચર્ચા અને લેખદ્વારા કાર્ય થાય એમ માનતો આવ્યો છું ........**મી. મુનશીના પાત્રાલેખન સાથે હું કદિ મળતો હોઇ શકુંજ નહીં.** કારણકે એ સમયનો મેં કેટલોક અભ્યાસ કર્યો છે. શાંતિથી કામ લેવાય તો કંઇક ધાર્યું પરીણામ લાવી શકાય એમ મને લાગતું હતું." (આમાં કાળા શબ્દો જૈન પત્રેજ મૂકેલા છે.)

આ સંબંધી અમે કોઈપણ જાતની ટીકા કર્યા વગર સમાજપર તે છોડી દઇએ છીએ.

## ૨-'જૈનધર્મપ્રકાશ'ના અભિપ્રાયો

ઉપરની નોંધમાં ઉલ્લેખિત કરેલ "જૈનધર્મપ્રકાશ' પત્રના ચૈત્ર અંકમાંજ '**આક્ષેપ અને ખુલાસા**' અને '**મી. મુનશી અને જૈનો**' એ મથાળા નીચે 'નોંધ અને ચર્ચા'માં છેલ્લી બે નોંધ તરીકે જે જણાવેલ છે તે ઉપયોગી ધારી અત્ર મૂકીએ છીએ.

(૧) આક્ષેપ અને ખુલાસા—'સુવર્ણમાળા' માસિકના માગશર અને પોષ માસના અંકોમાં 'ઝમોર' શિર્ષક નીચે એક વાર્તા પ્રકટ થઈ છે, તેમાં શ્રી હેમચંદ્રાચાર્યનો ઉપહાસ કરવાનું, બે કલ્પિત શિષ્યો-નક્ષત્રસૂરિ અને પ્રવિણસૂરિને ઊભા કરવાનું અને ગમે તે રીતે જૈનધર્મનો પ્રચાર કરવાનું તે વખતે પ્રચલિત હતું એમ બતાવવાનું સાહસ કરતાં તેના લેખકે જૈન ધર્મનું તદ્દન અજ્ઞાન બતાવ્યું છે. એમાં સાધુ સાથે વાત કરવાની પદ્ધતિ, મહાવ્રત અણુવ્રતનાં

સ્થાનો વિગેરેમાં ઉઘાડી ભૂલો કરવા ઉપરાંત જૈન સાધુઓ કામણ-ટુમણ કરતા હતા એવું બતાવવા એક શીલાનો પ્રસંગ શોધ્યો છે-કલ્પ્યો છે. આ આખી વાત તદ્દન બનાવટી હોય એમ એની વસ્તુ વાંચતાં તુરતજ લાગે તેવું છે. કુમારપાળ મેવાડના રાજાની દીકરીને પરણ્યા એ વાત ઇતિહાસથી સાબીત થઈ નથી અને અસલ રાસમાળામાં ફાર્બસ સાહેબે માત્ર ઝમોર શબ્દ લખ્યો તે પર ફુલગુંથણી કરી એકાદ પૃષ્ટની વાર્તા તેના ગુજરાતી ભાષાંતરકારે વગર આધારે દાખલ કરી દીધી; તેનાપર આ ચાળીશ પૃષ્ટની વાર્તા કોઈ કલ્પનારૂઢ મગજે ગોઠવી દીધી છે. ઐતિહાસિક પાત્રાલેખનમાં આવી ગડબડ કરવાનો કોઈ લેખકને હક્ક નથી અને એ રીતે કોમ કોમ વચ્ચે વૈમનસ્ય વધે છે. આ સંબંધમાં એ માસિકના અધિપતિને રૂબરૂમાં મળતાં તેમણે જૈનકોમ તરફનો લંબાણુ ખુલાસો બીજા મહિના (માઘ) ના અંકમાં પ્રગટ કર્યો છે અને એમનો ઈરાદો જૈન કોમની લાગણી દુઃખવવાનો હતો નહિ એમ મુક્ત કંઠે જાહેર કરી જૈન ધર્મના અનુયાયીની લાગણીને યોગ્ય માન આપ્યું છે. એમણે જે મીઠાશ અને પ્રેમથી જૈન કોમના આગેવાનોની વાત સાંભળી અને ખુલાસો આપ્યો અને પ્રકટ કર્યો તેમાં બંને પક્ષકારોનાં દીલને શાંતિ થઈ છે અને કોમ વચ્ચે થતી વિના કારણની અથડામણ અટકી છે. શેઠ પરશોતમ વિશરામ માવજીએ બતાવેલી વિશાળતા માટે તેમને અભિનંદન ઘટે છે અને આ કાર્યનો સંતોષકારક ફડચો લાવવા માટે કાર્ય કરનારને માન ઘટે છે. આ દાખલાનું અનુકરણ સર્વત્ર થાય તો એકંદરે કચવાટના પ્રસંગો દૂર થતા જાય અને ધર્મ ધર્મ વચ્ચેનું વૈમનસ્ય અટકે. આ સ્થિતિ એકંદરે ઇચ્છવાજોગ છે અને બન્ને બાજુના સ્વમાન અને આંતરપ્રેમમાં વધારો કરનારી છે.

(૨) મી. મુનશી અને જૈનો—મુંબઇની ધારાસભામાં ગ્રેજ્યુએટ્સ તરફથી ચુંટાયેલ સભાસદે રાજીનામું આપવાથી મી. મુનશીએ તે જગ્યા માટે ઉમેદવારી કરી છે અને જૈનબંધુઓને તે બાબતમાં મતો આપવાની તેમણે માગણી કરી છે. મી. મુનશી ગુજરાતના એક શ્રેષ્ઠ લેખક અને નવલકથાકાર છે. પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ, રાજાધિરાજ વિગેરે તેમની વાર્તાઓ ગુજરાતમાં સુપ્રસિદ્ધ છે. ગમે તે કારણે આ પુસ્તકોમાં આવતા જૈન ઐતિહાસિક પાત્રોને તદ્દન જુદા આકારમાં હલકી રીતે ચિતરવાનો તેમણે પ્રયાસ કર્યો છે. રા. મુનશી જેવા વિદ્વાન માણસને ઐતિહાસિક પાત્રો સાથે આવી રીતની રમત રમવાનું શું કારણ હશે તેની અમને ખબર પડતી નથી. ઇતિહાસપ્રસિદ્ધ પાત્રો તે વાર્તામાં કલ્પાયેલ પાત્રો નથી હોતા, કે જેઓને ગમે તે આકારમાં ચિતરી શકાય. લાલા લજપતરાયને પંજાબની ધારાસભામાં દાખલ થવાનો વિચાર થતાં જૈન કોમે તેમણે જૈનધર્મ વિરૂદ્ધ લખેલા લેખો માટે વિરોધ જાહેર કર્યો હતો, અને તે પુસ્તકોની પુનરાવૃત્તિમાં તે વિરોધી લખાણો સુધારી લેવા તેમણે વચન આપ્યું હતું. રા મુનશી માટે જૈન કોન્ફરન્સે વિરોધ જાહેર કર્યો છે, અને મી. મુનશી જો તેઓ ઐતિહાસિક પાત્રોને ખોટી રીતે ચિતર્યાં છે તેમ સાબીત કરી ન આપે, તો પછી પુનરાવૃત્તિમાં તે સુધારી લેવા જેટલી સરલતા કેમ ન દાખવે તે અમે સમજી શકતા નથી. જૈનબંધુઓએ પોતાનો વિરોધ તે પુસ્તકો પ્રગટ થયાં તે વખતેજ જાહેર કરેલ છે, અને રા. મુન્શી ધારાસભામાં ચુંટાય કે ન ચુંટાય, પણ સત્ય હકીકતનો સ્વીકાર કરવામાં અથવા તેમના તરફથી સ્પષ્ટ ખુલાસો પ્રગટ કરવામાં કેમ ઢીલ કરતા હશે તે વિચારવા જેવું છે. જૈન કોન્ફરન્સે પ્રગટ કરેલ વિરોધ યોગ્ય અવસરે છે. રા. મુનશી પાસેથી યોગ્ય ખુલાસો લેવાની, નહિ તો તેમના તે પુસ્તકો સામે સ્પષ્ટ વિરોધ જાહેર કરવાની અમે ભલામણ કરીએ છીએ.

## ૩-કેશરીઆજી પ્રકરણ, (૨) દિગંબરી ભાઈઓની મનોદશા.

અમે ગત વૈશાખના અંકમાં આ સંબંધે (૧) 'શું શ્વેતાંબરીઓએ દિગંબર ભાઈઓને માર્યા?' એ પ્રશ્ન પર ઉહાપોહ કરીને તેનો જવાબ નાછે એમ બતાવી આપ્યું હતું પણ તે સંબંધી હવે દિગંબરભાઇઓનું 'બમ્બઈ દિગમ્બર જૈન પ્રાન્તિક સભાકા સાપ્તાહિક પત્ર' જૈન મિત્ર તા. ૧૪-૭-૨૭ ના મુખ પૃષ્ઠ ઉપર જણાવે છે કે,

'યહ માલૂમ હુઆ હૈ કિ-રિષભદેવજીમેં હત્યાકાંડ કે સમય શ્વેતામ્બર લોગ નિમ્ન પ્રકાર થે'—

આમ કહી ૨૫ જણના નામ આપે છે તેમાં અમુક અમુક નિશાની કરી કહે છે કે,

'૩ મહાશય રિષભદેવજી કમેટી કે મેમ્બર હૈ તથા ૫ મહાશય ઉદયપુરાદિ કે શ્વેતાંબર જૈન લોગ હૈ. પરન્તુ (અન્ય) **સબ ૧૭ મહાશય રાજ્યકર્મચારી હી હૈ** ઐસા ભી માલૂમ હુઆ હૈ. ઇસ પરસે સ્પષ્ટ જાના જાસકતા હૈ કિ **ઇન સબ શ્વેતાંબરી રાજ્યકર્મચારિયોને હી રીષભદેવમેં**

એક સાથ મિલકર યહ અમાનુષિક હત્યાકાંડ રાજ્યકી પુલીસદ્વારા કરવાયા થા પ્રકાશક.'

આથી જે અમે જણાવ્યું છે તેને પુષ્ટી મળે છે. હવે વાત કંઇક જૂદી સ્થિતિ પર આવતી જાય છે, દિગંબરી ભાઇઓએ શ્વેતાંબર ભાઇઓના પર સામુદાયે કાઢેલા વાંક અને આરોપો ખોટા પડે છે પરંતુ પોતાના શું વાંક કે દોષ થયા ને જે કંઇ બન્યું તેમાં કંઈ પોતાના દોષ તે બનવામાં નિમિત્તભૂત હોય તો શું હતા તેનો તો કંઇ પણ ઉલ્લેખ ક્યાંઇ કરવામાં આવતો નથી. 'બે હાથ વગર તાલી પડતી નથી' એમ તટસ્થ લોકો સ્ટેટના ઓફીસરોના કાર્યનો વિચાર કરતાં જરૂર માનેજ.

દિગંબરી ભાઇઓએ જે બખાળા શ્વેતાંબરો સામે કાઢ્યા છે તે અયોગ્ય, અતિશયોક્તિ પૂર્ણ ,અને સુરૂચિહીન છે એમ અમોને લાગે છે. 'આટલું ઓછું છે એટલે વિશેષમાં શત્રુંજયની યાત્રાનો ત્યાગ શ્વેતાંબરોએ કર્યો છે એટલે તેમનાથી વિરૂદ્ધ જઇ આપણે દિગંબરીઓએ ત્યાં જરૂર જવું, હડતાલ પાડવી. મી, મુનશી કમિટીમાં રાજીનામું આપી દીધું, અને પછી તિરસ્કાર બતાવવો આ વગેરે કેટલાક દિગંબરભાઇઓનાં કૃત્યો અમને તો અનિષ્ટ મનોદશા સૂચવે છે. આ ભાઇઓને તેમનાજ સંપ્રદાયના 'જૈન જગત'ના સંપાદક જે જણાવે છે તેનો અમે હવાલો આપીએ છીએઃ--

## "अपना नाक कटा कर दूसरे का अपशकुन करना ठीक नहीं।

गत तारीख ८ जुलाई के जैनगज़ट में संपादकीय अग्रलेखमें "श्वेताम्बरों के अत्याचारों के उत्तर स्वरूप हमें (दिगम्बरों को) पालीताना अवश्य जाना चाहिये" ऐसी सलाह दी गई है। धर्मचंदजी जैन नामक किसी दिगम्बर भाईने एक मुद्रित लेख गज़ट को भेजा था, जो स्थानाभाव से गज़ट के उपरोक्त अंक में प्रकाशित नहीं हो सका, परन्तु गज़ट के विद्वान् संपादक महाशय ने उस लेख का हृदय से अनुमोदन करते हुये लिखा है कि 'श्वेताम्बरों के साथ किये जाने वाले उपकार को दिगम्बरों की हम बुद्धिमत्ता नहीं समझते...... इस समय दिगम्बरों को चाहिये कि वे पालीताना की यात्रा का मार्ग अवश्य खोल दें......दिगम्बरों को वहाँ पर एक मेला भी करना चाहिये। यह अवसर दिगम्बरों को हाथ से नहीं जाने देना चाहिये।"

हम जैनगज़ट के संपादक महाशय की उपरोक्त राय से बिलकुल सहमत नहीं हैं। यद्यपि हम मानते है कि श्री ऋषभदेव हत्याकाण्ड के सम्बन्ध में श्वेताम्बर जैनसमाजने अपना कर्तव्यपालन नहीं किया है, प्रत्युत जानकारी से या बिना जानकारी के उसकी ओर से हत्याकाण्ड के बाद में भी ऐसी २ कार्रवाइयाँ की गई हैं और ऐसे प्रस्ताव पास किये गये हैं कि जिन्हें देख कर महान् दुःख हुये बिना नहीं रह सकता और जिनको देखते हुये यदि दिगम्बर समाज में श्वेताम्बर समाज के प्रति अधिकाधिक क्षोभ फैले तो कुछ आश्चर्य नहीं. किन्तु इतना सब होने पर भी जो राय जैनगज़ट ने दी है, उसे हम बिना पूरे सोच विचार के दी हुई और समाज के लिए बहुत हानिप्रद समझते हैं। लोकमत के प्रवाह को समाचार पत्र ही नियंत्रण किया करते हैं अतः पत्र सम्पादकों से यही आशा की जाती है कि वे अपने आपको क्षुद्र साम्प्रदायिकता, अनुदारता, आदि अवगुणों से बचाकर हृदय की विशालता व गम्भीरता प्रदर्शन करें।

यदि वास्तव में देखा जावे तो शत्रुंजय के सम्बन्ध में पालीताना दरबार के साथ जो झगड़ा है वह केवल श्वेताम्बरों के साथ का ही नहीं है। इस झगडे का मुख्य प्रश्न यह है कि क्या एक रिसायत को यात्रियों पर इस प्रकार कर लगा कर धार्मिक कार्यों में हस्तक्षेप करने का अधिकार है? इसी कारण केवल दिगम्बर अथवा श्वेताम्बर ही नहीं, वरन समस्त अजैनों की सहानुभूति भी जैनियों के साथ है। पालीताना दरबार ने जो यात्री कर मुकर्रर किया है, वह केवल श्वेताम्बर समाज पर ही नहीं; दिगम्बरों पर भी किया है। दिगम्बर समाज जो पालीताना दरबार के खिलाफ़ खड़ा हुवा है और लड़ रहा है, वह श्वेताम्बर समाज के साथ सहानुभूति या उसकी सहायता के लिये नहीं, बल्कि इसलिये कि पालीताना दरबार के लगाये हुये

कर का असर दिगम्बर समाज के यात्रियों पर भी उतना ही पड़ता है कि जितना श्वेताम्बरों पर। इस पर यह कहना कि हम पालीताना दरबार के खिलाफ़ केवल श्वेताम्बरों की सहायता के लिये खड़े हुये हैं, भूल से भरा हुवा और अपने ही केस को कमज़ोर बनाने वाला है।

श्वेताम्बर समाज के विरोध स्वरूप तथा उनको नीचा दिखाने के लिये पालीताना दरबार से मिल जाना और यात्री कर को मंजूर कर लेना निहायत लज्जाजनक बात होगी, और यह बात, दूसरे का अपशकुन करने के लिये ही अपना नाक कटाने की जैसी होगी। दिगम्बर जैनसमाज को गज़ट सम्पादक की सम्मति पर कतई ध्यान नहीं देना चाहिये।

इसी लेख में संपादक महोदय ने जो श्वेताम्बर भाइयों के लिये 'आस्तीन के सर्प' इन शब्दों का व्यवहार किया है, इसका हमें बहुत दुःख है। इसी प्रकार डॉक्टर गुलाबचंदजी पाटणी द्वारा प्रकाशित रिपोर्ट में भी उनके प्रति यत्रतत्र आपत्तिजनक शब्दों का प्रयोग किया गया है। यह हम लोगों के लिये शोभाजनक नहीं है। दिगम्बर समाजसे हमारा यही साग्रह अनुरोध है कि जैसे वह सदा से शांतिप्रियता व गम्भीरता का परिचय देता रहा है, आगे भी उसी प्रकार अपनी नीति को कायम रखे—अपने पक्ष की रक्षाके लिये पूर्णचेष्टा करते हुए भी परिस्थिति के आवेश में आकर अपनी ओर से मनसा, वाचा, कर्मणा ऐसी कोई कार्यवाही न करे जिससे व्यर्थ ही किसी के चित्त में क्षोभ पैदा हो और मनोमालिन्यता बढ़े। इसी में दिगंबर समाज का गौरव है।"


## ૪ ન્યાયમૂર્તિ કૃષ્ણલાલભાઇ.

સાક્ષર શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી ગૂજરાતી સાહિત્યની આલમમાં સુવિખ્યાત છે. તેમની શાંત, ગંભીર, અને દઢ મૂર્તિ, તેમજ કાર્ય કરવામાં નિયમિતતા, તથા ચીવટવાળી પદ્ધતિ તેમના પરિચયમાં જે કોઇ આવે તેનું ખાસ લક્ષ ખેંચે છે. પોતે મુંબઇમાં મૂળ વકીલ હતા અને પછી મુંબઈની સ્મોલકોઝ કોર્ટમાં જજ અને છેવટે વડા જજ થયા. તે દરમ્યાન પોતાના ધંધા અંગેની સતત ભારે પ્રવૃતિ રહેવા છતાં જનસેવા કરવા માટે જ્યારે જ્યારે સભાઓ વગેરેમાં આમંત્રણ આપવામાં આવે ત્યારે તે આમંત્રણ કશી પણ આનાકાની કે ધમાલ વગર સ્વીકારી પોતાના વિચારોનો લાભ તેમજ જાહેર પ્રવૃત્તિમાં સહાનુભૂતિ અર્પેલ છે. સાહિત્ય માટે અવિરત પ્રયાસ ચાલુ રાખી તેમાં પુસ્તકોરૂપે વધારો કર્યો છે, તેની સમાલોચના યા નોંધ લીધી છે. લેખો લખ્યા છે. જૈન સાહિત્ય માટે તેમણે ન્યાયવૃત્તિ રાખી અનેક વખત સુંદર ઉદ્ગારો કાઢયા છે. જૈન સંસ્થાઓની તેમજ બીજી જાહેર પ્રવૃત્તિમાં ભાગ લઈ જૈનોને ઉપકૃત કર્યા છે.

હમણાં તેમને-મુંબઇની વરિષ્ટ અદાલતમાં એક ન્યાયાધીશ તરીકે સરકારે થોડા વખત માટે નિમણુક કરી છે અને ઘણી મોડી પણ એ રીતે તેમની કદર કરી છે તે માટે સરકારને શાબાશી આપીશું અને ઇચ્છીશું કે તે નિમણુંક કાયમ કરવામાં આવે. આ પદ માટે પોતે લાયક હતા અને તે પદને પ્રાપ્ત કર્યું છે તે માટે અમે કૃષ્ણલાલભાઇને સહર્ષ અભિનંદન આપીએ છીએ.

# "કુકસાઇટ ગ્લાસ"

ગરમીના કીરણોને આંખમાં જતાં અટકાવે છે અને એટલેજ તે ઉત્તમ છે.





**Can not pass through the glass.**

તમારો ચસ્મો આજેજ કુકસાઇટ કાચનો બનાવો અને તમારી આંખો જેના ઉપર જીંદગીનો અને મોજશોખનો આધાર છે તેનું રક્ષણ કરો.

## મનસુખલાલ જેઠાલાલની કું.

(જૈન-ચસ્માવાલા)



આંખો તપાસી ઉત્તમ ચસ્મા બનાવનારા.

કાલબાદેવી રસ્તા, સુરજમલ લલુભાઈ ઝવેરીની સામે,

મુંબઇ.


---

અમારા અમદાવાદના એજન્ટ:-

રા. જગશીભાઇ મોરાર

ઠે. અંબાલાલ હીરાલાલ પટેલના ઘર પાસે,

માદલપુરા-અમદાવાદ.

આ માસિક અમદાવાદમાં તેમના મારફતે ગ્રાહકોને પહોંચાડવા ગોઠવણ કરવામાં આવી છે. અમદાવાદના અમારા ગ્રાહકોને તેમજ અન્ય બંધુઓને જણાવવાનું કે નીચેના પુસ્તકો પણ તેમની પાસેથી વેચાતા મલી શકશે.

"જૈન ગુર્જર કવિઓ" (પ્ર. ભાગ), "જૈન શ્વેતામ્બર મંદિરાવલિ", "જૈન ડીરેકટરી" ભાગ ૧-૨, "જૈન ગ્રંથાવલિ", વિગેરે.

---

**અમદાવાદના ગ્રાહકો પ્રત્યે વિજ્ઞપ્તિઃ**—આપનું લવાજમ હજુ સુધી મોકલાયું ન હોય તો સત્વરે અમારા એજંટને આપી પહોંચ લેશોજી.

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ

પાયધુની-મુંબઇ નં. ૩

## શ્રી સુકૃત ભંડાર ફંડ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની ઉપરોક્ત યોજના તેના આશયો અને પરિણામજન્ય અમલી કાર્યની જૈન સમાજ સમક્ષ ટુંકી પણ રૂપરેખા જાહેર ખબરદ્વારા અગર હેંડબીલદ્વારા રજુ કરવી એ તદન બિન જરૂરીઆતવાળું ગણી શકાય. સબબ આ યોજના જૈન ભાઇઓમાં સર્વમાન્ય અને જગજાહેર જ છે. આ યોજના એ સંસ્થાનું અને સમાજનું જીવન છે. જૈન જનતાના ભવિષ્યની રેખા દોરવા હિંમત ધરનાર જો કોઇપણ યોજના હોય તો તે સુકૃત ભંડાર ફંડ એક જ છે કે જ્યાં ગરીબ અને તવંગર વચ્ચે કોઇ જાતનો અંતર રહેતો નથી અને સમાનતા, બંધુત્વ વિગેરે ભાવનાઓ ખીલવી સમાજને સુશિક્ષિત બનાવી હિતકર કાર્યો કરવા આ સંસ્થાને જોશ અને જીવન અર્પે છે. આ ફંડમાં ભરાતાં નાણાંમાંથી ખર્ચ બાદ કરી બાકીનો અડધો ભાગ કેલવણીના કાર્યમાં વપરાય છે, અને બાકીના અડધા સંસ્થાના નિભાવફંડમાં લઇ જવામાં આવે છે કે જે વડે સમસ્ત સમાજને શ્રેયસ્કર કાર્યો કરી શકાય. આપણા સમાજમાં અનેક સ્ત્રી પુરૂષો ઉચ્ચ કેળવણીથી વંચિત રહે છે તે બનવા ન પામે અને તેમને કેળવણી લેવામાં અનેક રીતે મદદરૂપ થવા આ સંસ્થા પોતાના પ્રયાસો કરી રહી છે અને તે આ ફંડની વિશાળતા ઉપર જ આધાર રાખે છે. તેથી પ્રત્યેક જૈન બંધુ વરસ દહાડામાં માત્ર ચાર આનાથી સ્વશક્તિ અનુસાર મદદ અર્પી પોતાના અજ્ઞાત બંધુઓનું જીવન કેળવણીદ્વારા સુધારી અગણિત પુણ્ય ઉપાર્જન કરી શકે છે. માટે સર્વે જૈન બંધુઓને આ ફંડમાં સારી રકમ આપવાની વિનંતિ કરવામાં આવે છે. ચાર આના પ્રત્યેક વ્યક્તિએ દરવર્ષે આપવા એ મોટી વાત નથી. અઠવાડીયે એક પાઈ માત્ર આવે છે, પણ જો આખી સમાજ જાગૃત થાય તો તેમાંથી મોટી સંસ્થાઓ નભાવી શકાય એવી સુંદર યોજના છે. "ટીપે ટીપે સરોવર ભરાય" એ ન્યાયે ફંડને જરૂર આપ અપનાવશો અને આપની તરફના પ્રત્યેક નાના મોટા ભાઇઓ, બહેનો એનો લાભ લે, એમાં લાભ આપે એવો પ્રયત્ન કરશો. બીજી કોમો આવી રીતે નાની રકમોમાંથી મોટી સંસ્થાઓ ચલાવે છે તે આપ જાણો છો. તો આપ જરૂર પ્રયત્ન કરશો. આખી કોમની નજરે આપને કૉન્ફરન્સની જરૂરીઆત લાગતી હોય તો આ ખાતાને ફંડથી ભરપૂર કરી દેશો. સુજ્ઞને વિશેષ કહેવાની જરૂર ન જ હોય.

સેવકો,

**મકનજી જુઠાભાઈ મહેતા**

**મોહનલાલ ભગવાનદાસ ઝવેરી.**

ઓ. રે. જ. સેક્રેટરીઓ, શ્રી. જૈ. શ્વે. કૉન્ફરન્સ.

અગત્યનું

ધર્મ કે વ્યવહારના દરેક કાર્ય કે ઉત્સવમાં શારીરિક અને માનસિક
બળની જરૂર છે.

# આતંકનિગ્રહ ગોળીઓ.

તેવું અખૂટ બળ આપવામાં પહેલે નંબર આજ ૪૭ વર્ષો થયાં
ગણાઇ ચુકી છે.

**કિંમત ગોળી ૩૨ની ડબીનો ફકત રૂ. ૧).**

વધારે વિગત જાણવા પ્રાઇસલીસ્ટ વાંચો.

મુંબઇ-બ્રાન્ચ. કાલબાદેવી રોડ, } વૈદ્ય શાસ્ત્રી મણિશંકર ગોવિંદજી.
જામનગર—કાઠીયાવાડ.

લાખો જુવાનોની જીંદગીને બચાવી લેનારૂં
ઉત્તમ ઉપદેશ દેનારૂં

## કામશાસ્ત્ર

ન વાંચ્યું હોય તો જરૂર વાંચો.
કિંમત કે પોસ્ટેજ કંઇ પણ નહિ.

## વૈદશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી

જામનગર—(કાઠિયાવાડ).

# હવે તો જાગો !

આજકાલ કેટલાએક લેખકો ઐતિહાસિક કથાનકોમાં પ્રાચીન જૈનાચાર્યો અને સમર્થ જૈન નેતાઓની કાલ્પનીક કુથલી કરતા જોવાયા છે. તેવા ઝેરી વાતાવરણથી સાવચેત રહીને આવા લેભાગુ લેખકોની સાન ઠેકાણે લાવવા દરેક જૈનો તે સમયના પ્રમાણિક ઇતિહાસથી વાકેફ રહી શકે તે માટે નીચેના પ્રમાણભૂત જૈન ઐતિહાસિક કથાનકોનો બહોળો પ્રચાર થવા જરૂર છે.

| | |
|---|---|
| વીરશિરોમણિ વસ્તુપાળ ( પાટણની ચડતી પડતી ભાગ ૧ લો. ) | ૨-૦-૦ |
| વીરશિરોમણિ વસ્તુપાળ ( પાટણની ચડતી પડતી ભાગ ૨ જો. ) | ૨-૦-૦ |
| વીરશિરોમણિ વસ્તુપાળ ( અણહીલપુરનો આથમતો સૂર્ય ) | ૨-૦-૦ |
| ગુજરાતનું ગૌરવ યાને વિમળમંત્રીનો વિજય. | ૨-૦-૦ |
| ભાગ્ય વિધાયક ભામાશાહ-સચિત્ર ( મેવાડનો પુનરોદ્ધાર ) | ૨-૦-૦ |
| આચાર્યશ્રી હીરવિજયસૂરિ અને ધર્મ જીજ્ઞાસુ અકબર. | ૨-૦-૦ |
| ગુર્જરેશ્વર કુમારપાળ-સચિત્ર. | ૪-૦-૦ |

## શ્રી સિદ્ધાચળજીની યાત્રા.

ઘર બેઠાં થઇ શકે તે માટે શ્રી શત્રુંજય તીર્થાધિરાજના ફોટા સાથેનો ઐતિહાસીક ગ્રંથ.

## ☞ શ્રી શત્રુંજય પ્રકાશ.

દરેકે વાંચવોજ જોઈએ. જેમાં શ્રી શત્રુંજયની સ્વતંત્રતાનો છેલ્લા પંદરસો વર્ષનો પ્રમાણભુત ઇતિહાસ અને હાલની લડતની સંપૂર્ણ વીગતો પણ આપવામાં આવી છે. કીં. રૂ. ૧-૦-૦

## ખાસ લાભ

**દરેક જૈનો આ લાભ લઇ શકે તેમજ જૈનેતર જગતમાં પણ છુટથી બહોળો પ્રચાર કરી શકાય તે માટે આખો લૉટ એક સાથે મંગાવવાથી—**

ફકત રૂપિયા પંદર.

પોસ્ટ-પાર્સલ ખર્ચ અલગ.

લખો-જૈન ઓફીસ—

ભાવનગર.

## શ્રી ભારતીય જૈન સ્વયંસેવક પરિષદ્

# જૈન સંસ્થાઓને વિનંતિ

આથી સર્વે જૈન સંસ્થાઓને ખબર આપવામાં આવે છે કે આપની સંસ્થાને પરિષદ્ના રજીસ્ટરમાં નોંધાવશો.

પરિષદ્ના બંધારણ અનુસાર પરિષદ્ના અધિવેશનોમાં રજીસ્ટર્ડ સંસ્થાઓના પ્રતિનિધિઓને આવવાનો હક્ક છે તે ઉપર આપનું ધ્યાન ખેંચીએ છીએ.

સઘળો પત્રવ્યવહાર નીચેના શીરનામે કરવા વિનંતિ છે.

અબ્દુલ રહેમાન સ્ટ્રીટ<br>તૈયબમંજીલ<br>મુંબઇ નં. ૩

**ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ**<br>**અમૃતલાલ વાડીલાલ શાહ**<br>મંત્રીઓ-શ્રી ભારતીય જૈન સ્વયંસેવક પરિષદ્.



( રજીસ્ટર્ડ નં૦ ૪૪ )

# વીર બામ

માથા તથા છાતીના દુઃખાવા, સંધીવા, ઇન્ફ્લુએન્ઝા વિગેરે હરેક પ્રકારનાં દરદો ઉપર મસળવાથી તુરત જ આરામ કરે છે.

# વીર ઓઇન્ટમેન્ટ

ખસ ખરજવાનો અકસીર મલમ.

દરેક દવા વેચનાર તથા ગાંધી વી. રાખે છે.

**પ્રો:—મોહનલાલ પાનાચંદની કું.**

ઠે. વડગાદી, ભીખ ગલી-મુંબઈ ૩.

**એજન્ટ :—મોરારજી રણછોડ.**

ઠે. જુમામસ્જીદ, મુંબઇ ૨



## TALISMANS AND CHARMS

**For those People to Avoid all Sorts of Misfortunes and enter the Gates of Successful Life.**

| | Rs | As. |
|---|---|---|
| For Honour, Riches, Learning and Greatness | 7 | 8 |
| For Health, Physical Strength, etc ... | 7 | 8 |
| For Power of Eloquence, Speeches, etc. | 7 | 8 |
| For Success in any Under-taking or Litigation, etc.... ... ... | 10 | 0 |
| For success in Sport, Racing, Cards, Games of Chance, etc. ... ... | 7 | 8 |
| For Success in Spiritual and Religious Life | 10 | 0 |
| For Success in Trade and Business... | 10 | 0 |
| For Men's Love to Women ... | 7 | 8 |
| For Women's Love to Men ... | 10 | 0 |
| For Love of Opposite Sex, Attractive Power | 7 | 8 |
| For Agricultural Prosperity, Farming, Good Crops, etc. ... ... | 7 | 8 |
| For Success in Minning Plumbago, etc. | 100 | 0 |
| For Success in Gemming ... ... | 225 | 0 |
| Rabbi Solomon's Special Talisman for every success ... ... | 15 | 0 |
| Specially valued and worn by every successful Hebrew, 2nd quality ... | 21 | 0 |
| 1st quality ... | 30 | 0 |

*NOTE:-A Money Order or G.C. Notes will bring the Talisman to your door. One Extensive Life Reading Rs.15, two Rs.25, three Rs.30 or more at a time at Rs.10 per reading. Remit with birth date. Always the full amount should be remitted in advance. No. V. P. P.*

Apply to:— **D. A. RAM DUTH**, Astrologer, No.30&55 (T. Y.) Cheku Street, Colombo,(Ceylon).



# નીચેનાં પુસ્તકો કૉન્ફરન્સ ઑફીસમાંથી વેચાતાં મળશે.

| | |
|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલિ | રૂ. ૧—૮—૦ |
| શ્રી જૈન ડીરેકટરી ભા. ૧-૨ સાથે | ૧—૦—૦ |
| ,, ,, ભા. ૧ લો | ૦—૮—૦ |
| શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવલિ | ૦—૧૨—૦ |
| પાઇઅલચ્છીનામમાલા પ્રાકૃત કોશ | ૧—૦—૦ |
| જૈન ગૂર્જર કવિઓ | ૫—૦—૦ |

આ માસીક સાથે હેન્ડબીલ વહેંચાવવા તથા જાહેર ખબર માટે પત્રવ્યવહાર નીચેના સીરનામે કરવો. એક અંક માટે જાહેર ખબરનો ભાવ રૂ. ૮-૦-૦ વધુ માટે લખો—

આસીસ્ટન્ટ સેક્રેટરી,

**શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ.**

૨૦ પાયધુની પોસ્ટ નં. ૩

મુંબઇ.

# સંસારમાં સુખ શું છે??

નિરોગી શરીર, તંદુરસ્ત સ્ત્રી અને હૃષ્ટપુષ્ટ બાળક આ ત્રણ વસ્તુઓ સંસાર સુખમય કરવાનાં મુખ્ય સાધન છે.

જો તમારૂં શરીર કોઇ પણ દુષ્ટ રોગથી પીડાતું હોય તો પ્રખ્યાત

## મદનમંજરી ગોળીઓ (રજીસ્ટર્ડ.)

નું તરતજ સેવન કરો. આ દીવ્ય ગોળીઓ મગજના તથા શરીરના દરેક રોગ દૂર કરે છે, દસ્ત સાફ લાવે છે, લોહી તથા વીર્યની વૃદ્ધિ કરે છે, હાથપગની કળતર, વાંસાની ફાટ વીગેરે દરેક દરદો પણ અજબ રીતે નાબુદ કરી, શરીર નિરોગી બનાવી બળ આપવામાં આ ગોળીઓ એક બીન હરીફ ઇલાજ છે. કીં. ગોળી ૪૦ ની ડબી ૧ નો રૂ. ૧

સ્ત્રીઓની તંદુરસ્તી માટે તો

## ગર્ભામૃત ચૂર્ણ (રજીસ્ટર્ડ)

નું તેને તરતજ સેવન કરાવો. આ ચૂર્ણ સ્ત્રીઓ માટે અમૃતરૂપ છે. અનિયમિત રૂતુ તથા પ્રદરાદિ રોગો દૂર કરે છે. ગર્ભાશયના રોગો દૂર કરે છે, તેમજ હરકોઇ કારણથી સંતતિરોધ દૂર કરે છે. સ્ત્રીઓનાં દરેક દરદો દૂર કરી, શરીર તંદુરસ્ત બનાવવા માટે આ ચૂર્ણ અકસીર ઉપાય છે. કીં. તોલા ૧૦ ના ડબા ૧ ના રૂ. ૨) બે.

જો તમારા બાળક હંમેશાં રોગી તથા નિર્બળ રહેતા હોય તો

## બાલપુષ્ટીકરણ વટીકા (રજીસ્ટર્ડ)

નું તરતજ તેને સેવન કરાવો. બાળકોનાં તમામ દરદો દૂર કરી લોહી પુષ્કળ વધારી શરીર હૃષ્ટપુષ્ટ બનાવવામાં આ ગોળીઓ ઉત્તમ આબાદ ઇલાજ છે. કીં. ડબી ૧ નો રૂ. ૧)

આ ત્રણે દવાઓ ઘરમાં રાખી જરૂર પડતી વખતે ઉપયોગ કરવા દરેકને ખાસ ભલામણ કરવામાં આવે છે. દરેક દવાની સંપૂર્ણ માહીતિ માટે વૈદ્યવિદ્યા પુસ્તક મફત મંગાવો.

**રાજવૈદ્ય નારાયણજી કેશવજી.**

હેડઓફીસ–જામનગર (કાઠીઆવાડ) બ્રાન્ચઃ–૩૯૩ કાલબાદેવી મુંબઇ ૨
ભાટીઆ મહાજન વાડી સામે.

## વિદ્વાનવર્ગે એકે અવાજે વખાણેલા અને દીર્ઘકાલથી ન મલતાં

# આર્હતમતપ્રભાકરના સંસ્કૃત પ્રાકૃત ગ્રંથો.

**બાહ્ય સ્વરૂપ**—પુસ્તકઆકાર, ડેમી સાઈઝ, બાલબોધ ટાઇપ, ૫૫ રતલી ગ્લેજ કાગળ.

**સંસ્થાને સક્રિય ઊત્તેજક વ્યક્તિઓ**—વ્યાકરણાચાર્ય વેદાન્તવાગીશ શ્રીધરશાસ્ત્રી પાઠક શાસ્ત્રી એલ્ફિન્સ્ટન કૉલેજ મુંબાઈ, ડૉ. પી. એલ. વૈદ્યશ્રી A. D. Litt. પ્રોફેસર સંસ્કૃત પાલી અને અર્ધમાગધી વિલિંગ્ડન કોલેજ સાંગલી, પ્રો. એન્. જી. સુરૂ પ્રોફેસર સંસ્કૃત અને અર્ધમાગધી પુના વિગેરે.

**નવા સૂધારાઓ**—પાઠભેદ, વિષય સ્હેલાઈથી સમજવા માટે કઠિણ અને પારિભાષિકાદિ શબ્દો ઉપર સરલ અને વિસ્તૃત સંસ્કૃત ટિપ્પણી અથવા ઇંગ્લિશ નોટ્સ, ઐતિહાસિક દૃષ્ટયા દરેકને અત્યુપયોગી સર્વાંગ સુંદર પ્રસ્તાવના ઊપયોગી પરિશિષ્ટો, શબ્દકોશ.

**ગ્રંથોને આશ્રય**—મુંબાઈ, કલકત્તાદિક યુનિવર્સિટીઓ, શ્રીમહાવીર જૈન વિદ્યાલય વિગેરે.

**નજીવું મૂલ્ય**—દરેક ગ્રંથની કિંમત તેના અંગે થયેલા ખર્ચથી એક પાઈ પણ વધારે નજ રાખેલી હોવાથી એતદ્દેશીય તેમજ પરદેશીય ગ્રંથપ્રકાશિની સંસ્થાની દૃષ્ટિએ નહી જેવીજ છે.

**તૈયાર ગ્રંથો**—૧ પ્રમાણ મીમાંસા પૃ. ૧૨૬ કિંમત રૂ. ૧ પોસ્ટેજ શિવાય. ૨ સ્યાદ્વાદમંજરી પૃષ્ઠ ૩૧૨ કિં. રૂ. ૨ પોસ્ટેજ શિવાય.

**તૈયાર થતા ગ્રંથો**—૧ સ્યાદ્વાદ રત્નાકર ( લગભગ સંપૂર્ણ ), ૨ સચિત્ર તત્ત્વાર્થસૂત્ર સભાષ્ય, ૩ પ્રાકૃત વ્યાકરણ ( સિદ્ધહેમનો આઠમો અધ્યાય), ૪ છન્દોનું શાસન, ૫ અનેકાંત જયપતાકા (વૃત્તિ અને ટિપ્પણ સાથે), ૬ ઔપપાતિક ઊવવાઈઅ સૂત્ર ( મૂળ ઇંગ્લિશ નોટ્સ સાથે ), ૭ સૂત્ર કૃતાંગ સૂત્ર (મૂળ ઇંગ્લિશ નોટ્સ સાથે).

તૈયાર ગ્રંથો વી. પી. થી મંગાવી લેવા અને તૈયાર થતાં ગ્રંથોની ગ્રાહક શ્રેણિમાં નામ નોંધાવવા દરેક નકલ પાછળ રૂ. ૧ મોકલવા શીઘ્રતાજ કરવી હિતાવહ છે.

**મળવાનું ઠેકાણું—** **१ आर्हतमतप्रभाकर कार्यालय, पूना सिटी.**

**२ जैन साहित्य संशोधक कार्यालय, एलिस ब्रिज्, अमदावाद.**

**३ शा. शंभुलाल जगशीभाई ठे. उस्मानपुरा, पुरातत्त्व मंदिर, अमदावाद.**

**४ मेसर्स मोतीलाल बनारसीदास, ठे. सय्यद मिठा बजार, लाहोर, (पंजाब).**

**५ हिंदी साहित्य कार्यालय, सिरोही (राजपुताना).**

**६ मेसर्स नारायण चिंतामण आठवले, बुकसेलर, वडोदरा.**

**७ श्री यशोविजयजी जैन ग्रंथमाला, ठे. हेरिसरोड, भावनगर.**

---

ગુજરાતી અને હિંદી સરલ ભાષાના લોકપ્રિય લેખકો તથા સુપ્રસિદ્ધ વિદ્વાનોના મનનીય લેખોનો અભ્યાસ કરવો હોય, દુનિયામાંના નવીન સમાચારો તેમજ આશ્ચર્યકારક આધુનિક શોધો જાણવા હોય તથા જૈન ખબરો સાંગોપાંગ વાંચવી હોય તો


## જૈન-જીવન પત્રના આજેજ ગ્રાહક બનો

### कारण

જૈન સમાજના અભ્યુદયાર્થે અને જૈનધર્મના પ્રસારમાટે સામાજીક, ધાર્મિક, નૈતિક તેમજ ઐતિહાસિક અને વૈજ્ઞાનિક વિષયો ઉપરાંત બીજા પણ અનેક વિષયોની નીતિ, ન્યાય અને સ્વતંત્રતાપૂર્વક નિર્ભયપણે ચર્ચાઓ ચલાવી નવીન પ્રકાશ પાડનારૂં પ્રગમનશીલ પાક્ષિક પત્ર ફક્ત આજ છે. અને હાલમાં વિદ્યાનું કેંદ્ર બનેલાં પૂના શહેરમાંથી પ્રસિદ્ધ થતું હોવાથી કોઇપણ પક્ષના લેખકને પોતાના પ્રામાણિક વિચારો આજ પત્ર-દ્વારા બહુજનસમાજ સમક્ષ રજુ કરવાની સુસંધી મળે છે. **વાર્ષિક લવાજમ ટપાલખર્ચ સાથે રૂ.૨-૮-૦**

**प्राप्तिस्थान—व्यवस्थापक जैन जीवन,**

**पूना शहर.**



# માત્ર રૂપીઆ ૩ ત્રણ.

## મૉડર્ન રેગ્યુલેટર કલૉક.


જર્મનીથી હમણાંજ મંગાવેલું. ગેરંટી વર્ષ ત્રણની ઉત્તમ વૉલનટનાં બનાવેલ ઘરવાળું મજબુત સાંચા-કામ અને કારીગરીવાળું દિવાલ અને મેજ પર ગોઠવી શકાય છે. કિંમત ફક્ત રૂપીઆ ૩ ત્રણ. પેન્ડુલમ સીસ્ટમથી ચાલે છે.

હમણાંજ લખો—

**વી. એસ. વૉચ કું.**

**પી. બી. ૧૦૫, મદ્રાસ.**

આ ઑફર મફત!!




આ ઑફર મફત!!

અમારા અઢાર કેરેટ રોલ્ડગોલ્ડ તારા લીવર "રજીસ્ટર્ડ" ખીસા ઘડીઆળના ખરીદનારાઓને, અમારૂં "C" સી રજીસ્ટર્ડ ટાઇમપીસ મફત આપીએ છીએ. આ ઑફર માત્ર થોડા વખતની છે. હમણાં જ લખો. ખીસા ઘડીઆળ માટે તેના ડાયલ પર બનાવનારાઓની પાંચ વર્ષની ગેરંટીની સ્ટેમ્પ આપવામાં આવેલ છે.

(કિંમત રૂ. ૫)

લખો:— **કેપ્ટન વૉચ કું.** પોસ્ટ બોક્ષ ૨૬૫ મદ્રાસ.

**CAPTAIN WATCH COY.**

**P. B. 265, MADRAS.**

તૈયાર છે ! સત્વરે મંગાવો !

# "જૈન ગૂર્જર કવિઓ."

## આશરે ૧૦૦૦ પૃષ્ટનો દલદાર ગ્રંથ.

**ગુર્જર સાહિત્યમાં જૈનોએ શું ફાળો આપ્યો છે તે તમારે જાણવું હોયતો આજેજ ઉપરનું પુસ્તક મંગાવો.**

"જૈન ગૂર્જર કવિઓ" એટલે શું ? ગુજરાતી ભાષાના આદિ કવિ કોણ ? યુગ પ્રવર્તકો કોણ ? જૈન રાસાઓ એટલે શું ? ગુજરાતી ભાષાની ઉત્પત્તિ અને વિકાસ કેવી રીતે થયા ?

આ પુસ્તક જૈન સાહિત્યનો મહાસાગર છે કે જેમાં રહેલા અનેક જૈન કવિ રત્નોને પ્રકાશમાં લાવી ગુર્જર ગિરાનો વિકાસક્રમ આલેખવા તેના **સંગ્રાહક અને પ્રયોજક શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઇએ** અથાગ પરિશ્રમ લીધો છે. તેમાં અપભ્રંશ સાહિત્યનો તથા પ્રાચીન ગુજરાતીનો ઇતીહાસ, જૈન કવિઓ–ના ઐતિહાસિક અતિ ઉપયોગી મંગલાચરણો તથા અંતિમ પ્રશસ્તિઓ, તેમજ અગ્રગણ્ય કવિઓના કાવ્યોના નમુનાઓ આપવામાં આવ્યા છે. દરેક કવિની સર્વ કૃતિઓનો–ઉલ્લેખ તથા સમય નિર્દેશ કરવામાં આવ્યા છે. **કિંમત રૂ. ૫–૦–૦. પ્રથમ ભાગ**–માત્ર જુજ પ્રતો હોઇ દરેકે પોતાનો ઑર્ડર તુરત નોંધાવી મંગાવવા વિનંતિ છે.

૨૦ પાયધુની,
ગોડીજીની ચાલ
પહેલે દાદરે,
મુંબાઈ નંબર ૩.

લખો:—

**મેસર્સ મેઘજી હીરજી બુકસેલર્સ.**

અનેક વ્યવસાયોમાં ભૂલી ન જતા

# જૈનબંધુઓને વિજ્ઞપ્તિ.

શ્રી પાલિતાણા ખાતે આવેલું **શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ** છેલ્લાં ૨૧ વર્ષથી જૈનકોમનાં બાળકોને વ્યાવહારિક અને ધાર્મિક શિક્ષણ આપવા યથાશકિત સતત્ પ્રયાસ કર્યે જાય છે. હાલ સાઠ વિદ્યાર્થીઓ આ સંસ્થાનો લાભ લે છે. આ વર્ષે આઠ વિદ્યાર્થીઓ મેટ્રીકની પરીક્ષામાં બેઠા હતા તેમાં ત્રણ તેમના ઐચ્છિક વિષયોમાં તથા પાંચ વિદ્યાર્થીઓ બધા વિષયોમાં પાસ થયા છે. જેઓ સૌ મુંબઇ ખાતે શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં દાખલ થવા ભાગ્યશાળી થયા છે.

આપ સૌ જાણો છો તે પ્રમાણે સંવત ૧૯૮૨ ની ચૈત્રી પુનમથી પાલિતાણાની તીર્થયાત્રા બંધ છે તેથી આ સંસ્થાની આવક ઘણીજ ઘટી ગઇ છે. ઉદાર જૈનકોમ પોતાની અનેક સંસ્થાઓ ચલાવે જાય છે. તો આપ સૌ પ્રત્યે અમારી નમ્ર અરજ છે કે આપને અમે ન પહોંચી શકીએ તો આપ સામે પગલે ચાલીને આપનો ઉદાર હાથ લંબાવી સંસ્થાને આભારી કરશો.

લી. સેવકો,

માનદ્ મંત્રીઓ.

**શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ,**

**પાલિતાણા.**

જાહેર ખબર માટે ભાડે આપવાનું છે.

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બૉર્ડનું
### વિશાળ કાર્યક્ષેત્ર.

૧ સદરહુ બૉર્ડ નવી તેમજ ચાલુ પાઠશાળાઓને મદદ આપી પગભર કરે છે.

૨ જે વિદ્યાર્થીઓ અભ્યાસ આગળ વધારવા માગતા હોય પણ નાણાની સગવડ ના હોય તેમને સ્કૉલરશીપો આપી ઉચ્ચ કેળવણી અપાવે છે.

૩ બાલકો, બાલીકાઓ, સ્ત્રીઓ તેમજ પુરૂષોની હરીફાઇની ધાર્મિક પરીક્ષા દરવર્ષે ડીસેમ્બરમાં લે છે. અને લગભગ રૂ. ૧૦૦૦નાં ઇનામો દરવર્ષે વ્હેંચી આપે છે.

૪ ઉચ્ચ કેળવણી માટે ખાસ સગવડ કરી આપે છે.

૫ વાંચનમાળાઓ તૈયાર કરાવરાવે છે.

૬ બીજા પરચુરણ કામો પણ કરે છે.

આ ખાતાના લાઇફ મેમ્બરો અને સહાયક મેમ્બરોની આર્થિક મદદથી ઉપરનાં કાર્યો થાય છે. આ ખાતાને રકમો મોકલવી તે પોતાની જાતને ચેતન આપવા બરાબર છે.

—: મેમ્બરો માટે :—

લાઇફ મેમ્બર થવાને રૂ. ૧૦૦) એકી વખતે સહાયક મેમ્બર થવાને દર વર્ષે ફક્ત રૂ. પાંચ જ આપવાના છે.

૨૦ પાયધુની, મુંબઈ ૩. } ઓન. સેક્રેટરીઓ, **શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.**

---

**રાજા મહારાજાઓ**

નવાબ સાહેબો, નામદાર સરકારના ધારાસભાના ઓનરેબલ મેમ્બરો, સેશન્સ જજો, કમાન્ડર ઈન ચીફ બરોડા ગવર્નમેન્ટ, જનરલો, કર્નલો, મેજરો, કેપ્ટનો, નામદાર લેટ વાઇસરાયના લેટ ઓનરરી એ. ડી. સી., પોલીટીકલ એજન્ટો, સરકારી યુરોપીયન સીવીલીયન ઓફીસરો, યુરોપીયન સીવીલ સરજ્યનો, એમ. ડી. ની ડીગ્રી ધરાવનારા મોટા ડાકટરો તથા દેશી અને યુરોપીયન અમલદારો અને ગૃહસ્થોમાં **બાદશાહી યાકુતી** નામની જગજાહેર દવા બહુ વપરાય છે એજ તેની ઉપયોગીતાની નીશાની છે—ગવર્નમેન્ટ લેબોરેટરીમાં આ રજવાડી દવ એનાલાઈઝ થયેલ છે.

# બાદશાહી યાકુતી

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે. પુરૂષાતન કાયમ રાખે છે. આ રાજવંશી યાકુતી વીર્ય વીકારના તમામ વ્યાધી મટાડે છે અને વીર્ય ઘટ્ટ બનાવી ખરૂં પુરૂષાતન આપે છે. ખરી મરદાઈ આપનાર અને નબળા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે. આ દવા વાપરવામાં કોઈપણ જાતની પરેજીની જરૂર નથી. ૪૦ ગોલીની ડબી એકના રૂપીયા દશ.

**ડાકટર કાલીદાસ મોતીરામ. રાજકોટ–કાઠીયાવાડ.**

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય

## શ્રી સારાભાઈ મગનભાઈ મોદી લોન–સ્કોલરશીપ ફંડ.

આ ફંડમાંથી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સ્ત્રી કે પુરૂષ વિદ્યાર્થીને નીચે મુજબ અભ્યાસ કરવા માટે આર્થિક સહાય લોનરૂપે આપવામાં આવે છેઃ—

(૧) હાઇસ્કુલમાં અંગ્રેજી ચોથા ધોરણથી અંગ્રેજી સાતમા ધોરણ સુધીના અભ્યાસ માટે.

(૨) ટ્રેઇનીંગ કોલેજમાં અભ્યાસ કરી ટ્રેઇન્ડ શિક્ષક થવા માટે.

(૩) મિડવાઇફ કે નર્સ થવા માટે.

(૪) હિસાબી જ્ઞાન, ટાઇપરાઇટીંગ, શોર્ટહેન્ડ, વિગેરેના અભ્યાસ માટે.

(૫) કળા કૌશલ્ય એટલે ચિત્રકળા, ડ્રોઇંગ, ફોટોગ્રાફી, ઇજનેરી, વિજળી ઇત્યાદીના અભ્યાસ માટે.

(૬) દેશી વૈદ્યકની શાળા કે નેશનલ મેડીકલ કોલેજમાં અભ્યાસ કરવા માટે.

લોન તરીકે મદદ લેનારે લિખિત કરારપત્ર કરી આપવું પડશે. કમીટીએ મુકરર કરેલ ધાર્મિક અભ્યાસ કરવો પડશે. અને કમાવાની શરૂઆત થતાં જે મદદ લીધી હોય તે તેના મોકલવાના ખર્ચ સહીત વગર વ્યાજે પાછી વાળવાની છે.

વિશેષ જરૂરી વિગતો માટે તથા અરજી પત્રક માટે લખોઃ—

ગોવાળીઆ ટેંકરોડ, ગ્રાંટરોડ, મુંબઈ } ઓનરરી સેક્રેટરી, **શ્રી મહાવીર જૈન વિદ્યાલય.**


આ પત્ર મુંબઈની શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ માટે ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસ, અમદાવાદમાં પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું અને હરિલાલ નારદલાલ માંકડે જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઑફીસ, ૨૦ મુંબઈમાંથી પ્રગટ કર્યું.